CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ જૂન ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ સુદ ૧૧ | અંક : ૩૩૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

મૃતકોના પરિજનોને માટે ઇઝ્મ્ની મોટી જાહેરાત | ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા લોકોની મદદ કરવા માટે 'RCB Cares' નામથી એક વિશેષ ફંડ શરૂ કરાશે : નાસભાગની ઘટનામાં ૧૧ લોકોના મોત થયા હતા

## બેંગલુરુ નાસભાગ : મૃતકોના પરિજનોને ૧૦-૧૦ લાખનું વળતર આપશે RCB

। (એજન્સી) બેંગલુરુ, તા.૫ ।

આઈપીએલ-૨૦૨૫માં ચેમ્પિયન બનેલી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ની જીત માટે ગઈકાલે (૪ જૂન) બેંગલુરુના એમ.ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ઉજવણીનું આયોજન કરાયું હતું, જેમાં નાસભાગની ઘટના બનતા ૧૧ લોકોના મોત અને ૩૩ લોકો ઈજાગ્રસ્ત થયા હતા, ત્યારે આ ઘટના મામલે આરસીબીએ દુઃખ વ્યક્ત કરવાની સાથે મૃતકોના પરિવારજનોને આર્થિક સહાય આપવાની મોટી જાહેરાત કરી છે. રોયલ ચેલેન્જર બેંગલુરુના ફ્રેન્ચાઈઝીએ સત્તાવાર નિવેદનમાં કહ્યું છે કે, 'બેંગલુરુની નાસભાગની ઘટનામાં મૃત્યુ પામેલાઓ ૫ રિવારજનોને ૧૦-૧૦ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે. આ ઉપ રાંત ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા લોકોની મદદ કરવા માટે 'RCB Cares' નામથી એક વિશેષ ફંડ શરૂ કરાશે.' આરસીબીએએ એમ પણ કહ્યું છે કે, 'અમારા ચાહકો હંમેશા અમારા દિલની નજીક છે. આ દુઃખ સમયમાં આપ શે એક છીએ અને અમે સંપૂર્ણ સંવેદના અને સમર્થન સાથે પીડિતો સાથે ઉભા છીએ.'

ઉલ્લેખનીય છે કે, બેંગલુરના સ્ટેડિયમમાં નાસભાગની ઘટનામાં ૧૧ લોકોના મોત અને ૩૩ લોકોને ઈજા થઈ હતી. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કહ્યું હતું કે, સ્ટેડિયમમાં ૩૫ હજારની ક્ષનતા હતી, પરંતુ બહાર ત્રણ લાખથી વધુ લોકો આવ્યા હતા.

ઘટનાનો મામલે હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. કર્ણાટક સરકારે હાઈકોર્ટમાં કહ્યું કે, સ્ટેડિયમ અને તેની આસપાસ કાયદો અને



વ્યવસ્થાની દેખરેખ રાખવા માટે શહેરના પોલીસ કમિશનર, ડીસીપી અને એસીપી સહિત ૧૦૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ તહેનાત હતા. જ્યારે એક દિવસ પહેલા નાયબ મુખ્યમંત્રી ડી.કે.શિવકુમારે દાવો કર્યો હતો કે, ભીડને નિયંત્રણમાં રાખવા માટે ૫૦૦૦ પોલીસ કર્મચારીઓ હાજર હતા. ૧૮ વર્ષ સુધી લાંબી રાહ જોયા બાદ આઈપીએલ ટ્રોફી અને શહેર આખામાં જશ્નની તૈયારી હતી, પણ આરસીબીની ઐતિહાસિક જીતનો આ જશ્ન માતમમાં ફેરવાઈ ગયો. જ્યારે ચિન્નાસ્વામી સ્ટેડિયમ બહાર ભીડ બેકાબૂ થઈ ગઈ અને ભાગદોડમાં ૧૧ લોકોનાં મોત થઈ ગયાં. જ્યારે ૨૭થી વધારે લોકો ઘાયલ થઈ ગયા. પ્રશાસનને જ્યાં ૨ લાખ લોકોની ભીડનું અનુમાન હતું, ત્યાં લગભગ ૬ લાખ લોકો મેદાન બહાર એકઠા થઈ ગયા. સ્થિતિ એવી થઈ કે ૩૨૦૦૦ની ક્ષમતાવાળા સ્ટેડિયમમાં લગભગ ૧ લાખ લોકો જેમ તેમ કરીને ઘૂસી ગયા. સ્ટેડિયમમાં પ્રવેશ માટે કેટલાય ગેટ હતા, પણ અફરાતફરી ફક્ત ત્યારે મચી ગઈ, જ્યારે ભીડનું પ્રેશર એક જ ગેટ પર આવી ગયું. પોલીસ અને સ્ટેડિયમ પ્રશાસને તરત લોકોને રોકવાની કોશિશ કરી, પણ લોકોએ કોઈની વાત સાંભળી નહીં. કેટલાય તો દીવાલ કૂદીને અંદર ઘૂસતા દેખાયા. એક અધિકારીએ જણાવ્યું કે, "લોકો કોઈ પણ કિંમતે અંદર જવા માગતા હતા. તેમણે દરવાજો પણ ન જોયો, બસ આગળ વધતા રહ્યા." સ્થાનિક લોકોએ કહ્યું કે, "ત્યાર બાદ પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો, જેના કારણે અફરાતફરી મચી ગઈ."બહારનો માહોલ એકદમ જશ્ન જેવો હતો, લાખો લોકો ઢોલ નગારા પર નાચી રહ્યા હતા. ફટાકડા ફોડતા હતા અને વિરાટ કોહલી, ફાફ ડુ પ્લેસિસ જેવા ખેલાડીઓના કટઆઉટ પર માળા ચડાવી રહ્યા હતા. પણ જેવી ભીડ વધી અને બેકાબૂ થઈ કે ખુશીઓ ચીસોમાં બદલાઈ ગઈ. પોલીસની ચેતવણી અને બેરિકેડ્સને પાર કરતા લોકો સ્ટેડિયમ તરફ તૂટી પડ્યા. આ દુર્ઘટનામાં કેટલાય લોકો ઘાયલ પણ થયા હતા.

## મૃતકના ભાઈ વિપિને આરોપ લગાવ્યો કે શિલોંગમાં એક મોટી ગેંગ સક્રિય છે

। ઇન્દોર, તા.૫ ।

શિલોંગમાં હનીમૂન પર ગયેલા ઈન્દોરના દંપતી રાજા રઘુવંશીના રહસ્યમય મૃત્યુ અને તેમની ગુમ થયેલી પત્નીના કિસ્સાએ સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચાવી દીધી છે. પત્ની વિશે માહિતી ન મળવાને કારણે પરિવાર હેરાન છે. દરમિયાન મૃતકના ભાઈ વિપિન રઘુવંશીએ શિલોંગ વહીવટીતંત્ર અને પોલીસ પર ગંભીર આરોપો લગાવ્યા હતા. તેમણે સમગ્ર મામલાની સીબીઆઈ તપાસની પણ માંગ કરી હતી. વિપિને કહ્યું કે, શિલોંગમાં તેમની સાથે ભય અને દબાણનું વાતાવરણ સર્જાયું હતું. વહીવટીતંત્રે રિપોર્ટ દાખલ કરવામાં પણ સહકાર આપ્યો ન હતો. વિપિને આરોપ લગાવ્યો કે શિલોંગમાં એક મોટી ગેંગ સક્રિય છે, જે પુરુષ પ્રવાસીઓને મારી નાખે છે અને તેમની પત્નીઓ અથવા મહિલા સાથીઓને વેચી નાંખે છે. તેમણે એમ પણ કહ્યું કે ગયા મહિને પણ શિલોંગથી એક દંપતી ગુમ થયું હતું, પરંતુ સ્થાનિક પોલીસે ફરિયાદ પણ નોંધી ન હતી.

## કોરોના કેસના એક્ટિવ કેસનો આંકડો પાંચ હજારની નજીક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દેશમાં કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે. દેશભરમાં કોરોનાના એક્ટિવ કેસોની સંખ્યા વધીને ૪,૮૬૬ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં ૫૬૪ નવા કેસ નોંધાયા છે. કોરોનાને કારણે સાત લોકોએ જીવ ગુમાવ્યા છે. દિલ્હીમાં ૧૦૫ નવા કેસ નોંધાયા છે. ૩૯૫૫ લોકો સ્વસ્થ પણ થયા છે. સરકારી આંકડા અનુસાર, દિલ્હીમાં કુલ ૫૬૨ કોરોનાના સક્રિય કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં બે દર્દીઓના મોત થયા છે. જેમાં પાંચ મહિનાની એક બાળકી અને ૮૭ વર્ષનો એક પુરુષનો સમાવેશ થાય છે. બાળકીને શ્વાસ લેવામાં



તકલીફની સાથે ન્યુમોનિયા પણ હતો. આ ઉપરાંત ૮૭ વર્ષીય વૃદ્ધને હૃદય અને કિડનીની સમસ્યાઓ સહિત અન્ય સમસ્યાઓ પણ હતી. કર્ણાટકમાં એક ૬૫ વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું છે. તેમને બ્લડ પ્રેશરની સમસ્યા હતી અને તેઓ છેલ્લા ચાર મહિનાથી કીમોથેરાપી લઈ રહ્યો હતો. આ ઉપરાંત ૪૨ વર્ષીય એક પુરુષ જે કોરોના પોઝિટિવ દર્દી હતો તેનું પણ મૃત્યુ થયું છે. મહારાષ્ટ્રમાં જે લોકોએ જીવ ગુમાવ્યો છે તેમાં બે ૭૩ વર્ષીય વૃદ્ધ અને એક ૭૯ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. ત્રણેય કોરોના પોઝિટિવ હતા પરંતુ તેમને અન્ય રોગો પણ હતા. અન્ય રાજ્યોની વાત કરીએ તો કેરળમાં સૌથી વધુ ૧૪૮૭ સક્રિય કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૧૧૪ નવા કોરોના કેસ નોંધાયા છે. દિલ્હી, મહારાષ્ટ્ર, બંગાળ અને ગુજરાતમાં પણ ૫૦૦થી વધુ સક્રિય કેસ છે.

## કર્ણાટક હાઈકોર્ટે બેંગ્લુરૂ નાસભાગ મામલે રાજ્ય સરકારને નોટિસ ફટકારી

। (એજન્સી) બેંગ્લુર, તા.૫ ।

બેંગ્લુરૂના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં બુધવારે આઈપીએલ ૨૦૨૫ની જીતની ઉજવણી દરમિયાન સર્જાયેલી નાસભાગની દુર્ઘટનામાં કર્ણાટક હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ ફટકારી છે. કર્ણાટક સરકારે હાઈકોર્ટને જણાવ્યું હતું કે, સ્ટેડિયમ અને તેની આસપાસના વિસ્તારોમાં કાયદો અને ટ્રાફિક વ્યવસ્થા જાળવવવા શહેરના પોલીસ સચિવ, ડીસીપી, અને એસપી સહિત ૧૦૦૦થી વધુ પ ોલીસ તૈનાત હતાં. પરંતુ ઉપ મુખ્યમંત્રી ડીકે શિવકુમારે દાવો કર્યો હતો કે, ભીડને કાબૂમાં લેવા ૫૦૦૦ પોલીસકર્મી તૈનાત હતાં. કર્ણાટક હાઈકોર્ટે એક્ટિંગ ચીફ જસ્ટિસ વી. કામેશ્વર રાવ અને જસ્ટિસ સીએમ જોષીની ડિવિઝન બેન્ચે સરકારને સવાલ કર્યો હતો કે, ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સન્માન સમારોહ દરમિયાન કોઈ દુર્ઘટના ઘટે તો તેના માટે કંઈ SOP (સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિઝર) તૈયાર કરી હતી? આ નાસભાગ પાછળનું કારણ જણાવતો અને દુર્ઘટના ન સર્જાય તે માટે કેવી તકેદારીઓ રાખવા અને સામનો કરવાની તૈયારીઓ સહિતનો રિપોર્ટ રજૂ કરો. આ રિપોર્ટ ૧૫ દિવસની અંદર રજૂ કરવા આદેશ છે. કર્ણાટક સરકારે હાઈકોર્ટમાં જણાવ્યું હતું કે, બેંગ્લુરૂમાં ચિન્નાસ્વામી સ્ટેડિયમની ક્ષમતા ૩૦,૦૦૦ લોકોની હતી. ૫ રંતુ ૨.૫ લાખ લોકો સ્ટેડિયમની બહાર ઉમટી પડ્યા હતાં. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અમે ૧૪૦૦ જેટલા પોલીસ કર્મીઓ તૈનાત કર્યા હતાં. પરંતુ અચાનક વધુ પડતી ભીડ ઉમટી પડતાં નિયંત્રણ ગુમાવ્યું હતું. કેન્દ્ર સરકાર તરફથી દલીલ કરી રહેલા એડવોકેટ જનરલ શશિ કિરણ શેટ્ટીએ જણાવ્યુ હતું કે, સોશિયલ મીડિયા પર સ્ટેડિયમમાં ફ્રી એન્ટ્રી હોવાની અફવા વહેતી થઈ હતી. જેના લીધે ૨.૫ લાખ લોકો સ્ટેડિયમની બહાર ઉમટી પડ્યા હતાં. આ દુર્ઘટના માટે જવાબદાર કોઈને પણ છોડવામાં આવશે નહીં. મામલાની આગામી સુનાવણી ૧૦ જૂનના રોજ થશે. અરજદારના વકીલે હાઈકોર્ટમાં જણાવ્યું હતું કે, આરસીબીના ખેલાડીઓને સન્માનિત કરવાનો નિર્ણય કોના દ્વારા લેવામાં આવ્યો હતો.

## અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રીરામ દરબાર સહિત ૧૪ મૂર્તિઓની પણ થઈ પ્રતિષ્ઠા

। (એજન્સી) અયોધ્યા, તા.૫ ।

ભગવાન શ્રી રામની નગરી અયોધ્યા આજે બીજી વાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની સાક્ષી બની રહી છે. કારણ કે શ્રી રામ જન્મભૂમિ મંદિરના પ્રથમ માળે રામ દરબારની પ્રાણ પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ યોજાયો છે. ૩ જૂનથી શરૂ થયેલા આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો આજે અંતિમ દિવસ છે, ત્યારે મહોત્સવમાં ભાગ લેવા માટે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આજે રામ મંદિર પહોંચ્યા હતા. રામનગરી અયોધ્યા ફરી એકવાર ઐતિહાસિક ક્ષણની સાક્ષી બની છે. આજે સવારે ૧૧.૨૫ વાગ્યે અભિજિત મુહૂર્તમાં રામ મંદિરમાં રામ દરબારની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી છે. આ દરમિયાન મંદિર પરિસરમાં ભગવાનના શેષ અવતાર સહિત મા અન્નપૂર્ણા, ગણેશ, ભગવતી, ભગવાન શિવ, ભગવાન રામના પરિવારના દેવતા, ભગવાન સૂર્ય અને હનુમાનજીના મંદિર મળી



કુલ ૮ મંદિરોમાં ૧૪ મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા આજે પૂર્ણ થઈ છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા આયોજિત આ ત્રણ દિવસીય ધાર્મિક મહોત્સવની શરૂઆત ૩ જૂનથી થઈ હતી. જેમાં ગણેશ પૂજન, પ્રાયશ્ચિત કર્મ પૂજા અને મહિલાઓ દ્વારા ભવ્ય કળશ યાત્રા જેવી વિધિઓ યોજાઈ હતી. બીજા દિવસે યજ્ઞશાળામાં હવન, આરતી અને અન્નાધિવાસ, ઘૃતાધિવાસ, જલાધિવાસ જેવી વૈદિક વિધિઓનું આયોજન કરાયું હતું. આજે અંતિમ દિવસે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ પ્રાણ પ્રતિષ્ઠાની પ્રક્રિયામાં સહભાગી થયા હતા. આ વખતે ભગવાન શ્રીરામને રાજા રામના રૂપમાં તેમના પરિવાર - સીતા, લક્ષ્મણ, હનુમાન અને અન્ય સાથે રામ દરબારમાં સ્થાપિત કરવામાં આવ્યા છે. આજે અભિજિત મુહૂર્તમાં ૧૦૧ વૈદિક વિદ્વાનો દ્વારા વૈદિક રીત-રિવાજો સાથે રામ દરબારની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી છે. આ ઉપ રાંત, મંદિર પરિસરમાં આવેલા આઠ અન્ય મંદિરોમાં પણ દેવ વિગ્રહોની સ્થાપના કરવામાં આવી છે. આ શુભ અવસરે CM યોગી આદિત્યનાથ યજમાન બન્યા છે, તેઓ હેલિકોપ્ટર મારફતે અયોધ્યા પહોંચ્યા છે. CM યોગીએ વૈદિક આચાર્યોની હાજરીમાં રામ દરબારની પ્રાણ પ્રતિષ્ઠામાં ભાગ લઈ વિધિવત્ રીતે મંત્રોચ્ચાર સાથે ખાસ પૂજા કરી હતી. બાદમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે, આજે ગંગા દશેરાની પવિત્ર તિથિ છે, જેથી આજનો દિવસ ખૂબ જ મહત્વપૂર્ણ અને પ વિત્ર છે. મહારાજ ભગીરથની તપસ્યાને કારણે દિવ્ય નદીનું અવતરણ થયું અને મા ગંગાના કારણે, માત્ર મોક્ષ પ્રાપ્તિની ઈચ્છા જ નહીં, પરંતુ દરેક ભારતવાસીની ઈચ્છા પણ પૂર્ણ થઈ છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ચંપત રાયે જણાવ્યું કે, આ ધાર્મિક વિધિઓ માટે સામાન્ય ભક્તોને આમંત્રણ આપવામાં આવ્યું નથી, કારણ કે પ્રથમ માળ અને આસપ ાસના મંદિરો હજુ નિર્માણ હેઠળ છે. જોકે, રામ લલ્લાના દર્શન માટે મંદિર ખુલ્લું રહેશે. કાર્યક્રમને ધ્યાનમાં રાખીને અયોધ્યામાં ATS કમાન્ડો અને આર્મર્ડ વાહનો સાથે ઉચ્ચ સ્તરની સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી, જેથી આ ઐતિહાસિક ઘટના શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ છે.

## કોલકાતાથી અમદાવાદ કેમ ખસેડવામાં આવી IPLની ફાઇનલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

IPLની આ સિઝનની ફાઈનલ મેચ શરૂઆતમાં કોલકાતાના પ્રખ્યાત ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં યોજાવાની હતી. જ્યારે ટુર્નામેન્ટનું શેડ્યૂલ જાહેર થયું, ત્યારે બધાને લાગ્યું કે ફાઈનલ ત્યાં જ યોજાશે. ૫ રંતુ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવને કારણે IPL બંધ કરી દેવામાં આવી. બાદમાં સ્થિતિ સામાન્ય થતાં જ BCCI એ એક નવું શેડ્યૂલ જાહેર કર્યુ. આ નવી યોજનામાં પ્લેઓફ મેચોના સ્થળોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જ્યારે ખબર પડી કે ફાઈનલ મેચ હવે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાશે ત્યારે બધાને આશ્ચર્ય થયું. કોલકાતાના ક્રિકેટ ચાહકો માટે આ સમાચાર ખૂબ જ નિરાશાજનક હતા. પહેલા તેમની ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ ગ્રુપ સ્ટેજમાં બહાર થઈ ગઈ હતી, અને હવે ફાઈનલ મેચ પણ તેમના શહેરમાંથી ખસેડવામાં આવી હતી. આ નિર્ણય અંગે ઘણા પ્રશ્નો ઉભા થયા હતા, પરંતુ બીસીસીઆઈએ પાછળથી આનું કારણ સ્પષ્ટ કર્યુ.

જોકે, ૩ જૂનની રાત્રે કોલકાતામાં ખૂબ જ ભારે વરસાદ પડ્યો હતો. આ વરસાદ રાત્રે ૯ વાગ્યાથી લગભગ ૧ વાગ્યા સુધી ચાલુ રહ્યો. હવામાનની આગાહી પણ એવી હતી કે તે દિવસે વરસાદની શક્યતા છે. જો ફાઈનલ મેચ કોલકાતામાં હોત તો વરસાદને કારણે મેચ પૂર્ણ કરવી મુશ્કેલ બની હોત. તેનાથી વિપરીત અમદાવાદમાં વરસાદની સંભાવના માત્ર ૩ ટકા હતી અને ત્યાં વરસાદ પડ્યો ન હતો. તેથી મેચ સમયસર પૂર્ણ થઈ શકી.

BCCI સેક્રેટરી દેવજીત સૈકિયાએ ક્રિકબઝ સાથે વાત કરતા કહ્યું કે આ નિર્ણયમાં કોઈ રાજકારણ સામેલ નથી. તેમણે કહ્યું કે મેચને કોલકાતાથી અમદાવાદ ખસેડવાનો નિર્ણય ફક્ત હવામાનની માહિતીના આધારે લેવામાં આવ્યો હતો. જ્યારે અમદાવાદમાં ફાઈનલ રમાઈ રહી હતી.

### સામે એવો જવાબ મળ્યો કે દુનિયાભરનું ટેન્શન વધ્યું

## યુક્રેનના ડ્રોન એટેક બાદ ટ્રમ્પે પુતિનને કર્યો ફોન

। (એજન્સી) મોસ્કો, તા.૫ ।

યુક્રેને રશિયા પર જ્યારથી સૌથી મોટો ડ્રોન હુમલો કર્યો છે, ત્યારબાદથી ત્રણ વર્ષથી ચાલી રહેલું યુદ્ધ વધારે વિસ્ફોટક બની ચુક્યોછે. હવે આ વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનને ફોન લગાવ્યો હતો. આ ફોનકૉલ પર જે વાત થઈ, તેનાથી મોટા સંકેત સામે આવ્યા છે. પુતિને સ્પષ્ટ કરી દીધું કે, યુક્રેન પર એટેક થશે, ડ્રોન હુમલાનો બદલો લેવામાં આવશે. રશિયાના પ્રમુખ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું કે, વાતચીત સારી રહી, પરંતુ આ વાતચીત એવી નહતી જેનાથી શાંતિનો રસ્તો નીકળે. પુતિન તરફથી સ્પષ્ટ કહી દેવામાં આવ્યું કે, યુક્રેનના હુમલાનો જવાબ આપવામાં આવશે. પુતિન જવાબી કાર્યવાહી માટે ખૂબ અડગ છે અને તે આનાથી પીછેહઠ નહીં કરે.' આ દરમિયાન બંને નેતાઓ વચ્ચે ઈરાનની ન્યૂક્લિયર ડીલને લઈને પણ ચર્ચા થઈ છે. આ વિશે ટ્રમ્પે લખ્યું કે, પુતિન પણ આ વિશે વાતચીતમાં ભાગ લેશે અને કદાચ ઈરાન સાથે કોઈ નિષ્કર્ષ પણ નીકળી શકે છે. આ કરારને લઈને ઈરાન હજુ ધીમું છે. પરંતુ, અમને જલ્દી અને ઓછા સમયમાં એક યોગ્ય જવાબ જોઈએ છે.' નોંધનીય છે કે, ટ્રમ્પ અને પુતિન વચ્ચે ગત મહિને ૧૯ મેના દિવસે પણ વાત કરી હતી, તે સમયે પણ યુદ્ધવિરામને લઈને ચર્ચા થઈ હતી. પરંતુ, બાદમાં યુક્રેન દ્વારા કરાયેલા હુમલા બાદ બધું બદલાઈ ગયું અને વાતચીતનો રસ્તો પણ બંધ થઈ ગયો.

### ૨૦૩૦ સુધીમાં ૩૫,૦૦૦ લોકોને છટણી કરવાની યોજના

## ફોક્સવેગન મોટા પાયે લોકોને છટણી કરવા જઈ રહી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

જર્મન કાર નિર્માતા કંપની ફોક્સવેગન મોટા પાયે લોકોને છટણી કરવા જઈ રહી છે. કંપની ૨૦૩૦ સુધીમાં જર્મનીમાં ૩૫,૦૦૦ લોકોને છટણી કરવાની યોજના ધરાવે છે. કંપની પૈસા બચાવવા માટે આ પગલું ભરવા જઈ રહી છે કારણ કે ઘણી કંપનીઓ ૫ હેલાથી જ અમેરિકન ટેરિફને કારણે પડકારોનો સામનો કરી રહી છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફોક્સવેગનના ૨૦,૦૦૦થી વધુ કર્મચારીઓ સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને તેમની નોકરી વહેલા છોડવા સંમત થયા છે. તાજેતરમાં વોલ્ફસબર્ગમાં કંપનીના મુખ્યાલયમાં યોજાયેલી એક બેઠકમાં એવું બહાર આવ્યું છે કે લોકોના જીવન પર છટણીની અસર ઘટાડવા માટે કંપની તેમને સ્વૈચ્છિક નિવૃત્તિ અથવા સમય પહેલાં સ્વૈચ્છિક નિવૃત્તિનો વિકલ્પ આપી રહી છે. કામદારોની સરળતા માટે કંપની છટણીથી પ્રભાવિત કર્મચારીઓ માટે સેવરેન્સ પેકેજની પણ વ્યવસ્થા કરી રહી છે. આ એક પ્રકારનું વળતર છે જે કંપની અથવા નોકરીદાતા નોકરી છોડ્યા પછી અથવા નોકરી છોડ્યા પછી કર્મચારીને આપે છે.

### રાજ ઠાકરેએ હિન્દી નો ખુલ્લેઆમ વિરોધ કર્યો

## પહેલા ધોરણથી ફક્ત મરાઠી-અંગ્રેજી જ ભણાવો

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

મહારાષ્ટ્રમાં છેલ્લા કેટલાક મહિનાઓથી શાળા શિક્ષણમાં હિન્દી ફરજિયાત શીખવવા અંગે ઘણી મૂંઝવણ ચાલી રહી છે. દરમિયાન, બુધવારે, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) ના પ્રમુખ રાજ ઠાકરેએ રાજ્યના શિક્ષણમંત્રી દાદાજી ભૂસેને લેખિત આદેશ જારી કરવા માટે પત્ર લખ્યો હતો. જેમાં તેમણે કહ્યું હતું કે, પહેલા ધોરણથી ફક્ત બે ભાષાઓ, મરાઠી અને અંગ્રેજી, ફરજિયાત કરવી જોઈએ, જ્યારે હિન્દીને વૈકલ્પિક ભાષા તરીકે રાખવી જોઈએ. એપ્રિલ મહિનામાં, મહારાષ્ટ્ર સરકારે તમામ મરાઠી અને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે ત્રીજી ભાષા તરીકે હિન્દીનો અભ્યાસ ફરજિયાત બનાવ્યો હતો. આ નિર્ણયનો મનસે સહિત ઘણા પક્ષોએ વિરોધ કર્યો હતો. વિરોધ બાદ, સરકારે આ નિર્ણય પર રોક લગાવી દીધી હતી. રાજ ઠાકરેએ બુધવારે રાજ્યના શાળા શિક્ષણ મંત્રી દાદાજી ભૂસેને અપીલ કરી હતી કે તેઓ શક્ય તેટલી વહેલી તકે એક લેખિત આદેશ જારી કરે જેમાં જણાવવામાં આવે કે ધોરણ ૧ થી ફક્ત બે ભાષાઓ, મરાઠી અને અંગ્રેજી શીખવવામાં આવશે અને હિન્દીને ત્રીજી ભાષા તરીકે ફરજિયાત બનાવવામાં આવશે નહીં. આ અંગે રાજ ઠાકરેનું કહેવું છે કે, અમારી પાસે માહિતી છે કે હિન્દી સહિત ત્રણ ભાષાઓ શીખવવાના અગાઉના નિર્ણયના આધારે, હિન્દી ભાષાના પાઠ્યપુસ્તકોનું છાપકામ શરૂ થઈ ગયું છે.

### ફુડ સેફ્ટી કાયદાની કલમ-૫૬ હેઠળ રૂ. એક લાખ દંડની જોગવાઇ કાયદામાં કરવામાં આવેલ છે

# આણંદમાં ફરી એક વાર પિત્ઝામાંથી મરેલી માખી અને વાળ નીકળ્યા

। (એજન્સી) આણંદ,તા.૫ ।

ફૂડમાંથી વારંવાર માખી અને વાળ નીકળવાની ઘટના બનતી હોય છે ત્યારે આણંદમાં ફરી એક વાર પિત્ઝામાંથી મરેલી માખી અને વાળ નીકળ્યો હતો, જાણીતી હોટલમાં વાળ અને માખી નીકળતા ગ્રાહક પણ અકળાઈ ગયો હતો તો રોષે ભરાયેલા ગ્રાહકે વીડિયો બનાવીને સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો, અને હોટેલ સંચાલક સામે કાર્યવાહીની માગ કરી હતી. અવાર-નવાર આવી ઘટનાઓ બને છે ત્યારે આણંદનું ફૂડ વિભાગ હોટલના સંચાલક સામે કોઈ પગલા ભરશે કે નહી તે એક સવાલ છે, હોટલના સંચાલકે ગ્રાહકને સરખો જવાબ પણ આપ્યો નહી હોવાની વાત સામે આવી છે. જે માટે આ તંત્ર દ્વારા હોટલો-રેસ્ટોરન્ટ-ધાબાઓને ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ, ૨૦૦૬ અને તે અન્વયેના ફુડ સેફ્ટી & સ્ટાન્ડર્ડસ (લાયસન્સીગ & રજીસ્ટ્રેશન) રેગ્યુલેશન,૨૦૧૧ના શિડ્યુલ -IV મુજબની હાયજીન એન્ડ સેનીટેશનની જોગવાઈઓનુ પાલન થાય તે માટે ઈન્સપેકશન કરી જરૂર પડે ઈમ્પ્રુવમેંટ નોટીસ આપવામાં આવે છે.જો આ નોટીસની સુચનાઓનુ પાલન ન કરવામા આવે તો લાયસન્સ/રજીસ્ટ્રેશન રદ કરી પેઢીને જાહેર હિતમાં બંધ કરાવવામાં આવે છે અને ફુડ સેફટી કાયદાની કલમ-૫૬ હેઠળ રૂ. એક લાખ દંડની જોગવાઈ કાયદામાં કરવામાં આવેલ છે.તૈયાર ખોરાકમાં જીવ જંતુઓ ન પડે તેની પ્રાથમિક જવાબદારી ભોજન બનાવી પિરસતા હોટલો-રેસ્ટોરન્ટ-ધાબા-કેંટીન-ભોજનાલયો ચલાવતા વેપારીઓની છે. જે માટે તેઓએ રસોડાની સાફ સફાઈ સતત કરાવવી, બારીઓ અને એક્જોહસ્ટ પંખા પર નેટથી કવર કરવા, દરવાજામાં જીવ જંતુઓ પ્રવેશ ન કરે તે માટે કવર કરવા, યોગ્ય જગ્યાએ ફ્લાય કેચર્સ રાખવા, ડ્રેનેજ સિસ્ટમને કવર કરવી, ઓથરાઈજ એજન્સી પાસે સમયાંતરે પેસ્ટ કંટ્રોલ કરાવવી તથા તેનો રેકર્ડ સાચવવો વિગેરે જેવી બાબતોનુ ખાસ તકેદારી રાખવાની રહે છે. ગ્રાહકોએ જમતા પહેલા હોટલ-રેસ્ટોરન્ટ-ધાબાના રસોડાની સ્વચ્છતા જોઈ ચકાસી જમવાનો આગ્રહ રાખવો જોઈએ. આ તંત્ર દ્વારા હાઈજીન રેટીંગ સ્કીમ હેઠળ હોટલ-રેસ્ટોરન્ટ-ધાબાઓને હાઈજીન અને સેનીટેશન બાબતે થર્ડ પાર્ટી ઓડીટ કરી તાલીમ આપી રાજ્યમાં હોટલ/રેસ્ટોરન્ટના હાયજીન રેટિંગ કરવામાં આવેલ છે જેના થકી ગ્રાહકોને હોટલની પસંદગી કરી શકે છે. જો કોઈ ગ્રાહકને તેઓને પીરસેલા કોઈ ખોરાકમાં જીવ જંતુઓ મળી આવે તો તેઓએ જેતે કોર્પોરેશન /જીલ્લાની ફુડ વિભાગની ઓફીસનો ફરિયાદ કરી શકાય છે. ગ્રાહકોએ જમતા પહેલા હોટલ-રેસ્ટોરન્ટ-ધાબાના રસોડાની સ્વચ્છતા જોઈ ચકાસી જમવાનો આગ્રહ રાખવો જોઈએ. આ તંત્ર દ્વારા હાઈજીન રેટીંગ સ્કીમ હેઠળ હોટલ-રેસ્ટોરન્ટ-ધાબાઓને હાઈજીન અને સેનીટેશન બાબતે થર્ડ પાર્ટી ઓડીટ કરી તાલીમ આપી રાજ્યમાં હોટલ/રેસ્ટોરન્ટના હાયજીન રેટિંગ કરવામાં આવેલ છે જેના થકી ગ્રાહકોને હોટલની પસંદગી કરી શકે છે. જો કોઈ ગ્રાહકને તેઓને પીરસેલા કોઈ ખોરાકમાં જીવ જંતુઓ મળી આવે તો તેઓએ જેતે કોર્પોરેશન /જીલ્લાની ફુડ વિભાગની ઓફીસનો ફરિયાદ કરી શકાય છે. વધુમા રાજ્ય કક્ષાએ કાર્યરત ફુડ સેફ્ટી હેલ્પડેસ્કના ટોલ ફ્રી નબર: ૧૮૦૦૨૩૩૫૫૦૦, ૧૪૪૩૫ તથા મોબાઈલ નબર ૯૦૯૯૦૧૩૧૧૬, ૯૦૯૯૦૧૨૧૬૬ અથવા હેલ્પ ડેસ્કના ઈ-મેઈલ helpdesk.fdca@gmail.com પર ફરિયાદ નોંધાવી શકાય છે.

## ન્યૂઝ બ્રિફ

### સુરતમાં માતા રસોઈ બનાવતી હતી અને શ્વાન ૧ વર્ષની બાળકીને ઉઠાવી ગયું

। (એજન્સી) સુરત,તા.૫ ।

સુરતઃ શહેરમાં કામરેજના વાવ ગામે એક હચમચાવી નાખે તેવી ઘટના સામે આવી છે. જેને લઈને હડકંપ મચી ઉઠ્યો છે. અહીંયા એક શ્રમજીવી પરિવારની બાળકીને શ્વાન ખેંચીને જતું રહ્યું. જેથી આ બનાવને લઈને બાળકીના માતા-પિતા ન તો કોઈને કહી શકે કે ન તો સહી શકે તેવી સ્થિતિમાં મુકાઈ ગયા છે.

બીજી તરફ પોલીસ પણ આ ઘટનાને લઈને દોડતી થઈ ગઈ છે. જેમાં પોલીસ હાલ બાળકીને શોધી રહી છે. જેમાં તેમણે ડોગ સ્કવોડ અને એફએસએલની ટીમ સ્થળ પર પહોંચી છે. બનાવને લઈને જો વિગતવાર વાત કરીએ તો કામરેજના વાવ ગામે આ ઘટના બની છે.

જેમાં એક શ્રમજીવી પરિવારની એક વર્ષની બાળકીને શ્વાન ખેંચીને ક્યાંક જતું રહ્યું. બાળકીની સ્થિતિ કેવી છે તેને લઈને હજુ કોઈ માહિતી સામે નથી આવી. જોકે આ મામલે માહિતી મળતાની સાથે પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે અને બાળકીને હાલ પોલીસે શોધખોળ હાથ ધરી છે.

જે સમયે આ બનાવ બન્યો હતો તે સમયે બાળકીની માતા તેને જમીન પર સુવડાવીને રસોઈ બનાવી રહી હતી. તે જ સમયે અચાનક શ્વાન બાળકીને લઈને ત્યાંથી ભાગ્યું હતું. જોકે ઘણો સમય વીતી ગયો તેમ છતાં હજુ બાળકીની કોઈ ભાળ મળી નથી. બાળકીને શોધવા માટે પોલીસ હાલ એક્શન મોડમાં આવી ગઈ છે. જોકે આ બનાવને લઈને હાલ આસપાસના વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

### સાંસદ મોકરિયાએ પૈસા પરત અપાવ્યા, પણ ભ્રષ્ટ અધિકારીનું નામ ગુપ્ત

। (એજન્સી) રાજકોટ,તા.૫ ।

રાજકોટમાં એક અનોખો અને વિવાદાસ્પદ કિસ્સો સામે આવ્યો છે, જ્યાં રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયાએ એક સરકારી અધિકારી દ્વારા ગેરકાયદેસર રીતે રૂ. ૨૫,૦૦૦નો તોડ કરવામાં આવેલા એક નાગરિકને તે રકમ પરત અપાવવામાં મદદ કરી છે. જોકે, આ ઘટના બાદ રામભાઈ મોકરિયા દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રેસનોટ અને તેમની કાર્યપદ્ધતિએ રાજકોટના રાજકારણમાં ભારે હડકંપ મચાવ્યો છે, કારણ કે સાંસદે ભ્રષ્ટ અધિકારીનું નામ જાહેર કર્યું નથી કે તેની સામે કોઈ કાયદેસર કાર્યવાહી કરવાની વાત પણ કરી નથી, જેના કારણે અનેક ગંભીર સવાલો ઉભા થયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, એક નાગરિકે સાંસદ રામભાઈ મોકરિયા સમક્ષ રજૂઆત કરી હતી કે, એક સરકારી અધિકારીએ તેમના એક મામલાના નિકાલ માટે રૂ.૨૫,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. આ ફરિયાદ મળતા જ રામભાઈ મોકરિયાએ તાત્કાલિક પગલાં લીધા હતા. તેમણે સંબંધિત અધિકારીને ફોન પર ઠપકો આપ્યો અને રૂ. ૨૫,૦૦૦ની રકમ પરત અપાવી હતી. આ ઉપરાંત, તેમણે અધિકારીને રૂબરૂ બોલાવીને પણ સખત શબ્દોમાં ખખડાવ્યા હોવાનું જાણવા મળ્યું છે. ફરિયાદીએ આસિસ્ટન્ટ-જુનિયર કક્ષાના અધિકારી દ્વારા ગેરરીતિ આચરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

# વિસાવદર - કડી પેટા ચૂંટણીમાં ભાજપે ૪૦ નેતાઓને બનાવ્યા સ્ટાર પ્રચારક

। ગાંધીનગર,તા.૫ ।

ગુજરાત વિધાનસભાની કડી અને વિસાવદર બેઠકની પેટા ચૂંટણી હવે વધુ રસપ્રદ બની ગઈ છે. ઉમેદવારી પત્રો ભરવાની અને ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે. આવતીકાલે ઉમેદવારી પત્રો પરત ખેંચવાના દિવસે સ્પષ્ટ થશે કે કોણ કયા ઉમેદવાર સામે મેદાનમાં છે. ભાજપે પોતાના તમામ સ્તરના મોટા નેતાઓને સ્ટાર પ્રચારક તરીકે જાહેર કરીને સ્પષ્ટ સંદેશો આપ્યો છે કે બે બેઠકો માટે પણ તે કોઈ કચાશ રાખવા તૈયાર નથી. આ વખતે જાહેર થયેલી સ્ટાર પ્રચારકોની યાદીમાં કુલ ૪૦થી વધુ નેતાઓનો સમાવેશ છે. આ યાદી જાહેર થતાં જ સ્પષ્ટ સંકેત મળ્યો છે કે ભાજપે આ ચૂંટણીને માત્ર ૨ બેઠકો માટેની મર્યાદિત લડાઈ માન્યા વિના પ્રેસ્ટિજ ઈશ્યૂ બનાવી છે. આ યાદીમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બામણીયા જેવા મોટા ચહેરાઓ સામેલ છે. સાથે પૂર્વ કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા પણ મેદાનમાં જોવા મળશે. રાજ્યના રાજકારણમાં મોટો અનુભવ ધરાવતા નેતાઓની ફોજ ઉતારવાથી ભાજપના કાર્યકર્તાઓમાં પણ ઉત્સાહની લાગણી જોવા મળી રહી છે. રાજ્યના સ્તરે પણ ભારે બળ અપાયું છે. પૂર્વ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી અને ગોરધન ઝડફિયા, તેમજ ભરત બોઘરા, નંદાજી ઠાકોર, વર્ષાબેન દોશી જેવા લોકપ્રિય નેતાઓને પણ પ્રચાર ઝુંબેશમાં ઝંપલાવ્યા છે. ગુજરાત સરકારના ભૂતપૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને આર.સી. ફળદુ જેવા વરિષ્ઠ નેતાઓ, ઉપરાંત વર્તમાન મંત્રી ઋષિકેશ પટેલ, રાઘવજી પટેલ, બળવંતસિંહ રાજપૂત, કુંવરજી બાવળિયા, હર્ષ સંઘવી અને જગદીશ વિશ્વકર્મા પણ પ્રચારના મોરચા પર આગળ આવી રહ્યા છે. મહત્વનું છે કે, જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમા અને મહેસાણાના સાંસદ હરિભાઈ પટેલ પણ મેદાનમાં ઉતારાયા છે. સાથે અનુસૂચિત જાતિ મોરચાના અધ્યક્ષ ગૌતમ ગેડિયા અને બક્ષીપંચ મોરચાના મયંક નાયક પણ ભાજપની ચૂંટણી સુત્રાચાર વ્યૂહરચનામાં જોડાયા છે. અન્ય નામોમાં દીપિકાબેન સરડવા, લવિંગજી ઠાકોર, શંભુનાથ ટુંડિયા, હીરાભાઈ સોલંકી, જયેશ રાદડિયા, પ્રદ્યુમન વાજા અને સંજય દેસાઈ જેવા મજબૂત ક્ષેત્રીય નેતાઓ સામેલ છે.

# જામનગરમાં રણજીત સાગર રોડ પર ચાલુ કારમાં આગ લાગતાં દોડધામ

। (એજન્સી) જામનગર,તા.૫ ।

લાલપુર તાલુકાના પીપરટોડા ગામમાં રહેતા રમેશભાઈ અકબરી પોતાના મામા રામજીભાઈ વસોયા સાથે પોતાની જી.જે ૧૫ સી.એમ. ૩૮૧૩ નંબરની કારમાં બેસીને જામનગર આવી રહ્યા હતા. જે દરમિયાન સવારે સાડા નવ વાગ્યાના અરસામાં રણજીત સાગર રોડ પર પહોંચતાં એકાએક કારના આગળના ભાગે શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી. જેથી મામા-ભાણેજ બંને કારમાંથી તુરત જ નીચે ઉતરી ગયા હતા, અને જામનગર મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડ શાખાને જાણ કરી હતી. ફાયરની ટુકડી પહોંચે તે પહેલાં આગે મોટું સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને કાર સંપૂર્ણ પણે ભડકે બળી હતી. જેથી કારની અંદર રહેલા કારના કાગળો વગેરે બળીને ખાખ થયા હતા. ફાયરે પાણીનો મારો ચલાવી આગને બુજાવી દીધી હતી. જોકે આ બનાવમાં મામા ભાણેજ બહાર નીકળી જતાં તેઓનો બચાવ થયો હતો.

### મોરબીમાં વર્ષ ૨૦૧૪માં દુષ્કર્મનો કેસ નોંધવામાં આવ્યો હતો

# સગીરા સાથે દુષ્કર્મ આચર્યાના કેસમાં આરોપીને ૨૦ વર્ષની સજા

। (એજન્સી) મોરબી,તા.૫ ।

મોરબીમાં રેપ કેસના આરોપીને સજા ફટકારવામાં આવી છે. પોક્સો કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સજા સંભળાવી છે. અને સાથે જ ભોગ બનનારને ૪.૨૫ લાખનું વળતર ચુકવવા પણ હુકમ કરાયો છે. આરોપી અરવિંદ આત્રેશા પર સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જવાનો આરોપ છે. આ ગુનામાં આરોપીને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૪માં નોંધાયેલા કેસમાં પોક્સો કોર્ટે ચુકાદો સંભળાવ્યો છે. મોરબીમાં વર્ષ ૨૦૧૪માં દુષ્કર્મનો કેસ નોંધવામાં આવ્યો હતો. જેનો આજે ચુકાદો આવ્યો છે. રેપ કેસમાં પોક્સો કોર્ટે આરોપી અરવિંદ આત્રેશાને ૨૦ વર્ષની સજા ફટકારી છે. અને સાથે જ પીડિતાને ૪.૨૫ લાખનું વળતર ચુકવવા પણ આદેશ કર્યો છે. આરોપી અરવિંદ આત્રેશા પર સગીરાને લગ્નની લાલચ આપી તેની સાથે દુષ્કર્મ આચર્યાનો આરોપ છે. આ ઉપરાંત અરવિંદ પર સગીરાને ભગાડી જવાનો આરોપ પણ લાગ્યો છે.

રાજ્યામાં વધી રહેલા ગુનાઓનું પ્રમાણ ચિંતાનો વિષય બની રહ્યો છે. એક તરફ 'સબ સલામત'ના દાવા કરવામાં આવી રહ્યા છે. ત્યારે બીજી તરફ ગુનાઓની ઘટનાને અંજામ આપવામાં આવી રહ્યો છે. યુવતીઓએ પ્રેમજાળમાં ફસાવવાથી બચવું જોઈએ. અને પોતાને સુરક્ષિત રાખવી જોઈએ. આ ગુનાઓના પ્રમાણમાં પોતાની સુઝબુઝ રાખવી ખૂબ જરુરી છે. ત્યારે જ આવા નરાધમોનો જેલના સળિયા પાછળ મોકલીને ગુનાઓને ડામી શકાય છે.

### ડ્રાઇવિંગ નિયમો તોડ્યા તો થશે લાયસન્સ સસ્પેન્ડ

# મહેસાણામાં ૪૦થી વધુ લાયસન્સ સસ્પેન્ડ કરાયા

। (એજન્સી) મહેસાણા,તા.૫ ।

મહેસાણા આરટીઓ દ્વારા હેલ્મેટ ન પહેર્યું હોય તેવા ૪૦ થી વધુ લોકોના લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે

આરટીઓ દ્વારા ટુ વ્હીલર વાહન ચાલકો જે બેદરકારી પૂર્વક ચલાવવા અને ત્રણથી વધુ વખત હેલ્મેટ વગર પકડાયા બાદ હાલમાં તેમના લાયસન્સ ત્રણ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે જેમાં ૪૬ વાહન ચાલકોના લાયસન્સ સસ્પેન્ડ કરાયા છે.

આ વાહન ચાલકો ને ગફલત ભરી રીતે વાહન ચલાવવું અને ત્રણથી વધુ વખત હેલ્મેટ વગર ચલાવવા બદલ હાલમાં તો તેમના લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, ત્યારે ટ્રાફિક પોલીસ દ્વારા પણ વાહન ચાલકોમાં અવેરનેસ મામલે વિવિધ કેમ્પેઈન એનજીઓ સાથે રાખીને કરવામાં આવે છે અને ટ્રાફિક પોલીસ દ્વારા વિદ્યાર્થીઓના વાલીને પણ એક અપીલ કરવામાં આવી.

વિદ્યાર્થીઓને વાહન આપતા પહેલા તેમનું લાયસન્સ નીકાળવું લાયસન્સ વગર વાહન ન આપવું અને હેલ્મેટ વગર વિદ્યાર્થીઓ વાહન ન ચલાવે તેનું જો વાલીઓ ધ્યાન રાખશે તો અકસ્માત જેવી ગંભીર ઘટનાઓમાં કોઈને જાનમાલનું નુકસાન ન થાય પોલીસથી બચવા હેલ્મેટ પહેરવાનું નથી પણ પોતાની સુરક્ષા માટે હેલ્મેટ પહેરવું જોઈએ તેમ જણાવ્યું હતું.

પોલીસ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ તો કરવામાં આવતું હોય છે પરંતુ લોકોમાં હજુ હેલ્મેટને લઈને જાગૃતતા ઓછી જોવા મળતી હોવાના દ્રશ્યો મહેસાણામાં જોવા મળી રહ્યા છે.

# સુરતમાં ગજબની ઘટના, પાલિકાની મંજૂરી વિના જ ઓપરેશન સિંદૂર સર્કલ બની ગયું

### મામલો ચર્ચામાં ત્યારે આવ્યો જ્યારે સાંસદે ખુદ પત્ર લખીને ઓપરેશન સિંદૂર સર્કલ તૈયાર કરવાની માગ કરી

। સુરત,તા.૫ ।

સુરતમાં એક ગજબની ઘટના સામે આવી છે. પાલિકાની મંજૂરી વિના જ કોઈ ઓપરેશન સિંદૂર સર્કલ બનાવી ગયું છે અને આ વાતથી ખુદ પાલિકા જ અજાણ હતી. આ સર્કલના અનેક વીડિયો પણ વાઈરલ થયા હતા. જોકે મામલો ચર્ચામાં ત્યારે આવ્યો જ્યારે સાંસદે ખુદ પત્ર લખીને ઓપરેશન સિંદૂર સર્કલ તૈયાર કરવાની માગ કરી. ઉલ્લેખનીય છે કે કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલા બાદ ભારતીય સેનાએ પાકિસ્તાનમાં ઘૂસીને આતંકી અડ્ડાનો સફાયો કરી દીધો હતો. ભારતીય સેનાએ કરેલા આ બહાદુરીના કામને ઓપરેશન સિંદૂર નામ આપવામાં આવ્યું હતું. પરંતુ હવે ભારતીય સેનાએ કરેલી કામગીરીનો શ્રેય લેવા માટે અનેક નેતાઓ તલપાપડ છે, જેનું ઉદાહરણ સુરતમાં જોવા મળ્યું. સુરતના સાંસદ મુકેશ દલાલે રાંદેર વિસ્તારમાં ઓપરેશન સિંદૂરથી થીમ પર સર્કલ બનાવવામાં આવે તેવી માંગણી કરી હતી. પરંતુ તેઓએ જે સ્થળ પર સર્કલ બનાવવા માંગણી કરી હતી તેમાંથી એક જગ્યાએ તો પહેલેથી જ ઓપરેશન સિંદૂર સર્કલ બનાવી દેવામાં આવ્યું છે. આનો જશ લેવાનો પ્રયાસ ગણવો કે સાંસદની અજ્ઞાનતા તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. જોકે આ જે સર્કલ બન્યું છે તે પણ પાલિકાની મંજૂરી વિના બન્યું હોવાની ફરિયાદ થઈ રહી છે. સુરત મહાનગરપાલિકાએ મંજૂરી વિના બનાવેલા સર્કલ માટે સર્કલ બનાવનાર સંસ્થાને નોટિસ પણ ફટકારી દીધાની ચર્ચા છે.

ઓપરેશન સિંદૂરની સફળતા બાદ અનેક જગ્યાએ તિરંગા યાત્રા નીકળી રહી છે અને ભારતીય સેનાને વધામણા આપવામાં આવી રહ્યાં છે. ત્યારે સુરતના સાંસદ મુકેશ દલાલે પાલિકાને એક પત્ર લખ્યો હતો તેમાં રાંદેર વિસ્તારમાં ઓપરેશન સિંદૂર ટ્રાફિક સર્કલ બનાવવાની માંગણી કરી છે. આ સર્કલમાં સ્વદેશી શસ્ત્રોની કૃતિઓ પ્રદર્શિત કરીને નાગરિકો અને યુવા પેઢીમાં રાષ્ટ્રભક્તિ અને સૈન્ય અંગે જાગૃતિ લાવવાનો હેતુ છે તેવો ઉલ્લેખ કરાયો છે. સાંસદે અડાજણ પ્રાઈમ આર્કેડ, મોરાભાગળ ચાર રસ્તા, રાંદેર અડાજણના મોટા સર્કલ અથવા સુરત હજીરા રોડ પર ઓપરેશન સિંદૂર સર્કલ બનાવવા માંગણી કરી હતી. જોકે, થોડા દિવસ પહેલાં જ સુરત હજીરા રોડ પર હવેલી વિસ્તાર નજીક આવેલા સર્કલ પર આર્મી જવાનના કટ આઉટ, ફાઈટર પ્લેન અને સર્કલ પર ઓપરેશન સિંદૂર નામ સાથે સર્કલ બનાવી દેવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. આ સર્કલ સોશિયલ મીડિયામાં પણ ભારે વાયરલ થઈ રહ્યું છે અને અનેક રીલ પણ ફરતી થઈ છે ત્યારે આ જ જગ્યાએ સાંસદે ઓપરેશન સિંદૂર સર્કલ બનાવવા માટે લખેલો પત્ર લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે, સાંસદે લખેલા પત્રમાં ઓપરેશન સિંદૂર ટ્રાફિક સર્કલ બનાવવાની માંગણી કરી છે. આ સર્કલમાં સ્વદેશી શસ્ત્રોની કૃતિઓ પ્રદર્શિત કરીને નાગરિકો અને યુવા પેઢીમાં રાષ્ટ્રભક્તિ અને લશ્કરી સજ્જતા અંગે જાગૃતિ લાવવાનો હેતુ હોવાનું જણાવાયું છે. બીજી તરફ, લોકો એટલા જાગૃત છે કે પાલિકાની કોઈ પણ જાતની મંજૂરી વિના જ સર્કલ બનાવી દીધું છે તેવી ફરિયાદ થઈ રહી છે. આમ સાંસદે ઓપરેશન સિંદૂર માટે લખેલો પત્ર અને મંજૂરી વિના બની ગયેલા સર્કલના કારણે લોકોમાં એવી ચર્ચા છે કે ઓપરેશન સિંદૂરની સફળતામાં અનેક લોકો વહેતી ગંગામાં હાથ ધોઈ તેમ પ્રસિદ્ધિ માટે નીકળી પડ્યા છે.

# ગીર સેમનાથના ઉના-ગઢડા રોડ પર આગનો બનાવ બન્યો

। (એજન્સી) ગીર સોમનાથ,તા.૫ ।

ગીર સોમનાથના ઉના-ગઢડા રોડ પર આગનો બનાવ બન્યો હતો. જેમાં લાઈફ ઈન્શ્યોરન્સની જગ્યાએ આગ લાગતા અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. આગનું સ્વરૂપ જોતા જ ફાયર ફાઈટરને જાણ કરવામાં આવી હતી અને તેઓ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. આ આગમાં મોટી સંખ્યામાં નુકસાન થયુ હોવાનું સામે આવ્યુ છે. આગ લાગવાનું કારણ હજુ અકબંધ છે. ઉના-ગઢડા રોડ પર આગની ઘટના જોવા મળી હતી. આ ઘટના ભીડવાળા વિસ્તારમાં લાગી હોવાથી આસપાસ નુકસાનનો ભય વધુ રહ્યો હતો. આ આગ કયા કરાણોસર લાગી હતી. તે જાણી શકાયુ નથી. અને કેટલું નુકસાન થયુ છે તે અંગેનો આંકડો પણ સામે આવ્યો નથી. અચાનક લાગેલી આગે અફરા-તફરીનો માહોલ સર્જ્યો હતો. આગની ઘટનાની જાણ કરાતા ફાયર ફાઈટરો ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. અને આગ પર કાબૂ મેળવવા માટે પ્રયાસ હાથ ધર્યા હતા. ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. આગની ઘટના બનતા લોકોમાં ડરનો માહોલ જોવા મળે છે. ત્યારે આ આગ આજુબાજુમાં પ્રસરીને અન્ય નુકસાન કરે તેની ભીતી સેવાતી હોય છે.

# ડરણ ગામમાંથી નશાકારક કફ સીરપની ૮૩૦ બોટલ ઝડપાઇ

। (એજન્સી) અમદાવાદ,તા.૫ ।

સાણંદ - સાણંદ તાલુકના ડરણ ગામમાં એસઓજીની ટીમે દરોડો પાડી નશાકારક કફ સીરપની ૮૩૦ બોટલ ઝડપી પાડી હતી. પોલીસને નશાકારક કફ સીરપ, કાર સહિત ૬.૬૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર આરોપી સામે એનડીપીએસ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સાણંદ તાલુકાના ડરણ ગામના શખ્સે નશાકારક કોડેનયુક્ત કફ સિરપની બોટલ વેચાણ અર્થે ઈકો કારમાં રાખી છે. તેવી બાતમીના આધારે અમદાવાદ ગ્રામ્ય એસઓજીની ટીમે ડરણ ગામે ડાભી વાસમાં ગોવિંદભાઈ લાલાભાઈ ડાભીના મકાનની આગળથી ખુલ્લી જગ્યા ઉપર રેઈડ કરતા ઈકો કારમાંથી નશાકારક કોડેઈન કફ સીરપ મળી આવી હતી.એસઓજીના સ્ટાફે એફ.એસ.એસએલ. અધિકારીની હાજરીમાં ચકાસણી કરાવતા એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ પ્રતિબંધિત હોવાનું જણાઈ આવતા નશાકારક કફ સીરપની ૮૩૦ નંગ બોટલ (કિં.રૂ.૧,૬૫,૧૭૦), ઈકો ગાડી (કિં.રૂ.૫,૦૦,૦૦૦) મળી કુલ કિં.રૂ.૬,૬૫,૧૭૦/-નો મુદ્દામાલ કબજે કરી આરોપી રણછોડભાઈ ભુપતભાઈ ડાભી (રહે.ડાભીવાસ,ડરણ ગામ) હાજર નહીં મળી આવતા તેની સામે એનડીપીએસની એક્ટ કલમ- ૮(સી). ૨૧(સી), ૨૯ મુજબ ચાંગોદર પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાવ્યો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



નવી દિલ્હીમાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ અભિયાનને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લીલી ઝંડી બતાવામાં આવી.

### બેંગ્લુરુ નાસભાગ અંગે કોહલીની પ્રતિક્રિયા

# ‘હું ભાંગી પડ્યો છું, મારી પાસે કહેવા માટે શબ્દો નથી’: વિરાટ

## એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર થયેલી નાસભાગની ઘટનામાં લગભગ ૧૧ લોકોના મોત થયાની પુષ્ટી થઈ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

બુધવારે બેંગલુરુમાં એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર થયેલી નાસભાગની ઘટનામાં લગભગ ૧૧ લોકોના મોત થયાની પુષ્ટી થઈ છે. આ દુર્ઘટના અંગે આરસીબીના દિગ્ગજ વિરાટ કોહલીની પ્રતિક્રિયા સામે આવી છે. કોહલીએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરીને લખ્યું હતું કે આ ઘટના બાદ હું સંપૂર્ણપણે ભાંગી પડ્યો છું અને મારી પાસે કહેવા માટે કોઈ શબ્દો નથી.વિરાટ કોહલીએ આ સાથે આરસીબીનું સત્તાવાર નિવેદન શેર કર્યું હતું. આરસીબીએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું અને કહ્યું કે, ‘બપોરે બેંગલુરુમાં ટીમની રાહ જોઈ રહેલા લોકોની ભીડ



વિશે મીડિયા રિપોર્ટ્સ દ્વારા પ્રકાશિત કરાયેલી કમનસીબ ઘટનાઓ વિશે જાણી અમે ખૂબ જ દુઃખી છીએ. બેંગલુરુમાં એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર થયેલી નાસભાગની ઘટનામાં લગભગ ૧૧ લોકોના મોત થયાની પુષ્ટી થઈ છે, દરેકની સલામતી અને સુખાકારી અમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આરસીબી અમારા ફેન્સના દુઃખદ મૃત્યુ પર શોક વ્યક્ત કરે છે અને પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરે છે. પરિસ્થિતિની જાણ થતાં જ, અમે તાત્કાલિક અમારું ટાઈમ ટેબલ બદલી નાખ્યું અને સ્થાનિક વહીવટીતંત્રના માર્ગદર્શન અને સલાહનું પાલન કર્યું. અમે અમારા બધા સમર્થકોને કૃપા કરીને સુરક્ષિત રહેવા વિનંતી કરીએ છીએ.’બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર થયેલી નાસભાગ માટે કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ક્રિકેટ એસોસિએશનને જવાબદાર ઠેરવ્યું. તેમણે ભાજપના પ્રશ્નો પર વળતો પ્રહાર કરતા કહ્યું કે મહાકુંભ દરમિયાન પણ નાસભાગ મચી હતી. આવી ઘટનાઓ પર રાજકારણ ન કરવું જોઈએ.

### અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો નિર્ણય

# અફઘાનિસ્તાન, ઈરાન સહિત ૧૨ દેશના નાગરિકો સામે અમેરિકામાં એન્ટ્રી બેન

## ટ્રમ્પે એક નિવેદનમાં કહ્યું કે અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા - અમારા નાગરિકોના હિતનું રક્ષણ કરવા માટે મારે આ પગલું ભરવું પડ્યું છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૫ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક નવી જાહેરાત પર હસ્તાક્ષર કર્યા છે, જે અંતર્ગત તેમણે ૧૨ દેશોના નાગરિકો સામે અમેરિકામાં પ્રવેશવા પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકી દીધો છે. આ સાથે અન્ય ૭ દેશોથી આવતા લોકો પર આંશિક પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. ટ્રમ્પે અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરતા આ પગલું ભર્યું છે. ટ્રમ્પે એક નિવેદનમાં કહ્યું કે અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા - અમારા નાગરિકોના હિતનું રક્ષણ કરવા માટે મારે આ પગલું ભરવું પડ્યું



છે અહેવાલ મુજબ, જે ૧૨ દેશોના નાગરિકોના અમેરિકામાં પ્રવેશવા પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તેમાં અફઘાનિસ્તાન, મ્યાનમાર, ચાડ, કોંગો, ઈક્વેટોરિયલ ગિની, ઈરિટ્રિયા, હૈતી, ઈરાન, લીબિયા, સોમાલિયા, સુદાન અને યમનનો સમાવેશ થાય છે. આ દેશોના નાગરિકો હવે અમેરિકામાં પ્રવેશી શકશે નહીં. આ પ્રતિબંધ સોમવારે રાત્રે ૧૨ઃ૦૧ વાગ્યાથી અમલમાં આવશે.આ ઉપરાંત, ટ્રમ્પે ૭ અન્ય દેશોના લોકો સામે પણ આંશિક પ્રતિબંધ મૂક્યો છે. તેમાં બુરુન્ડી, ક્યુબા, લાઓસ, સિએરા લિયોન, ટોગો, તુર્કમેનિસ્તાન અને વેનેઝુએલાનો સમાવેશ થાય છે. આ દેશોમાંથી આવતા લોકો પર હવે ખાસ શરતો અને કડક તપાસ લાગુ થશે. જોકે, આ પહેલી વાર નથી જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે આવી નીતિ અપનાવી હોય. અગાઉ પણ પ્રથમ કાર્યકાળ દરમિયાન ટ્રમ્પે ૭ મુસ્લિમ બહુમતી ધરાવતા દેશોની મુસાફરી પર પ્રતિબંધ મૂક્યો હતો, જેને બાદમાં ૨૦૧૮ માં સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી હતી. ટ્રમ્પે એક નિવેદનમાં કહ્યું કે અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા અને અમારા નાગરિકોના હિતનું રક્ષણ કરવા માટે મારે આ પગલું ભરવું પડ્યું છે. અમે ફરીથી મુસાફરી પ્રતિબંધ લાગુ કરીશું, જેને કેટલાક લોકો ‘ટ્રમ્પ ટ્રાવેલ પ્રતિબંધ’ કહે છે, જેથી કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદીઓને દેશમાં પ્રવેશતા અટકાવી શકાય. એક એવું પગલું જેને સુપ્રીમ કોર્ટે પણ વાજબી ઠેરવ્યું હતું.

## સ્ટીલ અને એલ્યુમિનિયમ પરનો આયાત ટેરિફ ૫૦ ટકાના અમલથી અમેરિકામાં મોંઘવારીના ભણકારા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૫ ।

અમેરિકામાં વિદેશથી આયાત થતા સ્ટીલ અને એલ્યુમિનિયમ પરનો આયાત ટેરિફ ૫૦ ટકા કરાયો છે જેનો અમલ ૪ જૂનથી શરૂ થઈ ગયો હતો. જોકે ટ્રમ્પના આ નિર્ણયથી અમેરિકામાં મોંઘવારી વધી શકે છે અને વોશિંગ મશીનથી લઈને કાર અને કેન-ટિન કે ફોઈલમાં પેક થતી ગ્રોસરીની તમામ વસ્તુઓ મોંઘી થઈ શકે છે. અમેરિકામાં અનેક ખાદ્ય વસ્તુઓ સ્ટીલ કે મેટલ કેનમાં પેક કરાય છે, હાલમાં અમેરિકામાં ટિન ઉત્પાદન કંપનીઓ વિદેશથી સ્ટીલની આયાત કરે છે. હવે જ્યારે સ્ટીલ અને એલ્યુમિનિયમના આયાત ટેરિફ ટ્રમ્પે બમણા કરી નાખ્યા છે ત્યારે આ કંપનીઓ સ્થાનિક સ્ટીલ અને એલ્યુમિનિયમ પર નિર્ભર રહેશે જેને પગલે ખાદ્ય સામગ્રી વગેરેનો ભાવ આસમાને પહોંચશે. કેમ કે કંપનીઓ પોતાના ખર્ચનો બોજ ગ્રાહકો પર નાખશે. અમેરિકામાં સુપથી લઈને સુકા ખાદ્ય પદાર્થો, સોસ વગેરેના પેકેજિંગમાં સ્ટીલ કે એલ્યુમિનિયમનો ભરપુર ઉપયોગ થાય છે. વિચિટા સ્ટેટ યુનિવર્સિટીના પ્રોફેસર અનેવેપાર પર નિષ્ણાત ઉષા હેલીએ કહ્યું હતું કે ખાદ્ય સામગ્રીના ભાવ વધારામાં મોટો ઉછાળો આવશે. ટેરિફ વધારાની અસર સમગ્ર અમેરિકાની ઈન્ડસ્ટ્રી પર પડવા જઈ રહી છે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે અમેરિકાની સ્ટીલ ઈન્ડસ્ટ્રીના વિકાસ માટે આયાતી સ્ટીલ પરનો ટેરિફ વધારવો જરૂર હતું. અમેરિકામાં સ્ટીલ અને ઈલ્યુમિનિયમનો ઉપયોગ ખાદ્ય સામગ્રીના સંગ્રહ માટે જેમ કે ફોઈલ તરીકે પણ વપરાય છે. કેન મેન્યુફેક્ચરિંગ ઈન્સ્ટિટયૂટના પ્રમુખ રોબર્ટ બડવેએ કહ્યું હતું કે સ્ટીલ ટેરિફ બમણા કરવાથી ગ્રોસરી સ્ટોર પર કેન આધારિત ખાદ્ય સામગ્રીનો ભાવ પણ બમણો થઈ શકે છે.

## પાક.ને $800 મિલિયનની સહાય મળતા ભારતે સખત વાંધો ઉઠાવી લીધો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાનને ફરી એકવાર આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ તરફથી રાહત મળી છે. એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)એ પાકિસ્તાન માટે ૮૦૦ મિલિયન ડોલર એટલે કે લગભગ ૮૦ કરોડ યુએસ ડોલરના મોટા આર્થિક પેકેજને મંજૂરી આપી છે. આ રકમ પાકિસ્તાનને તેની ડગમગતી અર્થવ્યવસ્થાને સંભાળવા, નાણાકીય વ્યવસ્થાપનમાં સુધારો કરવા અને સંસાધનોનો વધુ સારો ઉપયોગ કરવાના ઉદ્દેશ્યથી આપવામાં આવી રહી હોવાનું મનાય છે. જો કે, ભારતે ADB દ્વારા પાકિસ્તાનને આપવામાં આવતી નાણાકીય સહાય સામે સખત વાંધો વ્યક્ત કર્યો છે.ભારત સરકારના સૂત્રોના જણાવ્યા અનુસાર, નવી દિલ્હીએ ADBને સ્પષ્ટપણે ચેતવણી આપી છે કે પાકિસ્તાન આ સહાયનો દુરુપયોગ કરી શકે છે. ભારતે ખાસ કરીને પાકિસ્તાનના વધતા લશ્કરી ખર્ચ, ઘટતા ટેક્સ-GDP ગુણોત્તર અને આર્થિક સુધારાઓમાં સ્પષ્ટ પ્રગતિના અભાવને ટાંકીને ચિંતા વ્યક્ત કરી છે. ભારતે એમ પણ કહ્યું કે પાકિસ્તાન જે રીતે વિકાસને બદલે તેની લશ્કરી ક્ષમતાઓ પર ખર્ચ સતત વધારી રહ્યું છે તે ચિંતાનો વિષય છે. ADBની સહાયના ઉપયોગ અંગે પારદર્શિતાનો અભાવ પણ ભારતના વાંધામાં સામેલ છે. ભારતે એવો ભય વ્યક્ત કર્યો છે કે પાકિસ્તાન વિકાસના નામે લેવાયેલા આ પૈસા તેની આંતરિક નીતિઓ અને સંરક્ષણ ક્ષેત્ર પર ખર્ચ કરી શકે છે, જે પ્રાદેશિક સ્થિરતાને પણ અસર કરી શકે છે.

## કેનેડા વિદેશી વિદ્યાર્થીઓ માટે શરણાર્થીના દરજ્જાના નિયમો કડક બનાવશે



। (એજન્સી) ઓટાવા, તા.૫ ।

કેનેડામાં સરહદ સુરક્ષા વધારવા, ગેરકાયદેસર ફેન્ટાનાઈલના પ્રવાહને રોકવા, મની લોન્ડરિંગ સામે લડવા અને ઈમિગ્રેશન સિસ્ટમને મજબૂત બનાવવા માટે એક નવું બિલ રજૂ કરાયું છે. સ્ટ્રોંગ બોર્ડર્સ એક્ટ નામના આ બિલનો એક મુખ્ય હેતુ શરણાર્થી સિસ્ટમના દુરુપયોગને ડામવાનો છે. આનાથી ભારત સહિતના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે શરણાર્થી તરીકે અરજી કરવાનું મુશ્કેલ બનશે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ દ્વારા આશ્રય દાવાઓમાં ઉછાળો આવ્યો છે ત્યારે સરકારે આ હિલચાલ કરી છે.આ બિલમાં એવી સંખ્યાબંધ જોગવાઈઓ કરાઈ છે, કે જેનાથી શરણાર્થીઓ તરીકે અરજી કરવાનું આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે મુશ્કેલ બનશે. જાન્યુઆરીથી સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન આશરે ૧૪,૦૦૦ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ શરણાર્થી તરીકે અરજીઓ કરી હતી. આમાંથી ભારતીય નાગરિકોની સંખ્યા આશરે ૨,૩૦૦ હતી.ભારતના ઘણા વિદ્યાર્થીઓ શરણાર્થીનો દાવો કરીને સ્ટુડન્ટ વિઝાને પર્મેનન્ટ રેસિડન્સી (પીઆર)માં ફેરવવાનો પ્રયાસ કરતાં હોય છે. જોકે આવા ખોટા બહાના હેઠળ કરવામાં આવેલા આવા દાવાઓથી દેશનિકાલનું પણ જોખમ ઊભું થાય છે.શરણાર્થીનો દરજ્જો આપવાના વ્યવસ્થાતંત્રની છટકબારીઓને દૂર કરવા માટે આ બિલમાં ઘણી જોગવાઈઓ કરાઈ છે. બિલમાં જણાવાયું છે કે કેનેડા પહોંચ્યા પછી (૨૪ જૂન, ૨૦૨૦ પછી) એક વર્ષથી વધુ સમય પછી કરવામાં આવેલા આવા દાવાઓને ઈમિગ્રેશન અને રેફ્યુજી બોર્ડ (IRB)ને મોકલવામાં આવશે નહીં. જમીન સરહદો મારફત અમેરિકાથી ગુપ્ત રીતે કેનેડામાં પ્રવેશ્યાના ૧૪ દિવસથી વધુ સમય પછી કરાયેલા આવા દાવાઓને ધ્યાનમાં લેવાશે નહીં. જો અરજદાર કેનેડામાં રહેતા હશે તો જ આવા દાવા અંગેનો નિર્ણય કરાશે. નિષ્ક્રિય કેસોને દૂર કરાશે અને અને સ્વૈચ્છિક દેશનિકાલને ઝડપી બનાવાશે.

### કોરોનાના કેસમાં વધારો થતાં

# આરોગ્ય મંત્રાલયે રાજ્યોને ઓક્સિજન, બેડની વ્યવસ્થા કરવાનો આદેશ આપ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ભારતમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. આને ધ્યાનમાં રાખીને આરોગ્ય મંત્રાલયે તમામ રાજ્યોને જરૂરી તૈયારીઓ કરવા જણાવ્યું છે. જેમાં ઓક્સિજન, આઈસોલેશન બેડ, વેન્ટિલેટર અને આવશ્યક દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે. ૨ અને ૩ જૂનના રોજ આરોગ્ય સેવાઓના મહાનિર્દેશક (DGHS) ડૉ. સુનિતા શર્માની અધ્યક્ષતામાં શ્રેણીબદ્ધ ટેકનિકલ સમીક્ષા બેઠકો યોજાઈ હતી. આ બેઠકોમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રતિનિધિઓ સાથે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, ઈમરજન્સી મેનેજમેન્ટ રિસ્પોન્સ (EMR), નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (NCDC), ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR), ઈન્ટિગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોગ્રામ (IDSP) અને




દિલ્હીમાં કેન્દ્ર સરકારની હોસ્પિટલોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. ISDP હેઠળ રાજ્ય અને જિલ્લા સ્તરની સર્વેલન્સ ટીમો ઈન્ફ્લ્યુએન્ઝા જેવા લક્ષણો (ILI) અને ગંભીર તીવ્ર શ્વસન ચેપ (SARI) પર નજીકથી નજર રાખી રહી છે. એક સત્તાવાર સૂત્રએ જણાવ્યું હતું કે માર્ગદર્શિકા મુજબ, દાખલ થયેલા તમામ SARI દર્દીઓનું પરીક્ષણ કરવું ફરજિયાત છે. આ ઉપરાંત, SARI પોઝિટિવ નમૂનાઓ જીનોમ સિક્વન્સિંગ માટે ICMRના VRDL નેટવર્કને મોકલવામાં આવી રહ્યા છે.

### તેના અમલથી યુએસની બજેટ ખાધ વધીને ૨.૫ ટ્રિલિયન ડોલર થશે

# ટ્રમ્પ સરકારનું બિગ બ્યુટિફુલ બિલ તદ્દન નિરાશાજનકઃ મસ્ક

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૫ ।

અમેરિકાના અબજોપતિ બિઝનેસમેન એલન મસ્કે ડોનાલ્ડ ટ્રમ્પ સરકારમાંથી વિદાય લીધા બાદ હવે ખુલીને ટ્રમ્પના બિગ બ્યુટિફુલ બિલની ટીકા કરી છે. મસ્કે ટ્રમ્પ સરકારના કરવેરા છૂટ અને ખર્ચ કાપ અંગેના વિધેયક (બિલ)ને ઘૃણાસ્પદ ગણાવ્યું છે. મસ્કે દાવો કર્યો છે કે આ બિલ ખર્ચાળ રહેશે અને તેનાથી અમેરિકાની ખાધમાં જંગી વધારો થશે. મસ્કે એક્સ પર પોસ્ટ કરી જણાવ્યું કે, હું હવે વધુ સહન કરી શકું તેમ નથી, કોંગ્રેસનું આ બિલ અત્યંત ખર્ચાળ અને નિરાશાજનક છે.આ બિલ માટે જેમણે મત આપ્યા તેમને શરમ આવવી જોઈએ. તમે ખોટું કર્યું છે, તેનો તમને ખ્યાલ છે. આ બિલને લીધે અમેરિકાની બજેટ ખાધ વધીને ૨.૫ ટ્રિલિયન ડોલર થશે. મસ્કે આરોપ લગાવ્યો કે, કોંગ્રેસનો પ્રયાસ અમેરિકાને દેવાળિયું બનાવવાનો છે. અન્ય એક



પોસ્ટમાં ટ્રમ્પે જણાવ્યું કે, આગામી નવેમ્બરમાં આપણે તે તમામ નેતાઓને પદ પરથી હટાવીશું જેમણે દેશના લોકો સાથે દગો કર્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ ચૂંટાયા ત્યારબાદ તેના ખાસ ગણાતા મસ્કને દક્ષતા વિભાગના પ્રમુખ બનાવ્યા હતા. મસ્કે ૨૯મી મેના રોજ આ પદ છોડી દીધું હતું. ટ્રમ્પ સરકાર દ્વારા આ બિલ થકી ૨૦૧૭માં તેમના પ્રથમ કાર્યકાળમાં જાહેર કરાયેલી ટેક્સ છૂટને આગળ લંબાવવા ઉપરાંત ચૂંટણી ઢંઢેરામાં અપાયેલા વચનોને પૂર્ણ કરવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે.



નવી દિલ્હીમાં ભગવાન મહાવીર વનસ્થલી પાર્ક ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૫ના શુભ અવસર પર ‘એક પેડ મા કે નામ’ પહેલ હેઠળ વડાપ્રધાન નરેન્દ્ર મોદી છોડ રોપતા જોવા મળ્યા.

## ત્રીજી વન-ડે જીતીને ઇંગ્લેન્ડે વિન્ડિઝનો વ્હાઇટવોશ કર્યો

। (એજન્સી) લંડન, તા.૫ ।

પ્રવાસી વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રીજી વન-ડે ક્રિકેટ મેચમાં ઈંગ્લેન્ડે હવામાનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને યોજનાબદ્ધ રમત દાખવી સાત વિકેટે શાનદાર વિજય હાંસલ કર્યો હતો. મેચનો પ્રારંભ વરસાદ અને અન્ય વિચિત્ર સંજોગોને કારણે વિલંબથી થયો હતો. જેને કારણે આ મેચ ૪૦-૪૦ ઓવરની કરી દેવાઈ હતી પરંતુ અંતે ઈંગ્લેન્ડનો ટારગેટ પણ બદલાઈ ગયો હતો. આમ છતાં ઈંગ્લેન્ડે સાત વિકેટે મેચ જીતવાની સાથે ત્રણ મેચની સિરીઝમાં કેરેબિયન ટીમનો વ્હાઈટવોશ કર્યો હતો. જેમી સ્મિથને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો  તો જો રૂટને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરાયો હતો.અહીંના ઓવલ ખાતે મંગળવારે રમાયેલી મેચમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમ ટ્રાફિકમાં ફસાઈ જતાં તેને સ્ટેડિયમ સુધી પહોંચવામાં વિલંબ થયો હતો અને ત્યાર બાદ વરસાદનું આગમન થઈ જતાં મેચ ૪૦ ઓવરની કરી દેવાઈ હતી જેમાં પ્રથમ બેટિંગ કરતાં વેસ્ટ ઈન્ડિઝે નવ વિકેટે ૨૫૧ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ઈંગ્લેન્ડે ૨૯.૪ ઓવરમાં માત્ર ત્રણ વિકેટ ગુમાવીને મેચ જીતી લીધી હતી. ઈંગ્લેન્ડને ૪૦ ઓવરમાં ૨૪૬ રનનો ટારગેટ મળ્યો હતો.હવામાન ક્યારેય બદલાઈ શકે છે તે બાબતને ધ્યાનમાં રાખીને ઈંગ્લેન્ડે પ્રારંભથી જ આક્રમક બેટિંગ કરી હતી. ઓપનર જેમી સ્મિથે ૨૮ બોલમાં ત્રણ સિક્સર અને દસ ચોગ્ગા સાથે ૬૪ રન ફટકાર્યા હતા.

## તંત્રી લેખ...

## ભારતમાં ફરીથી કોરોના સક્રિય

કોરોના મહામારીની દુઃખદાયક યાદો હજુ પણ કોઈ ભૂલ્યું નહીં હોય અને ભારતમાં ફરીથી કોરોના સક્રિય થવાના સમાચારો સાંભળવા મળી રહ્યા છે. દેશમાં આ વાયરસથી સંક્રમિત દર્દીઓની તાજી સંખ્યા ૪૦૦૦ના આંકડાને પાર કરી ગઈ છે, તો છેલ્લા ૨૪ કલાકમાં પાંચ લોકોના મોત થયાના અહેવાલો પણ સામે આવ્યા છે. જોકે આ આતંકિત થયા વિના વધારે સાવધાન રહેવાનો સમય છે. સ્વાસથ્ય મંત્રાલય અનુસાર, સૌથી વધારે કેસો કેરળ, મહારાષ્ટ્ર, ગુજરાત અને દિલ્હીમાં નોંધાયા છે. આ તમામ રાજ્યો સંસાધન અને સ્વાસ્થ્ય માળખાની દૃષ્ટિએ અપેક્ષાકૃત બહેતર સ્થિતિમાં છે, તેથી તેમની સરકારો અને સ્વાસ્થ્ય મહેકમ પર એ જવાદારી છે કે તે સંક્રમણને રોકવા માટે જરૂરી પગલાં ભરે અને દર્દીઓની સઘન દેખભાળની સાથે સાથે પ્રભાવિત વિસ્તારોમાં જાગરુકતા અભિયાન ચલાવે, જેથી લોકો પર્યાપ્ત સતર્કતા રાખી શકે. ખાસ કરીને કેરળમાં જેટલી સંખ્યામાં તેના દર્દી જોવા મળ્યા છે, ડાબેરી મોરચાની સરકારે તેને ગંભીરતાથી લેવાની જરૂર છે. નવા-નવા વેરિયન્ટથી પાછા આવતા કોરોના મુદ્દે વિશેષજ્ઞોએ પહેલાં જ ચેતવ્યા હતા, જોકે તેની સાથે આશ્વાસન પણ હતું કે હવે તેની મારકતા પહેલાં જેવી નહીં હોય. અત્યાર સુધી જેએન.૧ વેરિયન્ટના સંક્રમણના કેસો જોવા મળ્યા છે તેમાં મોટાભાગના હળવા લક્ષણોના જ છે.

## કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ 'નેશનલ એગ્રો-આરઈ સમિટ ૨૦૨૫'માં ભાગ લેશે

### કૃષિ અને નવીનીકરણીય ઊર્જાને એકીકૃત કરીને નવા મોડેલ વિકસાવવા પર ચર્ચા યોજાઈ, આપણા ખેડૂતો ફક્ત ખોરાક પૂરો પાડનારા જ નહીં પણ ઊર્જા પૂરી પાડનારા પણ બની શકે છે"- શ્રી શિવરાજ સિંહ




કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે નવી દિલ્હીમાં નેશનલ સોલાર એનર્જી ફેડરેશન ઓફ ઈન્ડિયા (NSEFI) દ્વારા આયોજિત રાષ્ટ્રીય કૃષિ-નવીનીકરણીય ઊર્જા પરિષદ ૨૦૨૫માં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે કૃષિ અને નવીનીકરણીય ઊર્જા પર ફેડરેશનનો અહેવાલ અને વાર્ષિક સંદર્ભ પુસ્તકનું વિમોચન કર્યું હતું. કૃષિ ક્ષેત્રમાં નવીનીકરણીય ઊર્જાના એકીકરણ અંગે નીતિ નિર્માતાઓ, નિષ્ણાતો અને ખેડૂતો વચ્ચે સંવાદ અને સહયોગને પ્રોત્સાહન આપવા માટે આ પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સંબોધતા શ્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, ''માનનીય પ્રધાનમંત્રીએ મને કૃષિ, ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રાલયની જવાબદારી સોંપી છે. હું સોંપાયેલ દરેક ફરજને સમર્પણ સાથે પૂર્ણ કરવાનો પ્રયાસ કરું છું. ૧૫ દિવસનું 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન' ૨૯ મેથી ચાલી રહ્યું છે. તેના ભાગ રૂપે, મેં ઓડિશા, જમ્મુ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, પટના અને મહારાષ્ટ્રની મુલાકાત લીધી છે, અને હું આપણા ખેડૂત ભાઈઓ અને બહેનોને મળવા માટે દેશભરમાં પ્રવાસ કરવાનું ચાલુ રાખીશ.

તેમણે ઉમેર્યું કે ખેડૂતોની સમૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે છ અસરકારક પગલાં પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે: ઉત્પાદન વધારવું, ઉત્પાદન ખર્ચ ઘટાડવો, ઉત્પાદન માટે વાજબી ભાવ સુનિશ્ચિત કરવા, નુકસાનના કિસ્સામાં વળતર પૂરું પાડવું, ભાવિ પેઢીઓ માટે જમીનને સાચવવા માટે ખાતરોનો વૈવિધ્યકરણ અને સંતુલિત ઉપયોગ. તેમણે જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા માટે ઓર્ગેનિક ખેતીના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો.

ચૌહાણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, ૨૦૧૪-૧૫ થી કૃષિ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે, જેમાં એકંદર ઉત્પાદનમાં ૪૦%નો વધારો થયો છે. ઘઉં, ચોખા, મકાઈ અને મગફળીના ઉત્પાદનમાં વૃદ્ધિ થઈ છે. પરંતુ હવે કઠોળ અને તેલીબિયાંના ઉત્પાદનમાં વધારો કરવાની જરૂર છે.

''ભારત કૃષિ વિના ચાલી શકે નહીં,'' તેમણે આગ્રહપૂર્વક કહ્યું કે દેશની ૫૦% વસ્તી હજુ પણ રોજગાર માટે કૃષિ પર આધાર રાખે છે. તેમણે કહ્યું કે બદલાતા સમય સાથે સ્પર્ધા કરવા માટે સંકલિત ખેતી પ્રણાલીઓ અપનાવવી જોઈએ. આ પ્રણાલીઓ દ્વારા, સીમાંત ખેડૂતો તેમની જમીનના દરેક ભાગનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકે છે અને સમૃદ્ધિ તરફ આગળ વધી શકે છે.

ચૌહાણે જણાવ્યું હતું કે ખેડૂતોને વીજળી પૂરી પાડવા માટે સૌર પેનલ એક મુખ્ય સ્રોત બની શકે છે અને પીએમ-કુસુમ યોજના તેમના માટે ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આ દિશામાં કામ કરી રહી છે.

તેમણે એવા ખેતરોમાં એલિવેટેડ સોલાર પેનલ્સ સ્થાપિત કરવાના મોડેલનો પણ પ્રસ્તાવ મૂક્યો જ્યાં પાક નીચે ઉગાડવામાં આવે છે, અને જણાવ્યું હતું કે આવા મોડેલ નાના અને મધ્યમ સ્તરના ખેડૂતોને ખોરાક અને ઊર્જા પ્રદાતાઓમાં પરિવર્તિત કરી શકે છે. તેમણે આ મોડેલ પર વધુ ગંભીર વિચારણા અને વિકાસ માટે વિનંતી કરી અને ખાતરી આપી કે જો તેના અસરકારક અને આધુનિક સંસ્કરણો આગળ લાવવામાં આવે તો સરકાર ચોક્કસપણે તેના અમલીકરણને સમર્થન આપશે.

પોતાના સંબોધનના સમાપન કરતાં, શ્રી ચૌહાણે દરેકને ૫ જૂનના વિશ્વ પર્યાવરણ દિવસને અર્થપૂર્ણ મહત્વ આપવાનું આહ્વાન કર્યું અને કહ્યું કે સૌર ઊર્જા પર્યાવરણ સંરક્ષણમાં એક સીમાચિહ્નરૂપ બની શકે છે.

**વેદોની ઉત્પત્તિ પછી જ યુગની શરૂઆત સ્વીકારીએ, તો ચક્રાકારે ગતિ કરતાં આ સમયને ત્યારે સતયુગ કહેવાતો**

# ગાયત્રી મંત્ર એ જગતગુરુ શંકરાચાર્યનાં મતે વૈદિક રીતે વ્યક્તિગત ઉત્થાન માટે કરાતી પ્રાર્થના છે...



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ગાયત્રી મંત્ર એ જગતગુરુ શંકરાચાર્યનાં મતે વૈદિક રીતે વ્યક્તિગત ઉત્થાન માટે કરાતી પ્રાર્થના છે, તેમણે તેમના પુસ્તકમાં ગાયત્રીને ૪૦ શક્તિઓની સિદ્ધિ દાયિની ગણી છે, તેનું ધ્યાન ધરવાથી બુદ્ધિની મલીનતા ધોવાઇ જાય છે, તથા ધર્મના આચરણમાં શ્રદ્ધા અને યોગ્યતા ઉત્પન્ન થાય છે.**

આજે જેઠ સુદ અગિયારસને ભીમ અગિયારસ છે, પણ સોમવારે ચરિત્રની ઓળખમાં ભીમ અગિયારસનું મહાત્મ્ય જોઈશું. આમ તો ૫ જૂન પર્યાવરણ દિવસ પણ ગયો, એને વિશે રવિવારે વાત કરીશું,પણ જેઠ સુદ અગિયારસે હિન્દુ પંચાંગ મુજબ ગાયત્રી જયંતિ ઉજવાય છે, અને મારી માટે ગાયત્રી ગુરુ મંત્ર હોવાથી આજે આપણે એને વિશે વાત કરીશું. માતા ગાયત્રીને આપણે ત્યાં વેદ માતા પણ કહેવામાં આવે છે. ચાર વેદ સાથે જ જેનો જન્મ છે, એવી માતા ગાયત્રી એ હિન્દુ સંસ્કૃતિની જનની પણ કહેવાય છે. આપણે ત્યાં અત્યારે એક બહુ જ પ્રચલિત શબ્દ છે, ''મોરલ ઓફ સ્ટોરી'', એમ ચારેય વેદનો જે સાર છે, તે ગાયત્રી મંત્ર છે. વેદોની ઉત્પત્તિ પછી જ યુગની શરૂઆત સ્વીકારીએ, તો ચક્રાકારે ગતિ કરતાં આ સમયને ત્યારે સતયુગ કહેવાતો. ઘણીવાર વિચાર આવે કે સતયુગમાં અને કળિયુગમાં એટલો શું ફેર છે? સતયુગમાં માનવી ધર્મ અને સંસ્કૃતિની માવજત કરતો, અને એના કહ્યાં પ્રમાણે જીવન જીવતો!: જ્યારે આજે માનવીનું જીવન ચરિત્ર બનાવનારા આ બંને ઘટકો એટલે કે ધર્મ અને સંસ્કૃતિનો ઉપયોગ માનવી પોતાના સ્વાર્થ માટે કરતો થઈ ગયો છે, પોતાની ઈમ્પ્રેશન બનાવવા માટે કરતો થઈ ગયો છે, પ્રભાવ પાડવા માટે કરતો થઈ ગયો છે, બસ આટલો જ તફાવત છે! જો આપણે સૌ પણ એ સમયમાં પાછા ફરવા માંગતા હોઈએ, અથવા તો કળિયુગને જ સતયુગ જેવો બનાવવા માંગતા હોઈએ, તો સંસ્કૃતિની વિમુખ થતાં જતાં જીવનને યોગ્ય ટ્રેક પર લાવવું પડશે, મૂળમા આપણે સંસ્કૃત એટલે એવાં દિવ્ય સંસ્કારોનાં વાહક બનવું પડશે, બસ એટલો જ બદલાવ કરવાનો છે. જેમ એક કુંડામાં કોઈપણ એક છોડ વાવીએ તો એના ઉછેર માટે એને રોજ પાણી સીંચવું પડે, સમયે ખાતર નાખવું પડે, અને જરૂરી સૂર્યપ્રકાશ મળે છે કે નહીં એ જોવું પડે. બસ એ જ રીતે આપણે પણ આપણા ધર્મ મુજબ વેદ નાં મૂળ મંત્રનો પાઠ કરવો પડે, અને સંસ્કૃતિ મુજબ અમુક સમયે સત્કર્મ કરવુ પડે, અને દૈનિક તપ કરવું પડે, અને એનાથી આપણે જીવંત તેમજ હર્યાભર્યા રહી શકીએ છીએ! નહીં કે વિષય ભોગમાં તલ્લીન રહીએ! અને આ વાત અનુભવે સિદ્ધ કરવી પડે. કેટલું સરળ છે, કોઈ આકરા આકરા વ્રત કે તપ નહીં, માત્રને માત્ર ૨૪ અક્ષરનો ગાયત્રી મંત્ર આપણું જીવન ઉજ્જવળ બનાવી શકે છે! અને આપણને એ વાતની ખબર નથી એવું પણ નથી, છતાં થતું નથી એ પણ એટલું જ સત્ય છે. એટલે કે નિયમ મુજબ કદાચ કોઈ એક બે માળા કરતું હોય, પણ એનાં અર્થ અને એના વિસ્તૃત આયામ વિશેનું જ્ઞાન તો મંત્રના શુદ્ધ સાત્વિક સંકલ્પથી જ પ્રાપ્ત થાય, અને ધીરેધીરે વિષયી મન ધર્મ અને સંસ્કૃતિની પરિભાષા સમજીને એનો જાપ કરે. ગાયત્રી મંત્ર એ જગતગુરુ શંકરાચાર્યનાં મતે વૈદિક રીતે વ્યક્તિગત ઉત્થાન માટે કરાતી પ્રાર્થના છે. તેમણે તેમના પુસ્તકમાં ગાયત્રીને ૪૦ શક્તિઓની સિદ્ધિ દાયિની ગણી છે. તેનું ધ્યાન ધરવાથી બુદ્ધિની મલીનતા ધોવાઈ જાય છે, તથા ધર્મના આચરણમાં શ્રદ્ધા અને યોગ્યતા ઉત્પન્ન થાય છે. તે ઈશ્વરરૂપ બ્રહ્નની પ્રાર્થનાનો એક વૈદિક મંત્ર છે. જે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ ચારેય વેદોમાં છે. આ મંત્ર સિવાય બીજો કોઈ એકેય મંત્ર નથી, જે ચારેય વેદોમાં આવતો હોય, એવું એમનું ગાયત્રી મંત્ર માટે એક બહુ સ્પષ્ટ નિવેદન પણ રહ્યું છે. દરેક ધર્મમાં એક મુખ્યમંત્ર હોય છે. એમ 'ગાયત્રી' હિન્દુઓનો સર્વોપરી મંત્ર છે. માતા ગાયત્રીને આપણે ત્યાં સૌમ્ય અને શાંત દેવી તરીકે પણ સ્વીકારવામાં આવી છે, અને તેનો આ મંત્ર પણ ધાર્મિક કરતાં આધ્યાત્મિક જ્ઞાન, અને તેની વૃદ્ધિ કરે છે. એનો જવાબ કરનાર માનવી ધીરે ધીરે જ્ઞાન સ્વરૂપ બને છે, અને તેનાં વિવેક અને વિનમ્રતાની છબીથી સમાજમાં એક અનોખું સ્થાન પ્રાપ્ત કરે છે. આ જ કારણથી કોઈપણ સાધનાની શરૂઆતમાં માનવી પોતાના ચંચળ મનને શાંત કરવા માટે ગાયત્રી મંત્રનો સહારો લે છે, અને એનાથી એ અધ્યાત્મ માર્ગમાં પ્રવેશ પ્રાપ્ત કરે છે. ગાયત્રી મંત્ર એ એવો મંત્ર છે, કે જેને તે જપે છે, તેનું તે કલ્યાણ અને રક્ષણ કરે છે. ગાયત્રી મંત્રના દરેક શબ્દમાંથી એક જ્યોતિ નીકળે છે. તેના ૨૪ અક્ષરોમાં ૨૪ શક્તિઓ રહેલી છે. તેના ૨૪ અક્ષરો અને તેનું ઉચ્ચારણ શરીર સ્પંદનોનાં ૨૪ સ્થળો પર પ્રભાવ પાડે છે, જેનાથી માનવીને દિવ્ય અનુભૂતિનાં દર્શન થાય છે. વેદોના હજારો મંત્રોમાં સૌથી પ્રસિદ્ધ ગાયત્રી મંત્ર છે, એટલે તેને ગુરુમંત્ર, સાવિત્રી મંત્ર, મહાનતમ જપ, તપ, સાધના અને મનોકામના પૂર્ણ કરનારો પૂરક મંત્ર પણ કહેવાયો છે. ગુગલ મુજબ થોડી શાસ્ત્રિય વાત કરીએ તો મૂળ આ મંત્ર ઋગ્વેદના ત્રીજા મંડળના ૧૨મા સુકતનો ૧૦મો મંત્ર છે. સામવેદમાં ૧૪૬૨ મો મંત્ર છે. યજુર્વેદમાં તો આ મંત્ર ચાર વાર આવે છે, અને અથર્વવેદમાં ગાયત્રીનો મહાન મહિમા ૧૯ મા સુકતમાં ૭૧માં મંત્રમાં ગવાયો છે. આ ઉપરાંત અનેક ધર્મગ્રંથો તથા ઉપનિષદોમાં આ મંત્રનો ઉલ્લેખ ઘણીવાર આવે છે. ઋષિ વિશ્વમિત્ર ગાયત્રી મંત્રનાં દ્રષ્ટા છે. અગ્નિ આચાર્ય છે, બ્રહ્ન મસ્તક છે, વિષ્ણુ હૃદય છે. રુદ્ર શિખા છે, પૃથ્વી યોનિ છે. હરિ ગાયત્રીના પ્રાણ છે, શ્વેત વર્ણ છે, અને સાંખ્યાયન ગક્ષેત્ર છે. પ્રકૃતિનાં ચોવીસ તત્વોના બંધનમાંથી મુક્ત કરવાની શક્તિ ગાયત્રીમાં છે. આપણે સૌ જાણીએ છીએ કે ગાયત્રી મંત્ર ના મુખ્ય ત્રણ ચરણ છે, એટલે ૐ ભૂર્ભુવઃ સ્વઃ, તત્ સવિતુવરેણ્યં ભર્ગો દેવસ્ય, ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત આમ ગાયત્રીમાં ત્રણ પદો છે. જે કર્મ, જ્ઞાન, ભક્તિના તે પ્રતિપાદક છે. પ્રાચીન ગ્રંથોમાં ગાયત્રી મંત્રથી જે શક્તિઓ પ્રાપ્ત થાય છે, તેનું વિવરણ નીચે પ્રમાણે કર્યું છે. આ મંત્રના ૨૪ અક્ષરોના અર્થ વર્ણવ્યા છે જે : પહેલા અક્ષરમાં 'સફળતા', બીજામાં 'પુરુષાર્થ', ત્રીજામાં 'પાલન', ચોથામાં 'કલ્યાણ', પાંચમામાં 'યોગ', છઠ્ઠામાં 'પ્રેમ', સાતમામાં 'લક્ષ્મી', આઠમામાં 'તેજિસ્વતા', નવમામાં 'સુરક્ષા', દશમામાં 'બુદ્ધિ', અગિયારમાં 'દમન' બારમામાં 'નિષ્ઠા', તેરમામાં 'ધારણા', ચૌદમમાં 'પ્રાણ', પંદરમામાં 'સંયમ', સોળમામાં 'તપ', સત્તરમામાં 'દૂરદર્શિતા', અઢારમામાં 'જાગરણ', ઓગણીસમાં 'સૃષ્ટિજ્ઞાન', વીસમામાં 'સરળતા', એકવીસમાં 'સાહસ', બાવીસમાં 'દમન', ત્રેવીસમાં 'વિવેક' અને ચોવીસમાં 'સેવાભાવ' નામની શક્તિઓનો ઉદ્ભવ થયેલો છે. પણ આપણે આ બધામાં ન જઈએ અને ફક્ત એનો સીધો સાદો અર્થ સ્વીકારી એનો જાપ કરીએ તો પણ એ આપણાં જીવનની દિશા બદલી શકે છે. ગાયત્રી મંત્રનો અર્થ, પદાર્થ, ઊર્જા, અન્તરિક્ષ અને આત્મામાં વિચરણ કરવા વાળા તે પ્રેરક, પૂજ્ય, શુદ્ધ સ્વરૂપ દેવતાનું અમે ધ્યાન કરીએ અને તે અમારી બુદ્ધિને સારાં કામોમાં પ્રવૃત કરે. ૐ ને આપણે ત્યાં એકાક્ષરી મંત્ર તરીકે સ્વીકારાયો છે, અને જેને બ્રહ્માંડનો બીજ મંત્ર પણ કહેવામાં આવે છે, અને એટલે જ લગભગ ઘણા મંત્રમાં આગળ ૐ ને જોડવામાં આવે છે. એટલે ૐ સાથે ગાયત્રી મંત્રની શક્તિ તો ડબ્બલ થઈ એમ કહી શકાય! આવાં સુંદર સંદર્ભ સાથે જેને વેદ સ્થાન મળ્યું છે, એ ગાયત્રી અને ગાયત્રી મંત્રનો જાપ કરી આપણે પણ સતયુગમાં એટલે કે જ્યાં વેદ ગાન અને વેદ જ્ઞાન સહજ હતું, એ સમયમાં પહોંચી શકીએ છીએ! જય ગુરુદેવ.

**સંયમથી સદાચારથી સત્ત્વગુણ વધવાથી અંદરથી જ્ઞાન સ્ફુરણ થાય છે, જીભ સુધરે તો જીવન સુધરે છે**

# જ્ઞાનની પ્રાપ્તિ શરીરમાં સત્ત્વ ગુણ વધવાથી થાય છે, સત્ત્વ ગુણ શુદ્ધ આચાર, વિચાર, આહારથી વધે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**હવે તો ગણપતિએ ઘી સિંદુરથી પૂજવા માંગે છે, આ સમયમાં ભગવદ્ ગીતાનો ઉપદેશ કંઈક અલગ રીતે જોઈ રહ્યા છીએ એમાં કોઈને કંઈ સમજવામાં ગેરસમજ થાય તો સુધારીને વાંચજો ખુશ રહો, બસ વધુ બોલતા નહી હો લોકશાહી છે, લોકોએ નહી નેતાઓ સોરી લોક સેવકોએ જ બોલવાનું છે, વન સ્ટેટ વન ઈલેકશનમાં તો ચૂપ રહયા..પણ વન નેશન વન ઈલેકશનમાં સફળ થઈએ, જય સિંદૂર.**

તમે કેટલા પણ સારા હો અને કેટલા પણ સારા કામ કરી લ્યો પરંતુ જે માણસ તમને ખોટા સમજે છે. તે જીવનભર ખોટા જ સમજશે કારણ કે નજરનું ઓપરેશન કરી શકાય પણ જોવાની રીતનું નહીં....આ યુગ શિક્ષણનો યુગ છે,કલમનો યુગ છે આપણો દેશને અત્યારે યુવાનોનો દેશ કહેવામાં આવે છે,દેશ ખેતી પ્રધાન દેશ તરીકે ઓળખાય છે ત્યારે આજે શિક્ષણ અનિવાર્ય છે અને દરેક યુવાન શિક્ષણમાં ટેકનોલોજીમાં અને સામાજિક રીતે પાછળ રહી જાય તો એ કેમ ચાલે? (અઢારેયઆલમને કદાચ મુંઝવતો પ્રશ્ન)આજે યુવાન દિકરા દિકરીઓ ડ્રગ્સ દારૂ,સિગારેટ, જેવા વ્યસનનો ભોગ બની રહ્યા છે,જોકે એની સંખ્યા ઓછી છે પણ કોઈ પણ સમાજ કે દેશ બરબાદ ત્યારે જ થાય છે જ્યારે એનું યુવાધન અવળા માર્ગે હોય, રુપાળા સમાજનું નિર્માણ કરવા માટે રુપાળુ યુવાધન જોઈએ, આજે દરેક સમાજમાં દેખાદેખી, અમુક એવા નવા રીવાજ આવીને ફેશન બની ગયા છે,આ બધા કુરિવાજો વ્યસનો,ભૃણ હત્યા, બલી પ્રથા, વગેરેમાંથી પાછા વળવાનો એક જ રસ્તો છે શિક્ષણ....તો આટલી વાત પછી આજે આપણે ભગવદ્ ગીતાજ્ઞાન માં જોઈએ તો માનવ શરીરએ ઘડો છે.આ ઘડાને નવ છિદ્રો છે. ઘડામાં છિદ્રો હોય તો ઘડો ભરાય નહીં.એક-એક છિદ્રમાંથી અનેક વખત વિકાર વાસનાના વેગમાં જ્ઞાન વહી જાય છે. જ્ઞાન થવું એ અઘરું નથી પણ આવેલું જ્ઞાન ટકતું નથી જ્ઞાનને ટકાવવા ઈન્દ્રિયો માંથી વહી જતી બુદ્ધિશક્તિને અટકાવવાની છે.જ્ઞાનીઓ ઈન્દ્રિયોને વિષયોમાં જતી અટકાવે છે.ત્યારે વૈષ્ણવો તેને પ્રભુના માર્ગમાં વાળે છે. આજે જ્ઞાન બધું પુસ્તકમાં રહ્યું છે મસ્તકમાં રહ્યું નથી. પુસ્તકોની પાછળ પડે એ વિદ્વાન અને પ્રભુ પ્રેમમાં પરમાત્માની પાછળ પડે તે સંત વિદ્વાન શાસ્ત્ર પાછળ દોડે છે ત્યારે શાસ્ત્ર સંતની પાછળદોડે છે શાસ્ત્રો વાંચીને જે બોલે તે વિદ્વાન પ્રભુને રિઝવીને પ્રભુ પ્રેમમાં પાગલ થયેલો જે બોલે તે સંત. ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે, હૃદયમાં સાત્ત્વિક ભાવ જાગે,મન શુદ્ધ થાય,એટલે હૃદયમાંથી જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે.મીરાં બાઈ,તુકારામ મહારાજ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયાં નથી. જ્ઞાનનો શત્રુ છે હિરણ્યાક્ષ. ભાગવતમાં અવતારનો ક્રમ બતાવ્યો છે તેમાં પહેલાં હિરણ્યાક્ષનો વધ, પછી કપિલ ભગવાન આવે છે. તમારા મનને પૂછશો કે ઈશ્વરે મને જે સંપત્તિ -સુખ આપ્યાં છે તેને હું લાયક છું કે નહીં?તો જવાબ મળશે કે લાયક નથી.એટલા માટે થાય છેકે મનુષ્ય માને છે કે પ્રભુ એ મને ઓછું આપ્યું છે. સ્વયંભુવ મનુની રાણીનું નામ શત રૂપા. મનુમહારાજને ત્યાં બે બાળકો થયાં.તેમનાં નામો પ્રિય વ્રત અને ઉત્તાનપાદ,ત્રણકન્યાઓ થઈ તેમનાં નામો આકૃતિ દેવહૂતિ તથા પ્રસૂતિ.તેમાં આકૃતિ રુચિને દેવહૂતિ કર્દમને અને પ્રસૂતિ દક્ષને પરણાવી.દેવહુતિનું લગ્ન કર્દમ ઋષિ સાથે થયું હતું. તેમને ત્યાં કપિલ ભગવાન પધાર્યા. વિદુરજી પ્રશ્ન કરે છેકે,હે મૈત્રેયજી આ કપિલ ભગવાનની કથા મને કહો. મૈત્રેયજી કહે છે,કપિલ બ્રહ્મ જ્ઞાનનું સ્વરૂપ છે. કર્દમ થશો તો તમારે ઘરે કપિલ આવશે. કર્દમ એટલે કરદમ. ઈન્દ્રિયોનું દમન કર. ઈન્દ્રિયોનું દમન કરે એ કર્દમ.કર્દમ એટલે જિતેન્દ્રિય શરીરમાં સત્ત્વ ગુણની વૃદ્ધિ થાય એટલે આપો આપ જ્ઞાનનો ઝરો ફૂટે છે,જ્ઞાન પ્રગટે છે. જ્ઞાનની પ્રાપ્તિ શરીરમાં સત્ત્વગુણ વધવાથી થાય છે. સત્ત્વગુણ શુદ્ધ આહાર,શુદ્ધ આચાર.શુદ્ધ વિચાર થી વધે છે.સંયમથી સદાચારથી સત્ત્વગુણ વધવાથી અંદરથી જ્ઞાન સ્ફુરણ થાય છે.જીભ સુધરે તો જીવન સુધરે છે.લૂલી માગે તે તેને આપશો નહીં. બે-ચાર મિનિટમાં ઊંઘ આવશે એમ લાગે ત્યારે જ પથારીમાં પડો. જિતેન્દ્રિય થવા માટે સરસ્વતીના કિનારે રહેવું પડશે સરસ્વતીનો કિનારો એટલે સત્કર્મનો કિનારો. યમુનાજી ભક્તિનું સ્વરૂપ છે. ગંગા જ્ઞાનનું અને સરસ્વતી સત્કર્મનું સ્વરૂપ છે. લક્ષ્ય વગરનો આદમી સઢ વગરના વહાણ જેવો છે. કર્દમ જિતેન્દ્રિય મહાત્મા છે. તેમણે ખૂબ તપશ્ચર્યા કરી. શરીરમાં હાડકાં જ બાકી રહ્યા છે. કર્દમની તપશ્ચર્યા જોઈ પ્રભુ પ્રસન્ન થયા. આંખમાંથી હર્ષના આંસુ નીકળ્યાં. તેનું થયું બિંદુ સરોવર.સિદ્ધપુરની જાત્રા વખતે આ બિંદુસરોવરમાં સ્નાન કરવું પડે છે.તમે ખૂબ ધ્યાન કરશો તો ભગવાન તમારા ઉપર પ્રસન્ન થશે,તમને દર્શન આપશે. ભગવાનનું ધ્યાન ન થાય તો વાંધો નહીં,પણ સાવધાન રહેજો કે તમારું મન સંસારના વિષયોમાં સ્થિર ન થાય.આંખ રતનનું જતન કરજો.આંખની શક્તિ વેડફી નાખશો નહીં.સંસારનું સૌંદર્ય ક્ષણિક છે.પૈસા વધે એટલે લોકો માં વિવેક રહેતો નથી.જગતની કોઈ વસ્તુ સુંદર નથી.વિકાર આંખમાં છે એટલે વસ્તુ સુંદર લાગે છે. મનુષ્ય સૌંદર્ય પાછળ પાગલ બને છે, પણ જે વ્યક્તિના સૌંદર્ય પાછળ પાગલ બન્યો હોય તેના મોઢા ઉપર બળિયા આવી જાય,તો તેનું મોઢું ગમતું નથી. શરીરની સુંદરતા નહીં, હૃદયની સુંદરતા જુઓ.જગત કરતાં પણ જગતનો સર્જન હાર સુંદર છે. લોકો સૌંદર્ય જોવા કાશ્મીર જાય છે, પણ કાશ્મીર બનાવનાર મારો શ્યામસુંદર કેટલો સુંદર હશે? એ તો નિત્યસુંદર છે તેવું માનજો. ઠાકોરજીનાં દર્શન કરવાથી આંખ સફળ થાય છે.કર્દમ કહે છે, મહારાજ, તમારાં દર્શન કરવાથી મારી આંખ સફળ થઈ છે. નાથ તમને પ્રાપ્ત કરી સંસાર સુખની માગણી કરે તે મૂર્ખ છે.પણ બ્રહ્માજીએ આજ્ઞા કરી છે,તેથી લગ્ન કરવાની ઈચ્છા થઈ છે. મને પત્ની જોઈતી નથી. મારે ઘરમાં સત્સંગ જોઈએ છે.સ્રીસંગએ કામસંગ નહીં પણ સત્સંગ છે. ધર્મમાં આચરણ માટે પત્નિ છે એટલે તો પત્નિને ધર્મપત્નિ કહી છે એકલો પથ કે એકલી સ્ત્રી ધર્મ માર્ગમાં આગળ વધી શકતા નથી. એકલી નાવડી સંસાર સાગર પાર કરી શકે નહીં. એકલો નાવિક પણ સંસાર સાગર પાર કરી શકે નહીં. સ્ત્રીએ નાવડી અને પુરુષએ નાવિક છે.એકને બીજાનો સાથે જોઈએ.પુરુષમાં વિવેક હોય છે અને સ્ત્રીમાં સ્નેહ,વિવેક અને સ્નેહ મળશે તો ભક્તિ પ્રગટ થાય છે. પુરુષ એ જ્ઞાનસ્વરૂપ છે. સ્ત્રીનું હૃદય કોમળ હોવાથી તે સમર્પણ કરે છે.સ્ત્રીએ ક્રિયા શક્તિ છે. ઘણાંને આશ્ચર્ય થશે કે,કર્દમે આટલાં વર્ષોની તપશ્ચર્યા કરી ભગવાન પાસે મુક્તિ કેમ ન માગી?કદમે વિચાર્યું કે,હજારો જન્મોની કામવાસનાઓ સુષુપ્ત રીતે મનમાં રહેલી હોય છે, તેને સંતોષી મનુષ્ય ઉપર જે ત્રણ પ્રકારનાં ઋણ હોય છે, તેમાંથી મુક્ત થવું સારું અને તે પછી મુક્તિની ઈચ્છા રાખવી. ભગવાને કહ્યું, બે દિવસ પછી મનુ મહારાજ તમારી પાસે આવશે અને પોતાની પુત્રી દેવહુતિ તમને આપશે.હું તમારે ત્યાં પુત્રરૂપે આવીશ.જગતને મારે સાંખ્ય શાસ્ત્રનો ઉપદેશ કરવાનો છે. એવું કહી શ્રીહરિ ત્યાંથી વિદાય થયા. પતિ-પત્નિ પવિત્ર જીવન ગાળે તો ભગવાનને ઈચ્છા થાય કે,હું તેમને ત્યાં જન્મ લઉં.નારદજી મનુ મહારાજ પાસે આવ્યા અને કહ્યું, તમે કર્દમને કન્યાદાન કરો. મનુ મહારાજ, શતરૂપા અને દેવહુતિ સાથે કર્દમઋષિના આશ્રમમાં આવે છે.કર્દમ વિવેકથી દેવહુતિની પરીક્ષા કરે છે.કર્દમઋષિએ આસનો બિછાવ્યાં છે,તે ઉપર બધાંને બેસવા કહે છે.મનુ, શતરૂપા ત્રણ બેસે છે. દેવહુતિ બેસતાં નથી.કર્દમે કહ્યું,આ ત્રીજું આસન દેવી તમારા માટે છે!દેવહુતિએ વિચાર કર્યો કે,ભવિષ્યમાં આ મારા પતિ થવાના છે. પતિએ પાથરેલ આસન ઉપર બેસુંએ મારો ધર્મ નથી અને જો ન બેસું તો આસન આપનારનું અપમાન થાય છે. તેથી દેવહુતિ જમણો હાથ આસન ઉપર રાખી આસન ની બાજુમાં બેસે છે.બિચારી જૂના જમાનાની હતી.આજકાલ ની હોત તો આસન ઉપર પહેલેથી જ જમાવી દેત.દીલમાં તો પત્નિ ઓ પતિઓને બાબાનેઝુલાવવાનો હુકમ કરે છે. છોકરાંઓને પતિને સોપીને ફરવા નીકળી જાય છે આર્યનારીના સાચા સંસ્કાર આજે ભૂલાતા જાય છે.આજે છોકરી ઓની પરીક્ષા કરવાની રીતો જુદી બનતી જાય છે. કર્દમ વિચારે છે છોકરીછે તો લાયક લગ્ન કરવામાં હરકત નથી.મનુ મહારાજે કહ્યું આ કન્યા હું આપને અર્પણ કરવા આવ્યો છું કર્દમઋષિ બોલે છે, લગ્ન કરવાની મને ઈચ્છા છે. લગ્ન પહેલાં હું એક પ્રતિજ્ઞા કરવાનો છું.મારાં લગ્ન વિલાસ માટે નથી પણ કામ નો વિનાશ કરવા માટે છે. કામનો વિકાસ નહીં પણ કામનો વિનાશ એ મારા લગ્નનું પ્રયોજન છે. એટલે એક પુત્ર થયા પછી હું લૌકિક સંબંધનો ત્યાગ કરીશ અને સંન્યાસ લઈ લઈશ.

# કર્ણાટકા હાઇકોર્ટમાં કહ્યું માફી નહીં માગુ, કર્ણાટકમાં ફિલ્મ રિલીઝ નહીં કરું : કમલ હસન

**તેઓ પોતાની આવનારી ફિલ્મ 'ઠગ લાઇફ' હાલ પુરતી કર્ણાટકમાં રિલીઝ કરશે નહીં**



કમલ હસને મંગળવારે બેંગ્લોરની કર્ણાટકા હાઈ કોર્ટમાં કહ્યું કે તેઓ પોતાની આવનારી ફિલ્મ 'ઠગ લાઈફ' હાલ પુરતી કર્ણાટકમાં રિલીઝ કરશે નહીં. ખરેખર તો તેમણે થોડાં દિવસો પહેલાં કન્નડા ભાષા અંગે એક નિવેદન આપ્યું હતું. તેના કારણે એક નવો વિવાદ શરૂ થયો છે. તેમના આ નિવેદનને લઈને કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે, જેમાં કમલ હસને કોર્ટ સમક્ષ માફી માગવાથી પણ ઈનકાર કરી દીધો છે.કમલ હસને કહ્યું હતું, ''કન્નડા ભાષાનો જન્મ તમિલ ભાષામાંથી થયો હતો'' હાઈકોર્ટે પણ તેમના આ નિવેદનને સખત રીતે વખોડી કાઢ્યું હતું અને નોંધ્યું હતું કે તે ભલે એક મોટા સ્ટાર હોય પરંતુ તેમને કર્ણાટકના લોકોની લાગણીઓને દુભાવવાનો કોઈ અધિકાર નથી. કોર્ટને જણાયું હતું કે માત્ર એક સાદી માફી આ મુદ્દાને હળવો કરી શકે છે.કમલ હસનના વકીલ ધ્યાન ચિનપ્પાએ જસ્ટીસ એમ.નાગપ્રસન્નાની બેંચને જાણ કરી હતી કે જ્યાં સુધી તેમના અસીલ કમલ હસન અને તેમની પ્રોડક્શન કંપની રાજકમલ ફિલ્મ્સ ઈન્ટરનેશનલ કર્ણાટકા ફિલ્મ ચેમ્બર ઓફ કોમર્સ સાથે વાતચીત ન કરે ત્યાં સુધી તેઓ કર્ણાટકમાં તેમની ફિલમની રિલીઝ મુલતવી રાખશે, તેથી ફિલ્મના સ્ક્રીનિંગ પર રાજ્યમાં પ્રતિબંધ મુકીને તેમની માફીની માગણી કરવામાં આવી હતી.આ મુદ્દે વકીલ ચિનપ્પાની દલીલ હતી કે તેમણે કમલ હસન દ્વારા લેખિતમાં અપાયેલું નિવેદન કેએફસીસી સમક્ષ રજૂ કર્યું હતું, જેમાં તેમણે કન્નડા ભાષા અને તેનાં લોકો પ્રત્યે પોતાના પ્રેમ અને સન્માનની વાત કરી હતી, જે આ વિવાદ માટે તેમનો યોગ્ય પ્રતિસાદ હતો. હવે આ મુદ્દે કમલ હસનને કોઈ ચોક્કસ રીતે માફી માગવાની ફરજ પાડી શકાય નહીં.ચિનપ્પાએ કહ્યું, ''જો તમારો દુર્ભાવ હોય તો તમારે માફી માગવાની જરૂર પડે, જેવું આ કેસમાં નથી.'' તેમણે એમ પણ કહ્યું હતું કે ચેન્નઈમાં 'ઠગ લાઈફ'ના મ્યુઝિક લોંચ વખતે ૨૪મેના દિવસે કમલ હસન દ્વારા કરાયેલાં આ વિવાદીત નિવેદનમાં કન્નડાને નીચી બતાવવાનો કે તેને બોલતાં લોકોને નીચા બતાવવાનો કોઈ ભાવ નહોતો અને આ વાત સારા ભાવથી અને શુભચિંતક ભાવથી જ કહેવાઈ હતી.આગળ વકીલે જણાવ્યું કે તેમણે ભાષા અને રાજ્ય પ્રત્યે લગાવ અને માન સિવાય કશું જ વ્યક્ત કર્યું નથી.જોકે, વકીલની દલીલોથી કોર્ટને અસંતોષ થયો હતો અને જસ્ટિસ નાગપ્રસન્નાએ શેક્સપીઅરનું એક જાણીતું વાક્ય ટાંકીને કહ્યું હતું, ''વિવેક એ બહાદુરીનો જ એક સારો ભાગ છે'', આમ તેમણે કમલ હસનને માનવતા દાખવવા સૂચન કર્યું હતું. જજે કહ્યું, ''તમે કોઈ સામાન્ય માણસ નથી. તમે એક જાણીતી વ્યક્તિ છો. તમે પરિસ્થિતિઓનું નિર્માણ કરો છો, તમે અજંપાભરી પરિસ્થિતિ બનાવો છો અને પછી હવે તેમને રાજ્યના વહીવટીતંત્ર તરફથી સુરક્ષા જોઈએ છે.

## કોર્ટે કમલ હસનના ઇનકાર પર નિઃરાશા વ્યક્ત કરી

કમલ હસન અને મણિ રત્નમે ૩૮ વર્ષ પહેલાં 'નાયકન'માં સાથે કામ કર્યું હતું, હવે તેમણે ફરી સાથે કામ કર્યું છે, તેમની 'ઠગ લાઈફ' ૫ જૂને રિલીઝ થઈ રહી છે. જાન્યુઆરી ૨૦૨૪થી આ ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ ગયું હતું. આ ફિલ્મનું શૂટ ૧૦૦ દિવસથી પણ વધુ દિવસ સુધી ચાલ્યું છે અને આ ફિલ્મ આ વર્ષની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મમાંની એક છે. આ ફિલ્મમાં કમલ હસન અને ત્રિશા ક્રિશ્નન મહત્વના રોલમાં છે. બે દિવસમાં આ ફિલ્મ થિએટરમાં રિલીઝ થવા જઈ રહી છે.કેટલાંક ટ્રેડ એક્સ્પર્ટના મતે 'ઠગ લાઈફ' ૧૮૦ કરોડના બજેટમાં બનેલી છે, તેમજ વધારાના ૨૦ કરોડ પ્રિન્ટ અને પબ્લિસિટી માટે ખર્ચવામાં આવ્યા છે. આમ આ ફિલ્મ પાછળ કુલ ૨૦૦ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે. જોકે, આ ખર્ચમાં ફિલ્મની કાસ્ટની ફીનો સમાવેશ થતો નથી. જોકે, ફિલ્મના લીડ એક્ટર કમલ હસન આ ફિલ્મ પ્રોડ્યુસ પણ કરી રહ્યા છે. તેથી ફિલ્મના કુલ નફામાંથી તેમને સિંહફાળો મળશે. જો ફિલ્મની થિએટર રિલીઝ સિવાયની કમાણીની વાત કરવામાં આવે તો, 'ઠગ લાઈફ'ના ડિજીટલ રાઈટ્સ નેટફ્લિક્સને ખુબ તગડી કિંમતે વેંચ્યા છે, કારણ કે આ પહેલાં પણ મણિ રત્નમ અને કમલ હસને 'પીએસ૧' અને 'વિક્રમ'ની સફળતા માણી છે. તેથી હવે તેમની આ ફિલ્મને ૧૩૦ કરોડની કમાણી થઈ છે, જે અત્યાર સુધીમાં કોઈ તમિલ ફિલ્મને મળેલી સૌથી સારી ડીલ માનવામાં આવે છે. જ્યારે આ ફિલ્મના સેટેલાઈટ રાઈટ્સ ૬૦ કરોડમાં વેંચાયા છે, જ્યારે ફિલ્મનું સંગીતના અધિકારો ૨૦ કરોડમાં વેંચવામાં આવ્યા છે. આમ આ ફિલ્મની રિલીઝ પહેલાં જ તેને વિવિધ માધ્યમોમાંથી ૨૧૦ કરોડની આવક થઈ ચૂકી છે.



# મેં એક્ટર તરીકે તેના માટેની ઈર્ષ્યાનો ત્યાગ કરી દીધો છે : સારા

**આ અંગે એક મનોચિકિત્સક કહે છે, અદેખાઈ એ એક માનવ સ્વભાવના ઉંડાણમાં રહેલો સ્વભાવ છે....**

સારા અલી ખાને તાજેતરમાં તેને શરુઆતમાં આલિયા ભટ્ટની સફળતા અને સિધ્ધિઓ જોઈને ઈર્ષ્યા થતી હતી, તે અંગે ખુલાસો કર્યો હતો. તેણે એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે તેને આલિયાની પર્સનલ અને પ્રોફેશનલ સફળતા અને સિદ્ધીઓ જોઈને ઈર્ષ્યા થતી હતી.આલિયાને નેશનલ એવોર્ડ મળ્યો ત્યારે સારાએ કહ્યું હતું,''જ્યારે આલિયાને નેશનલ એવોર્ડ મળ્યો તો, મને થયું, હે ભગવાન, આને તો બાળક પણ છે, લાઈફ પણ સેટ છે. પરંતુ મને એ નથી ખબર કે ત્યાં પહોચવામાં તે કેટલો સંઘર્ષ કર્યો છે.મેં એક કલાકાર તરીકે, એ લાગણીઓનો ત્યાગ કરી દીધો છે.''આગળ સારાએ કહ્યું,''તમને ખબર નથી, તેને પણ સંઘર્ષનો સામનો કરવો પડ્યો હશે અને તેને પણ નિઃરાશાઓ મળી હશે, ત્યારે એ આ પડાવ પર પહોંચી હશે. પરંતુ મને એ સમજાયું નહીં કે તેણે શું અનુભવ્યું હશે. દરેક સિક્કાની બે બાજુઓ હોય છે.''આ લાગણી છતાં સારાએ અદેખાઈ પર એક અલગ દૃષ્ટિકોણ રજૂ કર્યો હતો, તેણે કહ્યું,''મોટા ભાગે, આપણને બીજા લોકની અદેખાઈ થાય, એ આપણ કોઈ પણ પ્રકારની માહિતીના અભાવે અનુભવતા હોઈએ છીએ. આપણને ઈર્ષ્યા થાય છે, કારણ કે આપણે માત્ર સફળતા જ જોઈએ છીએ, તેની પાછળનો સંઘર્ષ નહીં, તેની પાછળ શું શું થયું એ આપણને ખબર નથી હોતી. અદેખાઈ મતલબ કે અંધપણું.''જ્યારે આ અંગે એક મનોચિકિત્સક કહે છે, ''અદેખાઈ એ એક માનવ સ્વભાવના ઉંડાણમાં રહેલો સ્વભાવ છે. પછી તે અંગત સંબંધમાં હોય કે પ્રોફેશનલ રીતે, આપણી અંદરની લોકો આપણી નોંધ લે, આપણને પણ કોઈ સફળતા મળે કે કોઈ આપણને પોતાનું માને એવી લાગણીમાંથી આ ભાવના આવતી હોય છે. જોકે, આપણે સપાટી પર સંપુર્ણ ચિત્ર જોઈ શકતાં નથી. અદેખાઇને સમજવી, એ કેમ થાય છે એ સમજવું અને તેની અસરો સમજવાથી વ્યક્તિને યોગ્ય રીતે ઈર્ષ્યાની લાગણીઓને દૂર કરવામાં મદદ મળે છે.''આગળ તેઓ જણાવે છે, ''અદેખાઈ કે ઈર્ષ્યા અંગત સંબંધોમાં અસંતુલનને કારણે આવી શકે છે, જ્યારે એક મિત્રને વધુ સંતોષકારક સંબંધો મળ્યા હોય, સહજ અને વિવિધાપૂર્ણ પરિવાર હોય, કે પછી જીવનમાં બિલકુલ સ્થિરતા હોય. જ્યારે પ્રોફેશનલી, તમારા સાથી સહકર્મીઓ મોટી સફળતાઓ મેળવી લે અને આપણે પણ આપણી નોંધ લેવાય એવું ઈચ્છિએ, આર્થિક સફળતા મેળવી શકીએ કે કોઈ ચોક્કસ કારકિર્દીમાં સફળતા મેળવી શકીએ.''

# સલમાન ખાને તેની આગામી ફિલ્મ માટે પોતાનો લુક બદલ્યો






સલમાન ખાન હિન્દી ફિલ્મ ઉદ્યોગનો એ અનોખો સ્ટાર છે, જેના ચાહકો દુનિયાભરમાં હાજર છે. તેમની ફિલ્મોને લઈને ચાહકોમાં જબરદસ્ત ક્રેઝ છે. જોકે, પાછલો સમય સલમાન માટે અભિનેતા તરીકે ખાસ રહ્યો નથી અને આ વર્ષે આવેલી તેમની બહુચર્ચિત ફિલ્મ સિકંદર બોક્સ ઓફિસ પર ડિઝાસ્ટર સાબિત થઈ.હવે સલમાન ખાને તેમની આગામી વોર ડ્રામા ફિલ્મની તૈયારી શરૂ કરી દીધી છે અને આ માટે ભાઈજાને પણ પોતાનો લુક બદલ્યો છે. જેની પહેલી ઝલક સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે.સલમાન ખાન એક એવો અભિનેતા છે જે સ્ક્રિપ્ટની માંગ મુજબ ફિલ્મોમાં પોતાનો લુક બદલે છે. હવે સલમાને તેની આગામી ફિલ્મ માટે પણ કંઈક આવું જ કર્યું છે.ખરેખર, તેનો એક ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં સલમાન મૂછો સાથે જોવા મળી રહ્યો છે. આ ફોટો જોયા પછી, ચાહકો અનુમાન લગાવી રહ્યા છે કે આ તેની આગામી નવી ફિલ્મ માટે છે. ભાઈજાન દિગ્દર્શક અપૂર્વ લાખિયા દ્વારા દિગ્દર્શિત યુદ્ધ નાટક ફિલ્મ માટે સમાચારમાં છે, જે ૨૦૨૦ માં ગાલવાન ખીણમાં ભારત અને ચીન વચ્ચેના લશ્કરી સંઘર્ષ પર આધારિત હશે.સલમાન પોતાની બાયોપિકમાં કર્નલ બી સંતોષ બાબુની ભૂમિકા ભજવતો જોવા મળી શકે છે, જે આ યુદ્ધમાં શહીદ થયા હતા. ફોટો જોઈને અનુમાન લગાવી શકો છો કે સલમાન ખાને પોતાનો દેખાવ બદલીને ઓન-સ્ક્રીન સૈનિક સંતોષ જેવો દેખાડ્યો છે. જોકે, તેની આગામી ફિલ્મની હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થઈ નથી. સલમાન ખાન હિન્દી ફિલ્મ ઉદ્યોગનો એ અનોખો સ્ટાર છે.



સુરવીન ચાવલાને ટીવી ઇન્ડસ્ટ્રીમાં કામ કરવાના અનુભવો જણાવ્યા

# ટીવીમાં કલાકારો સાથે ભેંસ જેવું વર્તન થાય છે : સુરવીન ચાવલા

સુરવીન ચાવલા એક એવી એક્ટ્રેસ છે, જેણે ટીવીથી લઈને ફિલ્મ અને વૅબ સિરીઝમાં પણ યાદગાર રોલ કર્યા છે. તાજેતરમાં તેની વૅબ સિરીઝ 'ક્રિમિનલ જસ્ટીસ' રિલીઝ થઈ છે. ત્યારે તેણે એક ઈન્ટરવ્યુમાં ટીવીમાં કામ કરવાની વાસ્તવિકતા વિશે વાત કરી હતી. પોતાની કૅરીઅરના શરૂઆતના દિવસો વિશે વાત કરતાં સુરવીને ખરાબ વાતાવરણ, કલાકાર પ્રત્યે માનની કમી અને અમાનવીય વર્તન અંગેના પોતાના અનુભવોની ખુલીને વાત કરી હતી. સુરવીને પોતાની કિરકિર્દીની શરૂઆત 'કહીં તો હોગા' સીરિયલથી કરી હતી. બાલાજીની આ સીરિયલમાં એક નવા કલાકાર તરીકે તેણે અનુભવેલા અતિશય દબાણને યાદ કરતાં કહ્યું, ''હું અઠવાડિયામાં ચાર દિવસ બાલાજી માટે કામ કરતી હતી. મને એવું લાગતું હતું કે જાણી આખી દુનિયાના આશીર્વાદ મારા પર છે. મને આ ફિલ્ડનો કોઈ અનુભવ નહોતો, લોકો મારી ભાષા અને ઉચ્ચારો પર હસતાં હતાં.''દરરોજ ટીવી શૂટના દબાણ અંગે સુરવીને કહ્યું, ''ટીવીમાં, એવું લાગે કે જાણે તમારી સાથે ઢોર જેવું વર્તન થઈ રહ્યું છે, તમારી સાથે ગાય-ભેંસ જેવું વર્તન છે. જાણે બધાં કારખાનામાં કામ કરતાં હોય. એક સમય મર્યાદા હોય, તેમાં એપિસોડ બનવા જ જોઈએ. તમારું ત્યાં શું મહત્વ છે? તમે માત્ર ત્યાં કામ કરતું વધુ એક શરીર છો. તમે તમારા ઘરમાં નથી, તમે એક તંત્રનું માત્ર એક ઉત્પાદન છો.'' આ સાથે સુરવીને આ શોમાં કામ કરતી વખતે એક ડિરેક્ટર સાથેના ખરાબ અનુભવો વિશે પણ વાત કરી હતી. સુરવીને કહ્યું, ''તેની સાથે કામ કરવામાં ઘણી મહિલાઓને તકલીફ થતી હતી, પરંતુ એ પ્રોડક્શન હાઉસનો મનગમતો માણસ હતો. એવું લાગતું હતું, જાણે અમને દરરોજ કતલખાને મોકલાતાં હોય. જેવું કામ પૂરું થતું, બીજું કશું જ ધ્યાનમાં લેવાતું નહીં, કશું જ સાચું કે ખોટું નહોતું.'' સુરવીને એવું પણ કહ્યું કે ત્યાં જે મહિલાઓ ઉપરના હોદ્દા પર હતી એ પણ એવું જ ખરાબ વર્તન કરતી હતી, ''આ કમનસીબ ઘટના છે, પરંતુ સાચું છે. મને જેણે સૌથી પહેલાં કામ આપ્યું તેના વિષે આવું કહેવા બદલ કદાચ મારી ટીકા પણ થશે, પરંતુ હું આ બાબતને વખાણતી બિલકુલ નથી. તમે કોઈને કામ કરવા બદલ પૈસા આપો એનો મતલબ એવો બિલકુલ નથી કે તમે એમને ખરીદી લીધાં છે.''

**બોક્સ ઓફિસ પર પ્રભાસની**

# 'રાજા સાબ' - શાહિદ કપૂરના 'અર્જૂન ઉસ્ત્રા'ની ટક્કર થશે

**તહેવારો ન હોવા છતાં એક દિવસે બે ફિલ્મ રિલીઝ કરીને કોણ કોના પર ભારે પડશે તેની ચર્ચા છે**



પ્રભાસની 'રાજાસાબ'ની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે ત્યારે હવે તેની અને વિશાલ ભારદ્વાજ તેમજ શાહિદ કપૂરની ફિલ્મ વચ્ચે ૫ ડિસેમ્બરે બોક્સ ઓફિસ પર ટક્કર થશે. આ બંને ફિલ્મ અલગ પ્રકારની છે, તેમજ બોક્સ ઓફિસ પર દર્શકોને બંને ફિલ્મ દર્શકોને અલગ અનુભવ પૂરો પાડશે.મારુતિએ ડિરેક્ટ કરેલી 'રાજા સાબ' એક હોરર કમેડી ફિલ્મ છે, જેમાં પ્રભાસ એક ક્યારેય ન જોયો હોય એવા અવતારમાં જોવા મળશે. આ પહેલાં પણ પ્રભાસ 'સાલાર', 'કલકી ૨૮૯૮ એડી' જેવી સફળ ફિલ્મમાંઅલગ અલગ અવતારમાં જોવા મળ્યો છે. તેના લાર્જર ધેન લાઈફ પાત્રો અને તેના લાખો-કરોડો ફૅન્સના કારણે તેને ડિરેક્ટર્સ મોટી ફિલ્મને પોતાના ખભ્ભા પર ઉપાડી લેવા સક્ષમ માને છે. તેના માટે આ હોરર કોમેડી ફિલ્મનો જોનર નવો છે, જો આ ફિલ્મ સારી બની તો આ ફિલ્મ પણ તેના માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. આજકાલ હોરર કોમેડી ફિલ્મ ઘણી ચાલે છે, ખાસ કરીને હિન્દી બોલતા પ્રદેશોમાં, 'સ્ત્રી ૨' અને 'મૂંજ્યા' જેવી ફિલ્મ ઘણી ચાલી છે. આ જેનર સાથે પ્રભાસનો સ્ટાર પાવર પણ મળી જશે તો બની શકે કે આ ફિલ્મ સમગ્ર દેશમાં ઘણું મોટું ઓપનિંગ મેળવી શકે. જોકે, હવે દર્શકો ટીઝર કે ટ્રેલર જોઈને જ નક્કી કરતા હોય છે, તેમણે ફિલ્મ જોવી કે નહીં. તો હવે પછીનો આધાર ફિલ્મના ટીઝર અને ટ્રેલર પર હશે. સાથે જ જો સારું પ્રમોશન કરવામાં આવે તો પણ ફિલ્મ મોટી કમાણી કરી શકશે.જ્યારે બીજી તરફ જો શાહિદ કપૂર અને વિશાલ ભારદ્વાજની ફિલ્મની વાત કરવામાં આવે તો તેઓ આ વખતે એક એક્શન ફિલ્મ માટે સાથે આવી રહ્યા છે. આ પહેલાં તો બંને ઘણી લોકપ્રિય અને મજબુત ફિલ્મ આપી ચૂક્યા છે, તેમાં 'કમિને' અને 'હૈદર' સહીતની ફિલ્મનો સમાવેશ થાય છે. તેમની ફિલ્મ મજબુત અભિનય સાથે અસરકારક વાર્તા માટે જાણીતી છે, જેનો અલગ પ્રસંશક વર્ગ છે. આ ફિલ્મ હાલ તો 'અર્જૂન ઉસ્ત્રા'નામ આપ્યું છે, પરંતુ હજુ આ નામ નક્કી નથી. સાથે જ આ ફિલ્મમાં તૃપ્તિ ડિમરીને લેવાતા તે ફિલ્મની ચર્ચા આમ પણ વધી ગઈ છે.વિશાલ ભારદ્વાજની ફિલ્મ ડિરેક્શનની સ્ટાઈલ ઘણી અલગ છે, તેમના ડિરેક્શનમાં શાહિદની એક્ટિંગ પણ અદ્દભુત રીતે ઉભરી આવે છે. તે ઉપરાંત સામાન્ય લોકોને એક્શન ફિલ્મ જોવામાં વધુ રસ પડતો હોય છે. આ પહેલાં પણ રિતીકની 'બેંગ બેંગ' સામે 'હૈદર' રિલીઝ કરીને તેઓ ટક્કર લઈ ચૂક્યા છે અને છતાં તેમની ફિલ્મ ઘણી સારી ચાલી હતી. ત્યારે હવે આ ટક્કર કેટલી અસરકારક રહે છે અને કોણ કોના પર ભારે પડે છે.



# કોરિયન 'ગૂડ બોય' ભારતીય શોમાં જોવા મળશે

**કે-ડ્રામાની ભારતમાં વધતી લોકપ્રિયતાના પગલે આખી ટીમ ભારત પ્રવાસ માટે આતુર થઈ રહી છે**



આજકાલ યુવાનોમાં કોરીયન મ્યુઝિક અને કોરિયન સિરીઝ ઘણી લોકપ્રિય છે. તેમાં પણ 'ગૂડ બોય' ની ઈમોશનલ અને એક્શન પેક સ્ટોરી યુવાનોને ઘણી ગમે છે. એસએલએલ દ્વારા પ્રોડ્યુસ થયેલી આ કે-ડ્રામા સિરીઝ પ્રાઈમ વીડિયો પર રિલીઝ થઈ હતી. તેમાં એવા ખેલાડીઓની વાત છે, જેમને ભુતકાળમાં લૉ-એન્ફોર્સમેન્ટ માટે ભરતી કરવામાં આવ્યા હતા. 'ગૂડ બોય'ની કોરિયન ટીમ ટૂંક સમયમાં ઈન્ડિયન સોમાં જોવા મળશે. તાજેતરમાં એક ભારતીય પ્લેટફર્મ સાથે કરેલા ઈન્ટરવ્યુમાં આ શોની સ્ટાર કાસ્ટ પાર્ક બો ગમ, કિમ સો હ્યુન, લી સાંગ યી, હેવ શ્યોંગ તે અને તે વોન શ્યોકે તેમના શો અંગે ખુલાસો કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે આપણે ધારીએ છીએ એનાં કરતાં પણ વધુ જલ્દી તેઓ કોઈ ઈન્ડિયન શોમાં જોવા મળશે. પાર્ક બો ગમ, જે આ શોમં બોક્સિંગના ખેલાડીનો રોલ કરે છે, તેણે જણાવ્યું,''વ્યક્તિગત રીતે સ્ટોરીમાં, મારું પાત્ર પહેલી લડાઈનું ઈનચાર્જ હોય છે. મને લાગે છે એક કલાકાર તરીકે હું એ એક્ટિવ એનર્જી બતાવવામાં ઘણો સારો છું, બહુ ચપળ હોવું એ મારી તાકાતમાંથી એક છે.'' જ્યારે કિમ સો હ્યુમ માટે તેની શાંત પ્રકૃતિ જ તેના પાત્રમાં જોવા મળે છે, ''વિનમ્ર સ્વભાવ સાથે તેનામાં બહાદુરી પણ છે જે એની શાંતિમાં પણ દેખાય છે. મને લાગે છે, કે અંગત રીતે પણ હું એવી જ છું.''જ્યાં કે-ડ્રામા સૌથી વધુ જોવાતા હોય, એવો દેશોમાંનો ભારત એક દેશ છે. હાલ્યુનો ટ્રેન્ડ અહીં ખુબ લોકપ્રિય છે. તો તેમના ભારતના કોઈ પ્રોડક્શનમાં કામ કરવાના પ્લાન વિશે પૂછવામાંઆવ્યું તો તેમણે હકારાત્મક જવાબ આપ્યો હતો.સેંગ યીએ જણાવ્યું,''મને ડાન્સ અને મ્યુઝિક બહુ ગમે છે. મને એવું કરવું ગમશે.'' જ્યારે વોન શ્યોકે કહ્યું,''હું મૂડમાં ન હોય ત્યારે ઈન્ડિયન વાનગી ખઉં છું, મને ઓરિજિનલ ટેસ્ટમાં ભોજન લેવું બહુ ગમે છે.''તો બો ગમે જણાવ્યું,''ભારત માત્ર સારા ભોજન માટે જ લોકપ્રિય નથી. તેમાં બીધું ઘણું જોવાનું અને અનુભવવાનું છે. તો જો તક મળે તો મને ત્યાં પ્રવાસ કરવો ગમશે. આશા છે કે અમે બધાં જ ગૂડ બોયની આખી ટીમ ત્યાં આવી શકીએ અને સાથે ઈન્ડિયન મ્યુઝિકલ ફિલ્મમાં કામ કરી શકીએ.''તેમણે આગળ કહ્યું,''સૌથી મહત્વની વાત એ છે કે અમને ભારતીય ફૅન્સ અને ભારતીય મીડિયા સાથે વાતચીતની બહુ તક મળી નથી. તેથી તમે અમારા કે-ડ્રામાને જે પ્રકારનો પ્રેમ આપ્યો છે, અમે આવું કશુંક કરી શકીએ, તો અમને ઘણું ગમશે.''

### મૃતકના સગાએ પોલીસ અધિકારી અને કર્મચારી સાથે પણ ગેરવર્તન કરતા પોલીસ દ્વારા લાફા ઝીંકતો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો

# પાટડી સરકારી હોસ્પિટલમાં દર્દીના સગા દ્વારા ડોક્ટર અને સ્ટાફ સાથે ઝપાઝપી

। (પ્રતિનિધી) સુરેન્દ્રનગર, તા.૫ ।

સુરેન્દ્રનગર - પાટડી સરકારી હોસ્પિટલમાં દર્દીના સગા દ્વારા ડોક્ટર અને સ્ટાફ સાથે ઝપાઝપી તેમજ ગેરવર્તનની ઘટના બની હતી. ઘટનાના અંગે પોલીસને જાણ કરતા પાટડી પોલીસનો પીઆઈ સહિતનો સ્ટાફ સ્થળ પર પહોંચ્યો હતો. જ્યાં મૃતકના સગાએ પોલીસ અધિકારી અને કર્મચારી સાથે પણ ગેરવર્તન કરતા પોલીસ દ્વારા લાફા ઝીંકતો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. આ મામલે જિલ્લા પોલીસ વડાએ પ્રતિક્રિયા આપી હતી અને સમગ્ર બનાવની તપાસ ધ્રાંગધ્રા ડીવાયએસપીને સોંપ વામાં આવી છે.

પાટડી શહેરી વિસ્તારમાં રહેતા અને સોલડી ગામના શિક્ષક રાજેન્દ્રભાઈ જાદવનું મોત નીપજતા તેઓના મૃતદેહને પીએમ અર્થે પાટડી સરકારી હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો. જે દરમ્યાન મૃતકના પુત્ર સહિતના સગા(યુવકે) ફરજ પરના ડોક્ટર અને સ્ટાફ સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો અને અપશબ્દો કહ્યા હતા. આથી ફરજ પરના ડોક્ટરે પોલીસને જાણ કરતા પાટડી પીઆઈ સહિતનો સ્ટાફ હોસ્પિટલ પહોંચ્યો હતો. જ્યાં યુવકને જોતા પીધેલી હાલમાં હોવાનું જણાઈ આવ્યું હતું અને તેને સમજાવવા જતા પોલીસ સાથે પણ ગેરવર્તન કરી અપશબ્દો કહ્યાં હતા. પીઆઈ બી.સી.છત્રાલીયાનું બાવળું પકડવાનો પ્રયાસ કરતા પીઆઈ સહિતના પોલીસ કર્મચારીએ યુવકને લાફા ઝીંકતા હોય તેવો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસની કામગીરી સામે સવાલો ઉભા થયા હતા.

આ મામલે જિલ્લા પોલીસ વડા ડો.ગિરિશકુમાર પંડયાએ જણાવ્યું હતું કે હોસ્પિટલમાં ઉહાપોહ મચાવનાર શખ્સ પીધેલી હાલતમાં અને પોલીસ અધિકારી તેમજ કર્મચારી સાથે ગેરવર્તન કર્યું હોવાનું જણાવ્યું હતું. મારામારીનો જે વિડિયો વાયરલ થયો તેની પહેલા અને બાદમાં શું બન્યું તે તમામ વિગતો અંગે તપાસ કરવામાં આવશે અને ત્યારબાદ દોષીતો સામે કાર્યવાહી કરવામાં આવશે. આ સમગ્ર બનાવની તપાસ ધ્રાંગધ્રા ડીવાયએસપી જે.ડી.પુરોહિતને સોંપવામાં આવી છે.

## ઝાલોદ નગરપાલિકાની દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલી વાપરવા પર પ્રતિબંધ મૂકાયો : જાહેરમાં કચરો ન ફેંકવા પણ હાકલ કરી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૬ થી ૧૨૦ માઈક્રોન થી ઓછી ગુણવત્તા વાળી થેલી વાપરવા પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે છતાંય આવી થેલીઓ વ્યાપાર કરતા દુકાનદારો, ફેરિયાઓ વાપરતા હોય છે સરકારના નિયમો મુજબ પ્રતિબંધિત થેલી વાપરવા પર કાયદેસરની કાર્યવાહી કરવા માટે સૂચન કરવામાં આવેલ છે તેથી ઝાલોદ નગરપાલિકા વિસ્તારમાં કોઈ પણ વ્યાપારી પ્રતિબંધિત થેલી વાપરતા પકડાશે તેના પર સરકારના નિયમો મુજબ કાયદેસરની કાર્યવાહી ઝાલોદ નગરપાલિકા દ્વારા કરવામાં આવશે. પ્લાસ્ટિક થી પર્યાવરણને થતાં નુકસાનને લઈ ઝાલોદ નગરપાલિકા દ્વારા નગરમાં વ્યાપાર કરવા આવતા ગ્રાહકોને કપડાંની થેલી લઈ વ્યાપાર કરવા આવવા અનુરોધ કર્યો હતો જેથી ઝાલોદ નગરમાં સરકારી ધારા ધોરણ વાળી પ્લાસ્ટીકની થેલીનો વપરાશ ન્યૂનતમ થાય. પ્લાસ્ટિકની થેલીઓને લઈ નગરની ગટર લાઈનો ચોકઅપ થઈ જાય છે તેમજ પ્લાસ્ટિક સ્વાસ્થ્ય માટે પણ હાનિકારક હોવાથી નગરપાલિકા દ્વારા નગરને પ્લાસ્ટીક ફ્રી કરવા માટે નિર્ણય લેવામાં આવેલ છે. ઝાલોદ નગરપાલિકા વિસ્તારમાં વ્યાપાર કરતા દુકાનદારો દ્વારા અમુક વિસ્તારોમાં પોતાના દુકાનોનો કચરો રસ્તા પર નાખી દેવામાં આવે છે જેને લઈ નગરમાં જ્યાં ત્યાં કચરો જોવા મળે છે.

તેને અનુલક્ષીને ઝાલોદ નગરપાલિકા દ્વારા વ્યાપાર કરતા વ્યાપારીઓને જ્યાં ત્યાં કચરો ન ફેંકવા અપીલ કરી હતી તેમજ મારું ઝાલોદ આગવું અને સ્વચ્છ ઝાલોદના સૂત્રને સાકાર કરવા પાલિકા દ્વારા નગરના વ્યાપારીઓ જ્યાં ત્યાં કચરો ન નાંખે તે માટે સાંજે ૬ વાગ્યા પછી વ્યાપારી વિસ્તારો માટે ટ્રેક્ટરની વ્યવસ્થા કરેલ છે જેથી વ્યાપારી વર્ગના દરેક લોકો આખા દિવસનો કચરો ભેગો કરી તે ટ્રેક્ટરમા નાંખી દે તેમજ દરેક દુકાનદારોએ પોતાના આંગણામાં સાફ સફાઈ રાખે તેમજ કોઈ કચરો હોય તો સાફ કરી કચરા પેટીમાં કચરો નાખવા અપીલ કરી હતી. આમ હાલ ઝાલોદ નગરને પ્લાસ્ટીક ફ્રી તેમજ સ્વચ્છ ઝાલોદ બનાવવા પાલિકા દ્વારા સુંદર ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે તેમજ આ કાર્યમા નગરના તમામ લોકો સાથ સહકાર આપે તેવી અપીલ કરવામાં આવી હતી...

## વાગધરા સંસ્થા દ્વારા ઝાલોદ તાલુકાના વઘેલા ગામમાં પરંપરાગત બીજ આદાન-પ્રદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

તારીખ ૫. ૬ .૨૦૨૫ ના રોજ વાગધરા સંસ્થા દ્વારા ઝાલોદ તાલુકાના વઘેલા ગામમાં પરંપરાગત બીજ આદાન-પ્રદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, વાગધારા સંસ્થાના પ્રતિનિધિ ગીરીશભાઈ પટેલ દ્વારા બતાવવામાં આવ્યું છે કે આ કાર્યક્રમમાં વગેલા ગામમાંથી લગભગ ૧૨૫ થી વધારે પ્રકારના પરંપરાગત બીજ પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા, આ કાર્યક્રમમાં લગભગ ૪૫ થી વધારે બહેનો અને ૪૦ થી વધારે ભાઈઓએ ભાગ લીધો છે દરેક ભાઈ બહેન પોત પોતાના ઘરેથી જે તેમની પાસે વધારે પ્રકારના પરંપરાગત બીજ હતા તે અહિયાં મુકવામાં આવ્યા છે, અને જે ભાઈ બહેનને ત્યાં બિયારણ ન હતા તે એકબીજાને આદાન-પ્રદાન કરવામાં આવ્યા જેથી કરીને બધાના ઘરે પૂરતા પ્રમાણમાં બિયારણ ઉપલબ્ધ થઈ શકે અને આના કારણે બજાર પર નિર્ભરતા ઓછી કરી શકાય તથા આપણા પરંપરાગત બિયારણ જે પૌષ્ટિકતા વધારે ધરાવે છે તે શહેરા થી મળી શકે જેથી કરીને આપણું આર્થિક નુકસાન અટકાવી શકાય જે બિયારણો અથવા જંતુનાશક દવાઓ રાસાયણિક ખાતરો બજારમાંથી લાવી અને ભરપૂર ઉપયોગ કરવામાં આવે છે, જેના કારણે દિન પ્રતિદિન શારીરિક બીમારીઓ વધતી જાય છે ,આ બીમારી અટકાવવા માટે હવે આપણે આપણા ગામમાં પાછા આવવાની જરૂર છે ,અને માઈલેટ મીલેટસ અનાજનો ઉપયોગ કરવામાં જરૂરી છે, વાગધારા સંસ્થા ફિલ્ડ કાર્યકર્તા સવામાઈ ડામોર દ્વારા વર્તમાનમાં ચલાવવા માં ઉન્નત ઉકેડા કાર્યક્રમ થી થતા ફાયદાઓ વિશે વિસ્તારથી બતાવવામાં આવ્યું , આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બચુભાઈ ડામોર,પારુભાઈ,પીતરભાઈ, ચોખીબેન ડામોર માલીબેન ડામોર સમુડી બેન સુવર એ પણ ભાગ ભજવેલ છે.

### ત્રણેય સ્કૂલો શહેરના પૂર્વ વિસ્તારની છે

## અમદાવાદની શાળાઓ સરકારના ઠરાવને ઘોળીને પી ગઈ

। (પ્રતિનિધી) અમદાવાદ,તા.૫ ।

ખાનગી પ્રકાશનના પુસ્તકો અને આરટીઈમાં ફી લેવા મુદ્દે ૩ સ્કૂલોને નોટિસ આપવામાં આવી છે. જેમાં આ ત્રણેય સ્કૂલો શહેરના પૂર્વ વિસ્તારની છે. નેલ્સન સ્કૂલને અગાઉ પણ શહેર ડીઈઓ દ્વારા ખાનગી પ્રકાશનોના પુસ્તકો મુદ્દે ૧૦ હજાર રૂપિયા દંડ કરવામાં આવ્યો હતો. તેમ છતાં ફરિયાદ સામે આવતાં શહેર ડીઈઓ દ્વારા હવે આરટીઈ ઍક્ટ ૨૦૦૯માં અધિનિયમની કલમ-૧૯ મુજબ પ્રથમ પ્રસંગે વિદ્યાર્થી દીઠ રૂ.૧૦,૦૦૦/નો દંડ કેમ ન કરવો તે બાબતે ખુલાસો માંગતી નોટિસ આપવામાં આવી છે. એનએસયુઆઈ દ્વારા છેલ્લા કેટલાક સમયથી કેટલીક ખાનગી સ્કૂલો દ્વારા ખાનગી પ્રકાશના પુસ્તકો માટે દબાણ કરાતું હોવાની અને ખાનગી પ્રકાશનના પુસ્તકો વેચાતા હોવાની ફરિયાદ કરવામાં આવી રહી છે. દરમિયાન એનએસયુઆઈ દ્વારા શહેર ડીઈઓને પણ આ મુદ્દે લેખિત ફરિયાદ આપવામાં આવતા ડીઈઓ એક્શનમાં આવ્યા હતા અને મણિનગરની નેલ્સન સ્કૂલ તેમજ વેલી ઈન્ટરનેશનલ સ્કૂલને શહેર ડીઈઓ દ્વારા નોટિસ આપવામાં આવી છે. એનએસયુઆઈ દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી કે ઘણી ખાનગી સ્કૂલો દ્વારા ખાનગી પ્રકાશનના મોંઘા મોંઘા પુસ્તકો લાવવા માટે વાલીઓ પર દબાણ કરવામાં આવે છે. જેમાં કેટલીક ખાનગી સીબીએસઈ સ્કૂલો પણ છે.

## ઝાલોદના ગામડી આરોગ્ય સેન્ટરના કર્મચારીઓ દ્વારા ચાંદીપુરા વાયરસની આગોતરી તૈયારી કાચા મકાનોમા દવા પાવડર રંગોળી કરાઈ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ઝાલોદના ગામડી આરોગ્ય કેન્દ્ર ખાતે જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીની તેમજ તાલુકા આરોગ્ય અધિકારી સાહેબશ્રીના ચાદીપુરા મુક્ત જીલ્લાને સાર્થક બનાવવાના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગામડીના વિસ્તારમાં ચંદીપુરમ અટકાયતી પગલાં રૂપે mphs ગિરીશભાઈ ડામોર, mphw જયેશભાઈ ચૌહાણની હાજરીમાં મેલેથીયન-ચૂનાના મિશ્રણ દ્વારા ડસ્ટીગનો બીજો રાઉન્ડ કરવામાં આવ્યો..

# ૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પ્રકૃતિ મિત્ર ટ્રસ્ટ, લીમડી દ્વારા ટાંડી ગામમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું.વધતો જતો તાપમાનનો પારો ભવિષ્ય માટે જોખમી પુરવાર થશે ત્યારે તેનાથી બચવા આપણી પાસે એકમાત્ર ઉપાય છે વૃક્ષારોપણ ,પર્યાવરણ જાળવણી આપણી સૌની નૈતિક ફરજ છે.આગામી ચોમાસામાં પ્રકૃતિ મિત્ર ટ્રસ્ટ લીમડી દ્વારા વધુ વૃક્ષો લગાવવામાં આવશે પ્રકૃતિ મિત્ર ટ્રસ્ટ, લીમડી તથા વન વિભાગ ના સંયુક્ત ઉપક્રમે ટાંડી તાલુકા ઝાલોદમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં ટાંડી ગામના નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને ઉછેર કરવાની જવાબદારી લીધી...

### QR સ્કેનથી રૂપિયા પડાવતો

## રેલવે સુરક્ષા બળે અમદાવાદ રેલવે સ્ટેશન પરથી નકલી ટીટીને ઝડપ્યો

। (માહિતી) અમદાવાદ,તા.૫ ।

તારીખ ૦૨ જૂન ૨૦૨૫ના રાત્રે લગભગ ૧૦:૦૦ કલાકે અમદાવાદ રેલવે સ્ટેશનના સાબરમતી સાઈડ સ્થિત ફૂટ ઓવર બ્રિજ (એફઓબી) પર સુરક્ષા નિરીક્ષણ દરમિયાન રેલવે સુરક્ષા બળ ના એસઆઈપીએફ પિયુષ ચૌધરીને એક વ્યક્તિ શંકાસ્પદ હાલતમાં ટીટીની વર્દીમાં જોવા મળ્યો. શંકા જતાં પૂછપરછ કરતાં તે વ્યક્તિ સંતોષજનક જવાબ આપી શક્યો ન હતો અને તે પોલીસના હાથે ઝડપાયો હતો.

ઝડપાયેલ આરોપીને પોલીસ સ્ટેશન લાવીને જ્યારે ઊંડી પૂછપરછ કરવામાં આવી,તો તેણે તેનું નામ શિવ શંકર જયસ્વાલ, પુત્ર છોટેલાલ જયસ્વાલ ઉંમર ૪૫ વર્ષ નિવાસી સુંદરપુર ,વારાણસી ઉત્તરપ્રદેશ જણાવ્યું હતુ, પૂછપરછમાં ઉક્ત વ્યક્તિ એ સ્વીકાર્યું કે તે નકલી રીતે ટીટીની વર્દી પહેરીને મુસાફરોની ટિકિટ ચેક કરે છે અને ક્યુઆર કોડના માધ્યમથી તેમની પાસેથી રકમ વસૂલે છે, આ પહેલા પણ તારીખ ૩૦.૦૫.૨૦૨૫ ના રોજ અમદાવાદ સ્ટેશન પર આ જ રીતે કાર્યવાહી કરતો જોવા મળ્યો હતો. ચેકિંગ દરમિયાન તેની પાસે કોઈ માન્ય રેલવે ઓળખ પત્ર(આઈડી કાર્ડ) કે ઈએફટી મળ્યું નહોતું. તેની પાસે ફક્ત એટીએમ કાર્ડ અને આધારકાર્ડ મળ્યા. પૂછપરછમાં એ પણ જોવા મળ્યું કે તે વિભિન્ન રેલવે સ્ટેશનો પર મજૂરવર્ગ અને ઓછા ભણેલા પ્રવાસીઓને નિશાન બનાવીને, ટિકિટમાં ક્ષતિ બતાવીને અથવા વેઈટિંગ લિસ્ટ ના મુસાફરો ને બર્થ આપવાના નામે ક્યુઆર કોડ સ્કેન કરીને રકમ વસુલતો હતો. શંકાસ્પદે પોતાની ઓળખ છુપાવવા માટે ચહેરા પર માસ્ક લગાવ્યો હતો. આ વ્યક્તિને વધુ કાર્યવાહી માટે જીઆરપી અમદાવાદને સોંપવામાં આવ્યો છે. રેલવે પ્રશાસન મુસાફરોને વિનંતી કરે છે કે ફક્ત અધિકૃત અને ઓળખાયેલ ટિકિટ નિરીક્ષકોને જ તેઓ તેમની ટિકિટ બતાવે અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની તાત્કાલિક જાણ રેલવે પોલીસ અથવા સંબંધિત અધિકારીને કરે.

## ઝાલોદ નગરપાલિકા દ્વારા એક પેડ માં કે નામ “વુમન ફોર ટ્રી” થીમ અંતર્ગત વૃક્ષારોપણ નો કાર્યક્રમ યોજાયો





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ઝાલોદ નગરપાલિકા દ્વારા તા. ૦૫/૦૬/૨૦૨૫ના રોજ રામસાગર ગાર્ડન ખાતે ‘વુમન ફોર ટ્રી’’’ અંતર્ગત એક વિશિષ્ટ પ્રેરણાદાયક કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમ અમૃત ૨.૦ મિશન વિભાગના એન.યુ.એલ.એમ યોજના હેઠળ રચાયેલા મહિલાઓના સ્વ સહાય જૂથોની સહભાગીતાથી યોજાયો હતો કાર્યક્રમમાં “વૃક્ષો સાથે જીવન પરિપૂર્ણ બનાવો” એવો મંત્ર અપનાવાયો અને મહિલાઓને પર્યાવરણ પ્રત્યે વધુ જવાબદારીભર્યા બનાવવાના ઉદ્દેશ સાથે વિચારમંથન કરવામાં આવ્યું હતુ આ સાથે આવનારા ભવિષ્યમાં વૃક્ષોના જતન અંગે મહિલાઓ જન જાગૃતિમાં વધુ સહભાગી બને તે માટે ચર્ચા કરવામાં આવી હતી જ્યારે આ પ્રસંગે નગરપાલિકાના કારોબારી ચેરમેન દિનેશભાઈ પંચાલ સભ્ય રાજેશભાઈ ભાભોર રીટાબેન સોલંકી ફોરેસ્ટ વિભાગના કર્મચારી નગરપાલીકાના કર્મચારીઓએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ૬૦ જેટલા વૃક્ષો વાવામાં આવ્યા આવનારા સમયમાં વધુ વૃક્ષો વાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો સખી મંડળ દ્વારા વૃક્ષોનું જતન કરવાની જાબદરી લેવામાં આવી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે.શક્ય હો એટલા શાંત રહેવાનો પ્રયાસ કરો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. અણધારી જવાબદારીઓ આજના દિવસની તમારી યોજનાઓને ખોરવી નાખશે-આજે તમે તમારી જાતને અન્યો માટે વધારે અને પોતાની માટે ઓછું કામ કરતા જોશો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમારા ખોરાક થી ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂં જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે. આજે કરાયેલા સંયુક્ત સાહસો આગળ જતાં લાભદાયક પુરવાર થશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારી માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. આગળ પડતા લોકો સાથે હળવા-મળવાથી તમારા સારા વિચારો અને યોજનાઓ બહાર આવશે.

**કર્ક (ડ,હ) :**
આજે તમે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે નહીં તો આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમે રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું વિચારી અને સમજી ને પૈસા જમા કરવા ની જરૂર છે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. કામના સ્થાળે આજે બધું જ તમારી તરફેણમાં હોવાનું જણાય છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમને વ્યસ્તતા છે છતાં તમારુ સ્વાસ્થ્ય સારૂં રહેશે. નાણાકીય જીવનમાં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે. તમારી જાત પર અંકુશ રાખો અન્યથા તમે છેતરાઈ શકો છો. તમારે એ સમજવું જોઈએ કે એક હદ સુધીની ઉદારતા કરી છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. તમારે હિંમત હારવાને બદલે તમે ધારેલું પરિણામ મેળવવા માટે સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમે અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે આવા વિચારો જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમયમાં તકલીફ તમારેજ વેઠવવી પડશે?

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું સ્વાસ્થ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. તમારા પ્રેમ જીવનમાં નાનકડી કડવાશ માફ કરો. તમારી જાતને અભિવ્યક્ત કરવા માટે પણ આ સારો દિવસ છે.

## ન્યૂઝ બ્રિફ

### ચીને કોરોના બાદ હવે તૈયાર કર્યો નવો વાયરસ 'Fusarium'



। (એજન્સી) બેઈજીંગ, તા.૫ ।

ચીન વિશ્વ બજાર પર રાજ કરવા માંગે છે. દરરોજ તેના પર અન્ય દેશોની સરહદોમાં પ્રવેશવાનો, તેની સરહદોની બહાર નવી ઈમારતો બનાવવાનો અને અન્ય દેશોને આર્થિક અને સામાજિક નુકસાન પહોંચાડવાનો આરોપ મૂકવામાં આવે છે. હવે અમેરિકાએ ડ્રેગનનું નવું રહસ્ય ખોલ્યું છે. ખરેખર, અમેરિકાની ગુપ્તચર એજન્સી FBI એ બે ચીની નાગરિકોની ધરપ કડ કરી છે જેઓ એક પ્રકારની ફૂગ (રોગ) સાથે અમેરિકામાં પ્રવેશ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે બંનેનો ઉદ્દેશ્ય અમેરિકાને ભારે આર્થિક નુકસાન પહોંચાડવાનો હતો.

બે ચીની નાગરિકોની ઓળખYunqing Jian (33) અને Zunyong Liu (34) તરીકે થઈ છે. Jian અમેરિકાની એક યુનિવર્સિટીમાં કામ કરે છે અને Liu તેનો બોયફ્રેન્ડ છે જે ચીનની એક યુનિવર્સિટીમાં કામ કરે છે. યુએસ તપાસ એજન્સીઓએ બંને પર આ ફૂગને તેમના દેશમાં દાણચોરી કરવાનો આરોપ લગાવ્યો છે. એફબીઆઈ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ એક ખતરનાક ફૂગ છે, જેને "dangerous biological pathogen" તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. આ વાયરસનું નામ Fusarium graminearum છે.

### ઈન્દોરમાં ૧૫ લાખની લાંચ ન આપી તો બિલ્ડિંગને ગેરકાયદે ગણાવી તોડી પાડી

। (એજન્સી) ઈન્દોર, તા.૫ ।

ઈન્દોરમાં ચાર માળની બિલ્ડિંગને બોમ્બથી તોડી પાડ્યા બાદ લાંચકાંડનો ખુલાસો થયો છે. નગર નિગમ દ્વારા ચાર દિવસ પહેલાં જ કાર્યવાહી હાથ ધરાયા બાદ બિલ્ડિંગના માલિકે દાવો કર્યો છે કે, બિલ્ડિંગના નિર્માણ માટે રૂ. ૫ લાખની લાંચ આપી હતી. ત્યારબાદ વધુ રૂ. ૧૫ લાખની ડિમાન્ડ કરવામાં આવી હતી. જેનો ઈનકાર કરતાં તેમણે વિસ્ફોટક સામગ્રીથી ઘરને ગેરકાયદે ગણાવી તોડી પાડ્યું હતું. મેયરે આ સંપૂર્ણ મામલાની તપાસ કરવા અને દોષિતો વિરૂદ્ધ કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યો છે. ઈન્દોર નગર નિગમે યોજના ક્રમાંક ૫૪, પીયુ-૪માં નાલામાંથી ૯ મીટરના અંતરે બનાવવામાં આવેલી બિલ્ડિંગને પોકલેનના માધ્યમથી તોડી વિસ્ફોટકથી ઉડાવી દેવામાં આવી હતી. હવે બિલ્ડિંગના માલિક ડો. ઈઝહાર મુંશીએ જણાવ્યું હતું કે, આ બિલ્ડિંગમાં હોસ્પિટલ શરૂ કરવા માગતાં હતાં. તેનો નકશો પણ મંજૂર કરાવ્યો હતો. પરંતુ લાંચ આપવાનો ઈનકાર કરતાં ઘર તોડી પાડવામાં આવ્યું હતું. સ્વાસ્થ્ય વિભાગમાં મેડિકલ ઓફિસર પદે કાર્યરત ડો. ઈઝહાર મુંશી ૩૧ મે, ૨૦૨૫ના રોજ નિવૃત્ત થયા હતાં. ડો. મુંશીએ જણાવ્યું કે, તેઓ આ બિલ્ડિંગમાં હોસ્પિટલ શરૂ કરવા માગતા હતાં. તેમના ૫ રિવારમાં કુલ ૧૯ ડોક્ટર છે. બિલ્ડિંગ તોડી ૫ ડવામાં મામલે હાઈકોર્ટમાં અપીલ કરીશ. ૨૨ નવેમ્બર, ૨૦૨૦ના રોજ બિલ્ડિંગનો નકશો મંજૂર કરાવ્યો હતો.

#### મેન્યુફેક્ચરરરે રિટેલ કિંમત નક્કી કરવી પડશે

## સરકારે નક્કી કર્યા ડાયાબિટીઝ, તાવ સહિત આ ૪૧ દવાના ભાવ

### દરેક દુકાનદાર અને ડીલરને દુકાનમાં આવી જગ્યાએ ઉત્પાદક દ્વારા આપવામાં આવેલી કિંમત યાદી ચોંટાડવાનો આદેશ


। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

સરકારે ૪૧ દવાઓની મહત્તમ છૂટક કિંમત નક્કી કરી છે. આ દવાઓનો ઉપયોગ ડાયાબિટીસ, હૃદય, તાવ, દુઃખાવો, તણાવ અને જીવનશૈલી સંબંધિત અન્ય રોગોની સારવારમાં થાય છે. મંગળવારે નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) દ્વારા જાહેર કરાયેલા એક નોટિફિકેશનમાં આ અંગે માહિતી આપવામાં આવી હતી. આમાં ૪૧ દવાઓની મહત્તમ છૂટક કિંમત નક્કી કરવામાં આવી છે. આ કિંમત ઉપ રાંત ફાર્માસ્યુટિકલ કંપનીઓને નિશ્ચિત કિંમત પર વધારાનો GST ઉમેરવાની મંજૂરી આપવામાં આવશે. નોટિફિકેશનમાં, આને 'નવી દવાઓ' કહેવામાં આવી છે. આ મુજબ, ઉત્પાદકે છૂટક કિંમતો નક્કી કરવી પડશે. દવા ઉત્પાદક કંપની છૂટક કિંમત પર GST ની રકમ ત્યારે જ ઉમેરી શકે છે જ્યારે તે સરકારને ચૂકવવામાં આવી હોય અથવા બાકી હોય. નોટિફિકેશન અનુસાર દરેક દુકાનદાર અને ડીલરને ઉત્પાદક દ્વારા આપવામાં આવેલી કિંમત યાદી તેમની દુકાનમાં એવી જગ્યાએ ચોંટાડવાનો આદેશ આપવામાં આવ્યો છે, જ્યાં કોઈપણ તેને સરળતાથી વાંચી અને જોઈ શકે. ગ્રાહકો દવાની કિંમત સરળતાથી જાણી શકે તે માટે આ જરૂરી છે. નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું હતું કે છૂટક કિંમત ફક્ત તે ઉત્પાદકોને જ લાગુ પડશે જેમણે સરકાર દ્વારા બનાવેલા તમામ નિયમો અને શરતોનું પાલન કર્યું છે. જો દવાના છૂટક ભાવ સંબંધિત સૂચનાઓનું ઉત્પાદક દ્વારા પાલન કરવામાં ન આવે, તો નિયમો અનુસાર, એકત્રિત કરેલી વધારાની રકમ વ્યાજ સાથે જમા કરવી પડશે.

કઈ દવાઓના દર નક્કી કરવામાં આવ્યા હતા

> Alginate RaftForming Oral Suspension
> Atorvastatin & Ezetimibe Tablets
> Atorvastatin & Ezetimibe Tabl×s
> Ceftriaxone, Sulbactam & Disodium Edetete Powder for solution for Infusion
> Cefuroxime & POassium Clavulanate Tablets
> Cholecalciferol Oral Drops
> Clindamycin & NicOinamide gel
> Iron, Folic Acid & Cyanocobalamin Syrup
> Melatonin & Zolpidem Tartrate Tablets
> Polmacoxib & Paracetamol Tablets
> Empagliflozin & Metformin Hydrochloride (ER) Tabl×s
> Empagliflozin & Meformin Hydrochloride Tables
> Sitagliptin, Glimepiride & Meformin Hydrochloride Tables
> Phenylephrine Hydrochloride & Chlorpheniramine Maleate Syrup

#### ચિનાબ રેલવે બ્રિજનું ૬ જૂને કાશ્મીરમાં લોકાર્પણ કરાશે



। (એજન્સી) જમ્મુ, તા.૫ ।

કાશ્મીરને રેલવે નેટવર્કના માધ્યમથી દેશના અન્ય હિસ્સા સાથે જોડનારા કાશ્મીર રેલ પ્રોજેક્ટનું ૬ જૂનના રોજ ઉદ્ઘાટન થવાનું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જમ્મુના કટરાથી બનિહાલ ખીણ સુધી વંદે ભારત ટ્રેન સેવાને લીલી ઝંડી બતાવશે. આ વંદે ભારત ટ્રેન રોજ કટરા અને ખીણ વચ્ચે દોડશે. આ ટ્રેન કાશ્મીરને કન્યાકુમારી સાથે જોડવાનું સપનું પૂરું કરશે. ભારત ટૂંકસમયમાં રેલ દ્વારા જોડાશે. આ પ્રોજેક્ટ કાશ્મીરને દેશના અન્ય ભાગો સાથે જોડવાના ૭૦ વર્ષ જૂના સપનાને સાકાર કરશે જે પ્રદેશમાં ખેતી-બાગાયતી, ઈન્ડસ્ટ્રી, શિક્ષણ અને પ્રવાસને વેગ આપશે. આ ટ્રેકના ઉદ્ઘાટન પહેલાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવી છે. જેના માટે સુરક્ષા દળોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. અંજી નદી પર બનેલા વિશ્વના સૌથી ઊંચા રેલવે બ્રિજ આઈકોનિક ચિનાબ રેલ બ્રિજ પર કટરા-બનિહાલ ટ્રેન દોડશે. વિશ્વના સૌથી ઊંચા બ્રિજ પર ૨૭૨ કિમી ઉધમપુર-શ્રીનગર-બારામુલા રેલવે લાઈન (USBRL) કાશ્મીર ખીણને રેલ નેટવર્ક દ્વારા દેશના અન્ય ભાગો સાથે જોડશે. એક દિવસ બાદ ચેનાબ બ્રિજના ઉદ્ઘાટન સાથે વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ જમ્મુ-કાશ્મીરના રેલ નેટવર્કને મજબૂત બનાવશે. વડાપ્રધાન મોદી ચિનાબ બ્રિજનું ઉદ્ઘાટન કર્યા બાદ ભારતના પ્રથમ કેબલ સ્ટે રેલ બ્રિજ-અંજી ખડ બ્રિજ રૂટનું નિરિક્ષણ કરતાં કટરા સુધી ટ્રેનમાં મુસાફરી કરશે. તે રેલવે એન્જિનિયર્સની પણ મુલાકાત કરશે. USBRL પ્રોજેક્ટની શરુઆત ૧૯૯૭માં થઈ હતી. પરંતુ પ્રદેશમાં હવામાન, ભૌગોલિક પડકારો તેમજ જટિલ ભૂસ્તરના કારણે પ્રોજેક્ટમાં વારંવાર વિલંબ થયો હતો. પ્રોજેક્ટ પાછળ વિવિધ પડકારોના કારણે ખર્ચ રૂ. ૪૧૦૦૦ કરોડનો થયો છે.

#### ટેસ્ટમાંથી નિવૃત્તિ લેવા પર કોહલીએ કહ્યું

## ટેસ્ટ ક્રિકેટ હંમેશા બીજા બધા કરતા પાંચ સ્તર ઉપર રહ્યું છે

### હું આવનારા યુવાનોને વિનંતી કરું છું કે ટેસ્ટમાં સારું પ્રદર્શન કરવાથી તમને આખી દુનિયામાં આદર મળે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

૩ જૂન, ૨૦૨૫ના રોજ ઈઝમ્એ ૧૮ વર્ષમાં પ્રથમ વખત IPL ટ્રોફી જીતી છે. RCBએ ટાઈટલ જીત્યા બાદ, અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં દિવાળી જેવો માહોલ હતો. ૧૮ વર્ષમાં પ્રથમ વખત IPL ચેમ્પિયન બન્યા બાદ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) ટીમના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીની ખુશીનો કોઈ પાર ન રહ્યો. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) ૫ હેલી વાર IPL ચેમ્પિયન બનતાં વિરાટ કોહલી ખૂબ જ ભાવુક થઈ ગયો અને રડવા લાગ્યો. વિરાટ કોહલીએ મેદાન પર તેની પત્ની અનુષ્કા શર્માને ગળે લગાવી હતી. ૧૮ વર્ષમાં પહેલી વાર IPL ટ્રોફી જીત્યા બાદ, અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં વિરાટ કોહલીનો ઈન્ટરવ્યુ લેવામાં આવ્યો. વિરાટ કોહલીને ટેસ્ટ ક્રિકેટમાંથી તાજેતરમાં નિવૃત્તિ લેવા વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. વિરાટ કોહલીએ ગયા મહિને ૧૨ મેના રોજ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. વિરાટ કોહલીએ કહ્યું હતું કે, ટેસ્ટ ક્રિકેટ હંમેશા બીજા બધા કરતા પાંચ સ્તર ઉપર રહ્યું છે. આ એક એવું ફોર્મેટ છે જેને હું ખૂબ પ્રેમ કરું છું અને જેનો હું સૌથી વધુ આદર કરું છું. અત્યારે પણ, હું આવનારા યુવાનોને ટેસ્ટ ક્રિકેટને સમાન આદર સાથે લેવા વિનંતી કરું છું. ટેસ્ટમાં સારું પ્રદર્શન કરવાથી તમને આખી દુનિયામાં આદર મળે છે, તે આદરનું પ્રતીક છે. વિરાટ કોહલીએ ભારપૂર્વક જણાવ્યું કે ટેસ્ટ ક્રિકેટનો તેમના પર ઊંડો પ્રભાવ પડ્યો છે.

#### હવે ફાઈનલમાં એ જ શશાંકે બનાવ્યા સૌથી વધુ રન

## એક દિવસ અગાઉ કેપ્ટને હાથ ન મિલાવ્યો, જાહેરમાં કર્યું અપમાન

### ફાઈનલ મેચમાં શશાંક સિંહ અંત સુધી ઉભો રહ્યો અને છેલ્લી ક્ષણ સુધી જીતની આશા જીવંત રાખી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

પંજાબ કિંગ્સનું IPL ટાઈટલ જીતવાનું સપનું ફરી એકવાર ચકનાચૂર થઈ ગયું છે. IPL 2025ની ફાઈનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે પંજાબને ૬ વિકેટે હરાવ્યું છે. બીજી તરફ શશાંક સિંહ અંત સુધી ઉભો રહ્યો અને છેલ્લી ક્ષણ સુધી જીતની આશા જીવંત રાખી, પરંતુ અન્ય કોઈ બેટ્સમેન અંતમાં તેમનો સાથ આપી શક્યા નહીં.

શશાંકે ૩૦ બોલમાં ૬ છગ્ગા અને ૩ ચોગ્ગાની મદદથી અણનમ ૬૧ રન બનાવ્યા, પરંતુ તે ટીમને જીત અપાવી શક્યો નહીં. જો શશાંક સિંહને જો બે બોલ વધુ રમવા મળ્યા હોત તો મેચનું પરિણામ જ કંઈ અલગ જોવા મળ્યુ હોત. ફાઈનલ મેચના એક દિવસ અગાઉ જ IPL 2025ની ફાઈનલમાં પહોંચ્યા બાદ શશાંક સિંહને કેપ્ટન શ્રેયસ ઐયરના ગુસ્સાનો સામનો કરવો પડ્યો હતો. તેમનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થયો હતો.

નોંધનીય છે કે, IPL 2025ની ક્વોલિફાયર ૨માં પંજાબ કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૫ વિકેટથી હરાવ્યું અને ૧૧ વર્ષ પછી ફાઈનલમાં પ્રવેશ કર્યો. પંજાબ કિંગ્સની આ જીત છતાં એક વિવાદ સામે આવ્યો હતો. મેચ પછીનો એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં પંજાબ કિંગ્સનો કેપ્ટન શ્રેયસ ઐયર પોતાના જ સાથી પર ગુસ્સે થતો જોવા મળી રહ્યો હતો. મેચ પછી જ્યારે બન્ને ટીમોના ખેલાડીઓ હાથ મિલાવી રહ્યા હતા.

#### સરકારી કર્મચારીઓને મળશે સારા સમાચાર

## સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં થઈ શકે છે બંપર વધારો

### કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનર્સને આશા છે કે આ વખતે મોંઘવારી ભથ્થામાં સારો વધારો થઈ શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનર્સને આશા છે કે સાતમાં પગાર પંચમાં છેલ્લું મોંઘવારી ભથ્થું વધારો ગત વખત કરતા સારો હશે. સરકારે ચાલુ કેલેન્ડર વર્ષના પહેલા ત્રિમાસિક માટે DA માં 2% નો વધારો કર્યો છે. હાલના સમયમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને ૫ ેન્શનર્સ માટે DA 55 ટકા છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સાતમું ૫ ગાર પંચ પોતાનો કાર્યકાળ પૂરો કરશે આથી આ આ વખતનો ડીએ વધારો વર્તમાન પગાર પંચ હેઠળ અંતિમ સંશોધન હશે. મીડિયા રિપોર્ટ મુજબ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે ૨૦૨૫માં ડીએનો બીજો ભાગ ૧ જુલાઈ ૨૦૨૫થી લાગૂ થવાનો છે. જો કે તેની જાહેરાત સામાન્ય રીતે તો ઓક્ટોબર કે નવેમ્બરના મહિનામાં દિવાળીની આસપાસ થાય છે. આ બધા વચ્ચે ઈન્ડસ્ટ્રિયલ વર્કર માટે AICPI-IWમાં એપ્રિલ મહિનામાં ૦.૫ અંકની તેજી જોવા મળી છે. જેનાથી કર્મચારીઓને સારા વધારાની આશા જાગી છે.

એપ્રિલ ૨૦૨૫માં AICPI-IW ઈન્ડેક્સ વધીને ૧૪૩.૫ થઈ ગયો જે જાન્યુઆરી ૨૦૨૫માં નોંધાયેલા ૧૪૩.૨ થી વધુ છે. ખાસ વાત એ છે કે આ સતત બીજો મહિનો છે જ્યારે ઈન્ડેક્સમાં વધારો નોંધાયો છે. આ અગાઉ જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૨૫માં તેમાં ઘટાડો જોવા મળ્યો હતો. શ્રમ બ્યુરોએ ૩૦ મે ૨૦૨૫ની રિલીઝમાં કહ્યું હતું કે એપ્રિલ ૨૦૨૫ માટે AICPI-IW 0.5 અંક વધીને 143.5 પર પહોંચી ગયો. માર્ચમાં AICPI-IW ઈન્ડેક્સ ૦.૨ પોઈન્ટ વધીને ૧૪૩.૦ પર ૫ હોંચી ગયો. જો કે આ જાન્યુઆરીના ૧૪૩.૨થી થોડું ઓછું છે પરંતુ ડીએ વધારાની રીતે આ પોઝિટિવ સંકેત છે કારણ કે તે પહેલા નવેમ્બર ૨૦૨૪ બાદ AICPI-IW પર આધારિત મોંઘવારીના આંકડામાં સતત ઘટાડો જોવા મળ્યો હતો.

### બેંગ્લુરુની ઘટના પર સવાલ ઊઠતા કર્ણાટકના મુખ્યમંત્રીએ આપી પ્રતિક્રીયા

। (એજન્સી) બેંગલુરુ, તા.૫ ।

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર નાસભાગની ઘટના માટે ક્રિકેટ એસોસિએશનને જવાબદાર ઠેરવ્યું. આવી ઘટના અંગે પણ રાજકારણ કરતાં ભાજપના પ્રશ્નોનો જવાબ આપતા કર્ણાટક સીએમએ કહ્યું કે મહાકુંભ દરમિયાન પણ નાસભાગ થઈ હતી. આવી ઘટનાઓ પર રાજકારણ ન કરવું જોઈએ. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) ના IPL વિજયની ઉજવણી દરમિયાન મચેલી નાસભાગની ઘટનાને અણધારી દુર્ઘટના ગણાવી હતી.


**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

**મહાનગર સેવા સદન, અમદાવાદ**
**લાઈટ - સ્ટ્રીટલાઈટ ડીપાર્ટમેન્ટ**

**જાહેર જનતા જોગ ચેતવણી**

આથી અમદાવાદ શહેરની જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરીજનોને સ્ટ્રીટલાઇટની સુવિધા પુરી પાડવામાં આવે છે. સદર સ્ટ્રીટલાઈટની સુવિધા માટે ઉભા કરવામાં આવતા તમામ સ્ટ્રીટ લાઈટના પોલ્સ તથા તેના પાવર ફીડીંગ સેક્શન અને તેને કનેક્ટીંગ કેબલ નેટવર્ક સુરક્ષાના તમામ પાસાની ચકાસણી કરી ચાલુ કરવામાં આવે છે. ત્યારબાદ અનઅધિકૃત માણસો દ્વારા બિનઅધિકૃત રીતે સામાજીક અને ધાર્મિક પ્રસંગો દરમ્યાન સ્ટ્રીટલાઈટના પોલ્સ તથા તેના પાવર ફીડીંગ સેક્શનમાંથી પાવર લેતાં, સ્ટ્રીટલાઈટના પોલ્સ તથા તેના પાવર ફીડીંગ સેક્શન સાથે ઢોર ઢાંખર (પશુ પ્રાણી) બાંધતાં, **સ્ટ્રીટલાઈટના પોલ્સ પર તાર કે વાયર બાંધીને કપડા સુકવતા તેમજ જાહેરાતના હોર્ડિંગ્સ લગાવતા હોય છે જેનાથી તેમાં કરંટ લાગવાની અને જાનહાની થવાની શકયતા છે,** કેટલીક જગ્યાએ સ્ટ્રીટલાઈટના પોલ્સ અને કેબલ નેટવર્ક ઉપર દબાણ કરી કવર કરી દેતાં તથા અનઅધિકૃત માણસો દ્વારા સ્ટ્રીટલાઈટના પોલ્સ તથા તેના પાવર ફીડીંગ સેક્શનમાંથી કેબલ કાપી તથા તેને આનુષાંગિક ઇલેક્ટ્રીકલ પ્રોટેક્શન સિસ્ટમ માટેના જરૂરી રીલે, ફ્યુઝ, એમ.સી.બી.,ઈ.એલ.સી.બી. વિગેરે જેવી ઈલેક્ટ્રીક ઇક્વીપમેન્ટસની ચોરી કરીને, પાવર ફીડીંગ સેક્શનને ગંભીર હાલતમાં મુકવામાં આવે છે, આ ઉપરાંત સ્ટ્રીટલાઈટના વાયરો, જંક્શન બોક્સ તેમજ પાવર ફીડીંગ સેક્શનને ખુલ્લા મુક્તા હોવાનુ માલુમ પડેલ છે. જે અત્યંત ગંભીર બાબત છે.

**અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના સ્ટ્રીટલાઈટના પોલ્સ તથા પાવર ફીડીંગ સેક્શનમાં ૨૩૦/૪૪૦ વોલ્ટનો જીવંત પાવર હોય છે જેને અડવાથી તેમાં કરંટ લાગવાનો અને જાનહાની થવાની પુરેપુરી સંભાવના છે.** તેથી જાહેર જનતાને આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને જાહેર ચેતવણી આપવામાં આવે છે કે અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના સ્ટ્રીટલાઈટના પોલ્સ તથા પાવર ફીડીંગ સેક્શનને ચાલુ કે બંધમાં પણ અડકવુ નહી, તેમાંથી બિનઅધિકૃત રીતે પાવર લેવો નહિ તથા સ્ટ્રીટલાઈટના પોલ્સ અને તેના પાવર ફીડીંગ સેક્શનમાંથી કેબલ કાપી તથા તેને આનુષાંગિક ઈલેક્ટ્રીકલ પ્રોટેશન સીસ્ટમ માટે જરૂરી રીલે, ફ્યુઝ, એમ.સી.બી. વિગેરે જેવી ઈલેક્ટ્રીક ઈકવિપમેન્ટની ચોરી કરવી નહી, પાવર ફીડીંગ સેશન સાથે પોતાના પાલતુ ઢોર ઢાંખર (પશુ પ્રાણી) બાંધવા નહીં, સ્ટ્રીટલાઈટના પોલ્સ પર તાર કે વાયર બાંધીને કપડા સુકવવા નહીં, સ્ટ્રીટલાઇટ પોલ્સ/ ફીડીંગ સેક્શન પાસે ખોરાક (એઠવાડ) નાંખવો નહીં અને જો કોઈ શખ્સ સ્ટ્રીટ લાઇટ પોલ્સ તથા પાવર ફીડીંગ સેક્શનમાંથી ચોરી કરશે કે અડકશે કે બિન અધિકૃત રીતે પાવર લેતો જોવા મળશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તથા જો તેમ કરવામાં **વીજ કરંટ લાગવાની, કોઈ જાનહાની થવાની કે અન્ય કોઇ પણ નુકશાન થશે તો તે અંગેની તમામ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે. જેના માટે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની કોઇપણ જાતની જવાબદારી રહેશે નહી.** જેની વખતો વખત જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

"મ્યુનિસિપલ સેવાને લગતી ફરીયાદ માટે ડાયલ કરો - ૧૫૫૩૦૩"

**મ્યુનિસિપલ કમિશ્નર, અમદાવાદ**


#### માઉન્ટ એવરેસ્ટ સર કરીને ઇતિહાસ રચ્યો

## લદાખનો ૨૧ વર્ષીય પદ્મ નામગેલ બન્યો માઉન્ટ એવરેસ્ટ સર કરનારો સૌથી યુવાન પર્વતારોહક

। (માહિતી) લદ્દાખ, તા.૫ ।

લદાખના પદ્મા નામગેલ માઉન્ટ એવરેસ્ટ સર કરીને ઈતિહાસ રચ્યો છે. લદાખના નુબ્રા સ્થિત સુમુર ગામના ૨૧ વર્ષીય પદ્મા નામગેલ ૧.૭ મિલિયન કેડેટ્સમાંથી ૫ સંદગી પામીને માઉન્ટ એવરેસ્ટ (સાગરમાથા) સર કરનાર લદાખનો સૌથી યુવા પુરુષ ૫ ર્વતારોહક બની ઈતિહાસ રચ્યો છે. ૧૮ મેના રોજ, તેણે ગાઈડ થુનાંગ ભૂટિયા સાથે શિખર સર કર્યું હતું.

પદ્મા નામગેલે નુબ્રાની લામડોન સ્કૂલમાંથી ધોરણ ૮ સુધીનો અભ્યાસ કર્યો હતો અને ત્યારબાદ સુમુરની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ ચાલુ રાખ્યો હતો. હાલમાં તે ચંદીગઢની ડીએવી કોલેજમાંથી કમ્પ્યુટર સાયન્સમાં બીએસસીનો અભ્યાસ કરી રહ્યો છે. ઓગસ્ટ ૨૦૨૪માં, જ્યારે તે ઘરે આવવાનું આયોજન કરી રહ્યો હતો, ત્યારે તેને દ્રઝઝ યુનિટમાંથી ફોન આવ્યો જેમાં ૫ ર્વતારોહણ કોર્સ વિશે પૂછવામાં આવ્યું. શરૂઆતમાં તેણે ના ૫ ાડી, કારણ કે તેને ઘરે આવવાની વધુ ઉત્સુકતા હતી. પરંતુ તેના ઓફિસરે તેને મળવા બોલાવ્યો અને પછી તેને માઉન્ટ એવરેસ્ટ અભિયાન વિશે જણાવ્યું. આ સાંભળીને તે તરત જ તૈયાર થઈ ગયો. નામગેલે જણાવ્યું કે, આ પસંદગી પ્રક્રિયા ખૂબ જ પડકારજનક હતી. તેમાં ૧૭ દ્રઝઝ ડિરેક્ટોરેટ્સના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દિલ્હીમાં શારીરિક અને લેખિત પરીક્ષાઓના ઘણા રાઉન્ડ થયા. ઓગસ્ટથી સપ્ટેમ્બર સુધી ઉત્તરકાશીમાં માઉન્ટ અબી ગામીન પર અભિયાન થયું, જ્યાં તેનું પ્રદર્શન, વજન સાથે ચાલવાની ક્ષમતા અને ઊંચાઈ પર અનુકૂલન સાધવાની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. ઉત્તરકાશીમાં માઉન્ટ અબી ગામીન પર અભિયાન થયું, જ્યાં તેનું પ્રદર્શન, વજન સાથે ચાલવાની ક્ષમતા અને ઊંચાઈ પર અનુકૂલન સાધવાની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું.

નામગેલે વધુમાં જણાવ્યું કે, આ વર્ષે ડિસેમ્બરથી જાન્યુઆરી દરમિયાન સિયાચીનમાં શિયાળુ તાલીમ અને પસંદગી થઈ, જ્યાં અત્યંત કઠોર હવામાન ૫ રિસ્થિતિઓમાં ચાલવાની અને પ્રદર્શન કરવાની તેમની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. આ સમગ્ર પ્રક્રિયા શારીરિક અને માનસિક રીતે ખૂબ જ કઠિન હતી. બીએસસીનો અભ્યાસ કરતા હોવાથી અભ્યાસ અને તાલીમ વચ્ચે સંતુલન જાળવવું પણ મુશ્કેલ બન્યું. માઉન્ટ એવરેસ્ટ સર કરવા માટે ૫ રિવારના સહકાર વિષે પૂછતાં નામગેલે કહ્યું કે, મારા આ કામ મારા પરિવારે મારો ખૂબ જ સાથ આપ્યો. આ સાથે જ ૫ રિવારના લોકોએ કહ્યું કે, જો મને આમાં જ રસ હોય તો મારે મારું પૂરેપૂરું ધ્યાન આમાં જ આપ વું જોઈએ, અભ્યાસ તો પછી પણ થઈ શકે છે. લદાખ જેવા ૫ હાડી વિસ્તારમાંથી આવવું તેના માટે ફાયદાકારક સાબિત થયું, કારણ કે પહાડોમાં વજન ઉંચકીને લાંબા અંતર ચાલવાની આદત હોય છે, જે સહનશક્તિ વધારે છે. તેમજ સિયાચીનની શિયાળુ તાલીમે નામગેલને માનસિક અને શારીરિક રીતે માઉન્ટ એવરેસ્ટ માટે તૈયાર કર્યો. આ સાથે જ સિયાચીનમાં હિમનદી પર કૂચ કરી અને બરફની દિવાલો સર કરી, જેનો અનુભવ એવરેસ્ટ પર સ્થિર પરિસ્થિતિઓમાં ટકી રહેવા માટે ઉપયોગી થયો.લદાખ જેવા પહાડી વિસ્તારમાંથી આવવું તેના માટે ફાયદાકારક સાબિત થયું, કારણ કે પહાડોમાં વજન ઉંચકીને લાંબા અંતર ચાલવાની આદત હોય છે, જે સહનશક્તિ વધારે છે. તેમજ સિયાચીનની શિયાળુ તાલીમે નામગેલને માનસિક અને શારીરિક રીતે માઉન્ટ એવરેસ્ટ માટે તૈયાર કર્યો. આ સાથે જ સિયાચીનમાં હિમનદી પર કૂચ કરી અને બરફની દિવાલો સર કરી, જેનો અનુભવ એવરેસ્ટ પર સ્થિર પરિસ્થિતિઓમાં ટકી રહેવા માટે ઉપયોગી થયો.

શિખર પર પહોંચવાના અંતિમ ક્ષણનું વર્ણન કરતા નામગેલે કહ્યું કે, ૧૭ મેના રોજ સાંજે ૭ વાગ્યે ચઢાણ શરૂ કર્યું અને બીજા દિવસે સવારે ૪ વાગ્યે શિખર પર પહોંચ્યા. આ એક મોટી રાહત હતી અને વધો જ થાક દૂર થઈ ગયો. જોકે, નીચે ઉતરતી વખતે થોડી મુશ્કેલી થઈ હતી. આ સાથે જ નામગેલે અભિયાન દરમિયાન ગાઈડ ભૂટિયાની ભૂમિકાને પણ બિરદાવી છે.

### શહેરમાં અકસ્માતના બનાવોમાં વધારો નોંધાયો

# સુરતમાં આપઘાત-અકસ્માતની ઘટનામાં ચાર વ્યક્તિના મોત

| (એજન્સી) સુરત, તા.૫ |

સુરતમાં આપઘાત અને અકસ્માત મોતની ઘટનામાં ચાર વ્યક્તિના મોત નીપજ્યા હતાં. સિંગણપોરમાં બેકાર યુવકે ફાંસો ખાધો હતો, જ્યારે ભેસ્તાનમાં વૃદ્ધે જીવ ટૂંકાવ્યો હતો. બીજીતરફ વરાછાના બરોડ પ્રિસ્ટેજ પાસે અને અમરોલીમાં ઊંચાઈ ઉપરથી પટકાતા બેના મોત નીપજ્યાં હતાં.શહેરના સિંગણપોર વિસ્તારમાં આવેલી ઓમકાર રેસીડેન્સી વિભાગ-૨માં ૩૫ વર્ષીય જયેશ ગોવિંદભાઈ સોસા પત્ની, બે પુત્રી તેમજ એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતો હતો અને બેકાર હતો. જયેશની પત્ની ખાનગી હોસ્પિટલમાં સફાઈ કામ કરી પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતી હતી. જયેશ કામધંધો ન કરતો હતો. ઉપરથી માતા, બહેન અને પત્ની પાસે નશો કરવાના પૈસા માંગતો હોવાથી ઘરમાં રોજ ઝઘડા થતા હતા. આ ઝઘડાથી કંટાળી ગઈકાલે જયેશએ ઘરમાં પંખા સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આપઘાતની બીજી ઘટનામાં ભેસ્તાન બીઆરટીએસ બસ ડેપો નજીક સ્વપન સૃષ્ટીમાં રહેતા ૭૫ વર્ષીય સુરેશભાઈ સન્મુખલાલ દાનેમાની પત્નીનું પાંચ વર્ષ પહેલા અવસાન થયા પછી નાના પુત્ર સાથે રહેતા અને મોટા પુત્ર સાથે ઈલાસ્ટિકનો વ્યવસાય કરી રહ્યા હતા. મોટાપુત્ર પર લોન ચાલી રહી હતી. ઉપરાંત આર્થિક તંગી પણ અનુભવી રહ્યો હતો. તેની તાણ સુરેશભાઈને ઘણી હતી. પુત્રના ટેન્શનમાં સોમવારે સવારના સમયે અઠવાલાઈન્સ ચોપાટી પાસે તેમણે એસિડ ગટગટાવી લીધું હતું. અકસ્માત મોતની પહેલી ઘટનામાં મૂળ દાહોદ જિલ્લાના દેવગઢ બારૈયાના વતની ૨૯ વર્ષીય શૈલેષકુમાર ચીમનભાઈ કાયરા સેન્ટીંગ કામ કરતો હતો.ગરમીને કારણે તે એપાર્ટમેન્ટના ચોથા માળે પતરા પર સૂતો હતો. રાત્રે વરસાદ આવતા તે ઊંઘમાંથી ઉઠી ભાગવા જતા પગ લપસી જતા નીચે પટકાતા તેનું મોત નીપજ્યું હતું.અમરોલી વિસ્તારમાં શ્રીરામ ચોકડી પાસે રિલાયન્સ નગરમાં રહેતો ૨૧ વર્ષીય બાબુ સોનાભાઈ શેખ પ્લમ્બરનું કામ કરતો હતો. તે મોટાવરાછામાં પ્લાસ્ટિકની પાઈપ પાંચમા માળે મૂકીને પાલખથી નીચે ઉતરી રહ્યો હતો. ત્યારે તેનું બેલેન્સ ખોરવાતા નીચે પટકાતા તેનું મોત નીજપ્યું હતું.

### આ ઘટનાને લઇને ટીંબી ગામમાં શોકનો માહોલ

# પ્રેમ સંબંધનો કરુણ અંજામ, યુવતીના પરિવારે કરી યુવકની કરપીણ હત્યા

| (એજન્સી) ભાવનગર, તા.૫ |

ભાવનગરના ઢસા પાસે આવેલા ટીંબી ગામે પ્રેમપ્રકરણમાં યુવતીના પરિવારજનોએ યુવકની કરપીણ હત્યા કરી હતી. પોલીસે હત્યા કેસમાં આઠ સામે ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે. સિહોરના ટીમલા ગામે રહેતા ૨૧ વર્ષિય જનકભાઈ પોતાના મોસાળ ટીંબીગામે છેલ્લા કેટલાક વર્ષોથી રહેતો હતો અને તેના મામા (સ્વ.) ભુપતભાઈ કેસિયા, પીરુભાઈ, હરેશભાઈના ત્યાં રહી મામાને પશુ પાલનમાં મદદ કરતો હતો. આ મામલે મૃતક જનકના મામાના દીકરા સાગરે આપેલી ફરિયાદ પ્રમાણે ગત તારીખ ૩ની સાંજે તેઓ સાડા સાત વાગ્યાના સુમારે હરેશભાઈને ત્યાં હતા ત્યારે ગામના હીતેન્દ્રસિંહ ગોહિલ અને હરદીપસિંહ ગોહીલ આવ્યા અને કહ્યું કે તમારો ભાણો જનક ક્યાં છે? અમારી ભાણીને લઈને ભાગી ગયો છે. શોધો નહીંતર અમારા હાથમાં આવશે તો અમે મારી નાખીશું. ત્યાર બાદ જનકની શોધખોળ કરતા ઢસા તરફ જનક બાઈક પર દેખાયો ત્યારે તેના બાઈકને કાર વડે ટક્કર મારીને તેમને નીચે પાડી દીધા બાદ કારમાંથી લોખંડની પાઈપ કાઢી અને હિતેન્દ્રસિંહે ધારિયું જનકને માથામાં,સાથેના વ્યક્તિએ પાઈપથી તેને મારવા લાગ્યા દરમિયાનમાં બીજીએક વાન આવી અને તેમાં આવેલા ગામના વિશ્વરાજસિંહ, જગદીશસિંહ ગોહિલ, હરદીપસિંહ ઉર્ફે કાનો, અજસિંહ વાઘેલા જે ગામના ભાણેજ છે તથા બીજા બે શખ્સો તેઓએ જનકને ઢીંકા પાટુનો માર મારવાનું શરૂ કર્યું. ગંભીર હાલતે ૧૦૮માં સારવાર માટે સિહોર હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો. આ જાણકારી મળતા સાગરે પોલીસને કહ્યું કે, આ બનાવનું કારણ એવું છે કે મારા ફોઈના દીકરા જનકને અમારા ગામની દીકરી સાથે છેલ્લા એકાદ વર્ષથી મિત્રતા છે અને પ્રેમ સંબંધ હોય તેને તેના પર હુમલો કરી તેને જીવથી મારી નાખવામાં આવ્યો. ભાવનગરની ઢસા પોલીસે આ મામલાની ફરિયાદ નોંધી જેમાં હિતેન્દ્રસિંહ, જયદીપસિંહ, હરદીપસિંહ, વિશ્વરાજસિંહ, અજયરાજસિંહ વાઘેલા અને ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો છે. સવારે યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે ખસેડી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## ખાટલામાં બેસવા બાબતની તકરારમાં બે સગા ભાઇઓએ યુવકની હત્યા કરી

| (એજન્સી) અમદાવાદ, તા.૫ |

શાહીબાગ વિસ્તારમાં ખાટલામાં બેસવાની તકરારમાં બે ભાઈઓએ યુવક પર ખંજર વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધો હતો. બીજી તરફ હુમલા બાદ બન્ને પલાયન થઈ ગયા હતા. આ મામલે શાહીબાગ પોલીસે હત્યાનો ગુનો નોંધી બન્ને ફરાર સગા ભાઈઓની શોધખોળ આદરી છે. શાહીબાગ વિસ્તારમાં ૨૨ વર્ષિય ચિરાગ દિનેશભાઈ સરસાવા પોતાના પરિવાર સાથે રહે છે અને તેની પત્ની ગર્ભવતી હોવાથી તે પિયર ગયેલી છે. ૩ જૂનના રોજ સવારે નવ વાગ્યે ચિરાગ પોતાના કામ માટે ગયો હતો. બપોરે જમવા માટે ઘરે આવ્યો હતો અને જમી તે ઘરની બહાર નિકળ્યો હતો અને તેના મિત્ર મનોજને મળ્યો હતો. તેઓ રસ્તામાં ઊભા રહી વાત કરતા હતા અને ત્યાં તેઓ થાકી જતા ત્યાં જયશંકરભાઈના ગલ્લા પાસે ગયા હતા અને ત્યાં ખાટલો પડ્યો હોવાથી તે પાથરી બેસવા જતા હતા. ત્યારે જયશંકરભાઈની પત્ની આશાબહેને કહ્યું હતું કે, ખાટલો તૂટેલો છે જેથી બેસતા નહીં. આટલું કહ્યા બાદ તેમના વચ્ચે બોલચાલ થઈ હતી. આ સમયે આશાબહેનના દીકરા અનુજ અને મનોજ આવી ગયા હતા અને ચિરાગને માર મારવા લાગ્યા હતા. તેમણે ચિરાગને લાકડી વડે ફટકાર્યો હતો. ઉપરાંત અનુજે ચિરાગને પકડી રાખ્યો હતો.

## દુષ્કર્મના આરોપીને ૨૦ વર્ષની સજા સાથે ફટકારાયો ૫ હજારનો દંડ

| (એજન્સી) રાજકોટ,તા.૫ |

રાજકોટમાં ગુનાઓનું પ્રમાણ વધી રહ્યુ છે. ત્યારે આ ગુનાઓને ડામવા માટે તંત્રએ તજવીજ હાથ ધરી છે. સામાન્ય જનતાની સુરક્ષા વ્યવસ્થા પર પ્રશ્ન ઉભા થયા છે. શહેરમાં દુષ્કર્મના કેસ વધી રહ્યા છે. ત્યારે ધોરાજી સેશન્સ કોર્ટે દુષ્કર્મના આરોપીને સજા સંભળાવી છે. આ આરોપીને ૨૦ વર્ષની સજાની સાથે રુ.૫૦૦૦નો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. આ દુષ્કર્મનો મામલો જામકોઠા પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. રંગીલા રાજકોટમાં ગુનેગારો બેફામ બન્યા છે. તેઓને પોલીસનો કોઈ ડર ન હોય તેમ લાગી રહ્યુ છે. ડર વિના ગુનેગારો ગુનાઓને અંજામ આપી રહ્યા છે. એક તરફ જ્યાં હત્યા, ચોરીની બનાવ વધી રહ્યા છે. તો બીજી તરફ, દુષ્કર્મની ઘટનામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. જામકોઠા પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મનો કેસ નોંધવામાં આવ્યો હતો. જેને લઈને ધોરાજી સેશન્સ કોર્ટે પોતાનો ચુકાદો સંભળાવ્યો હતો. દુષ્કર્મના આરોપીને કોર્ટે ૨૦ હજારની સજા ફટકારી છે. અને સાથે જ ૫ હજાર રૂપિયાનો દંડ પણ આપ્યો છે. રાજકોટની કાયદા તથા સુરક્ષા વ્યવસ્થા ગુનેગારો સામે કથળી ગઈ હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. અહીં જાહેર માર્ગો પર મારામારી, અકસ્માત, દુષ્કર્મ અને હત્યા જેવા ગુનાઓ પોલીસ ચોપડે નોંધાતા રહે છે.

### ભાતીગળ લોકમેળોની તારીખ થઈ ગઈ કન્ફર્મ

# લોકમેળો આ વર્ષે ૧૪થી ૧૮ ઓગસ્ટ દરમિયાન યોજાશે

### જન્માષ્ટમી નિમિત્તે સૌરાષ્ટ્રનો સૌથી મોટો લોકમેળો રાજકોટના રેસકોર્સ મેદાનમાં યોજવામાં આવે છે

| રાજકોટ, તા.૫ |



રાજકોટમાં જન્માષ્ટમીમાં યોજાતો સૌરાષ્ટ્રનો સૌથી મોટો ભાતીગળ લોકમેળો આ વર્ષે રેસકોર્સ મેદાનમાં યોજાઈ રહ્યો છે તે વિસ્તારના ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ છેલ્લા એક વર્ષથી આ મેળાનું સ્થળ બદલીને સ્માર્ટ સીટી ગણાતા અટલ સરોવર પાસે યોજવા માટેની માંગણી કરી રહ્યા છે. તેની સામે રાજકોટ શહેરના સમાજ અને નગર શ્રેષ્ઠી પરષોત્તમ પીપળીયા પડ્યા છે. તેમને લોકમેળાનું સ્થળ બદલવા સામે વિરોધ કર્યો છે. રાજકોટમાં જન્માષ્ટમીના લોકમેળાને લઈને ધારાસભ્ય દર્શિતા શાહે જણાવ્યું હતું કે, રેસકોર્સ મેદાનમાં દર વર્ષે યોજાતા લોકમેળામાં લાખો લોકોની ભીડ ઉમટી પડે છે અને આ દરમિયાન મેળો પણ યોગ્ય રીતે યોજાઈ શકાતો નથી આસપાસના વિસ્તારોમાં ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે જેને લઈને વિસ્તારવાસીઓની પણ વર્ષોથી ફરિયાદ છે આ સમગ્ર બાબતોને ધ્યાનમાં રાખીને રાજકોટ જિલ્લાની સંકલન સમિતિમાં છેલ્લા એક વર્ષથી રજૂઆત કરી રહી છું કે લોકમેળાનું સ્થળ રેસકોર્સ મેદાનથી બદલીને અટલ સરોવર પાસે કરવામાં આવે. રાજકોટમાં જન્માષ્ટમી નિમિત્તે યોજાતો સૌરાષ્ટ્રનો સૌથી મોટો લોકમેળો આ વર્ષે ૧૪થી ૧૮ ઓગ્સ્ટ દરમિયાન યોજાશે. જન્માષ્ટમી નિમિત્તે સૌરાષ્ટ્રનો સૌથી મોટો લોકમેળો રાજકોટના રેસકોર્સ મેદાનમાં યોજાય છે. આ વર્ષે આ લોકમેળો ૧૪થી ૧૮ ઓગ્સ્ટ સુધી યોજાશે. તેમણે જણાવ્યું હતું કે રાજકોટનુ અટલ સરોવર પાસે સ્માર્ટ સિટીનું નિર્માણ થઈ રહ્યું છે આ દરમિયાન અટલ સરોવર આસપાસની ૯૦૦૦૦ સ્ક્વેર મીટર જેટલી જગ્યા ખાડા વાળી છે તેને સફળ કરવા માટે રાજકોટના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્યના શહેરી વિકાસ વિભાગ સમક્ષ રૂ. ૧૨ કરોડની ગ્રાન્ટ માંગવામાં આવી હતી. જે સત્વરે ફાળવવામાં આવે તેના માટે રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરી હતી. જ્યારે આ મામલે રાજકોટના નગર શ્રેષ્ઠી અને જાગૃત નાગરિક પુરૂષોતમ પીપળીયાએ જણાવ્યું હતું કે, શહેરના રેસકોર્સ મેદાનમાં જન્માષ્ટમીમાં યોજાતો લોકમેળો આસપાસના ગ્રામજનો અને તાલુકા મથકના લોકો દર વર્ષે માણી રહ્યા હતા. જેથી આ મેળા માટે રાજકોટ શહેરની મધ્યમાં આવેલા મેદાન હોય તે આવશ્યક છે એટલે કે રેસકોર્સ અથવા શાસ્ત્રી મેદાનમાં લોકમેળો યોજવો જોઈએ. કારણકે ગરીબ વર્ગના લોકોને ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ ન કરવો પડે. જો રાજકોટ શહેરની બહાર એટલે કે સાત કિલોમીટર દૂર લોકમેળો યોજવામાં આવે તો ગરીબ લોકોને તગડા રીક્ષા ભાડા ચૂકવવા પડે. ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે હાલ બે છેડા ભેગા કરવા પણ ખૂબ જ મુશ્કેલ બન્યા છે ત્યારે જન્માષ્ટમીનો લોકમેળો બહાર લઈ જવાને બદલે હાલ જે જગ્યાએ યોજાય છે તે રેસકોર્ષ મેદાન અથવા તો શાસ્ત્રી મેદાનમાં જ યોજાવો જોઈએ તેવું મારું સ્પષ્ટ માનવું છે.

### બે બંદૂક, ૬૦ ખાલી કારતૂસ, ગનપાઉડર ભરેલી બે બોટલ જપ્ત કરાઈ

# મોરબીના ચીખલીમાં યુટ્યૂબમાંથી શીખીને યુવકે ઘરમાં જ બંદૂકનું કારખાનું શરૂ કર્યુ

**પોલીસની પૂછપરછમાં આરોપીએ કબૂલ્યું હતું કે, તે પોતાના મોબાઇલ ફોન પર યુટ્યૂબમાં હથિયાર બનાવવા તથા રિપેરિંગ કરવાના વીડિયો જોતો હતો**

| (એજન્સી) મોરબી, તા.૫ |

મોરબીના ચીખલી ગામમાં એક અજબ કિસ્સો સામે આવ્યો છે. એક યુવકે યુટ્યુબ જોઈને બંદૂક બનાવવાનું શીખીને ઘરમાં જ પ્રોડક્શન શરૂ કરી દીધું હતું. આખરે બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને બે બંદૂક, ૬૦ ખાલી કારતૂસ, બે ગનપાઉડર ભરેલી બોટલ જપ્ત કરી આગળની કાર્યવાહી શરૂ કરી છે.એલસીબીને બાતમી મળી હતી કે માળિયા (મી)ના ચીખલી ગામે મફતિયાપરામાં રહેતો સલીમ કાદરભાઈ મિયાણા પોતાના મકાનના પાછળના ભાગે આવેલા ફળિયામાં ગેરકાયદે દેશી હાથ બનાવટની બંદૂકો જાતે બનાવે છે અને જુદા-જુદા ગ્રાહકોને વેચે છે. જેના આધારે પોલીસે ત્યાં રેડ કરી ત્યારે સ્થળ પરથી દેશી હાથ બનાવટની ૨ બંદૂક તથા હથિયાર બનાવવા માટેનાં જરૂરી સાધનો મળ્યાં હતા. પોલીસે આરોપી સલીમ કાદરભાઈ માલાણી (રહે. મફતિયાપરા, ચીખલી ગામ, તાલુકો માળિયા(મિં))ની ધરપકડ કરી હતી. તેની પાસેથી સિદીક ઉમેદઅલી કાજેડિયા (રહે. હાલ ચરાડવા, તાલુકો હળવદ)નું નામ સામે આવ્યું હતું, જેથી બંને સામે માળિયા(મિં) તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.પોલીસની પૂછપરછમાં આરોપીએ કબૂલ્યું હતું કે, તે પોતાના મોબાઈલ ફોન પર યુટ્યૂબમાં હથિયાર બનાવવા તથા રિપેરિંગ કરવાના વીડિયો જોતો હતો અને એ જોઈને તે હથિયાર બનાવતા તથા રિપેરિંગ કરતા શીખ્યો હતો. આરોપી ત્રણ વર્ષથી જાતે બંદૂક બનાવતો હતો. આ શખસ છેલ્લાં બે-ત્રણ વર્ષથી પોતાના મકાનમાં જાતે જ દેશી હાથ બનાવટની બાર બોર સિંગલ બેરલ બંદૂકો બનાવતો હતો અને એ બંદૂક બનાવવા અને હથિયાર રિપેરિંગ કરવા અંગેની એમઓ પણ જાણે છે.

# પાલમાં ડોક્ટરનો રિપોર્ટ આવ્યો પોઝેટિવ, સુરતમાં વધ્યું સંક્રમણ,વધુ સાત કોરોનાના કેસ નોંધાયા

| સુરત, તા.૫ |



કોરોનાની રીએન્ટ્રીએ ફરી એકવાર ચિંતા જગાડી છે. કોરોના કેસ સતત વધી રહયાં છે. રાજ્યમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના ૧૧૮ કેસ નોંધાયા છે. રાજ્યમાં કોરોનાના એક્ટિવ કેસનો આંક ૫૦૮ અને ૪૯૦ દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે. સુરતમાં પણ કોરોનાએ માથું ઉચક્યું છે. અહીં વધુ સાત કેસ નોંધાતા ચિંતા વધી છે. સુરત પાલના ડોક્ટર સંક્રમિત થયા છે. મુંબઈથી પરત આવેલા વૃદ્ધ સહિત સાતના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યાં છે.બે દર્દીઓ હોસ્પિટલમાં, પાંચ હોમ આઈસોલેશન કરાયા છે. સુરત શહેરમાં અત્યાર સુધી ૩૫ કેસ નોંધાયા છે. રાજ્યમાં કોરોનાના કેસમાં ચિંતાજનક વધારો થયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૧૯ કેસ નોંધાયા હતા. રાજ્યમાં હાલ ૫૦૮ એક્ટિવ કેસ છે જે પૈકી ૧૮ દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે ૪૯૦ દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે. જ્યારે સ્વસ્થ થયેલા ૭૨ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. તે સિવાય અમદાવાદ શહેરમાં પણ કોરોના કેસમાં વધારો થયો છે. બુધવારે શહેરમાં કોરોનાના વધુ ૭૧ કેસ નોંધાયા હતા. જ્યારે ૨૦ વર્ષીય સગર્ભા યુવતીનું મોત થયું હતું. અત્યાર સુધી શહેરમાં કોરોનાથી ૩ મહિલાના મોત થયા છે. છેલ્લા એક મહિનામાં શહેરમાં ૪૦૧ કેસ નોંધાયા છે. હાલ અમદાવાદમાં કોરોનાના ૨૮૧ એક્ટિવ કેસ છે. જેમાંથી મોટાભાગના હોમ આઈસોલેશનમાં છે. સૌથી વધારે એક્ટિવ કેસ પશ્ચિમના વિસ્તારોમાં છે. મધ્ય ઝોન, ઉત્તર ઝોન, પૂર્વ ઝોન અને દક્ષિણ ઝોનમાં કુલ ૪૭ એક્ટિવ કેસ છે. તેની સામે તેના કરતા બમણા એક્ટિવ કેસ માત્ર ઉત્તર-પશ્ચિમ ઝોનમાં છે. હાલ સિવિલ હોસ્પિટલમાં ૩ દર્દીઓ સારવાર હેઠળ છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભારતમાં ઓછામાં ઓછા ૨૭૬ કોવિડ-૧૯ કેસ નોંધાયા છે, જેનાથી એક્ટિવ કોવિડ-૧૯ કેસની કુલ સંખ્યા ૪,૩૦૨ થઈ ગઈ છે.

## વડોદરામાં સાસુ, સસરાના માનસિક ત્રાસથી કંટાળી પીડિત મહિલાએ અભયમની મદદ લીધી

| (એજન્સી) વડોદરા,તા.૫ |

વડોદરા હરણી વિસ્તારમાં રહેતા એક પરિવારમાં પીડિત મહિલાને સાસુ, સસરા અતિશય ત્રાસ આપતા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર કોલ કર્યો કે, મારા સાસુ, સસરા મને રોજ માનસિક ત્રાસ આપે છે અને એમાં મારા પતિ તેઓને એક શબ્દ પણ બોલી શકતા નથી. મારે છૂટાછેડા લેવા છે.અભયમની ટીમે પીડિત મહિલાની હકીકત જાણી જેમાં લગ્નને નવ વર્ષ થયા છે, બે સંતાન છે અને પતિ પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરે છે. સસરા રોજ મને નાની નાની બાબતે હેરાન કર્યા કરે છે અને મેણા ટોણા મારે છે. કામથી નીકળું એટલે ક્યાં જાય છે? શું કરવા જાય છે? કોણે પૂછીને નીકળી? કીધા વગર નીકળી પડી એવા શબ્દો બોલે છે. મે પિયરવાળાને સમજવવા બોલાવ્યા તો મારાં સસરા બોલવા લાગ્યા કે, કોણે પૂછીને બોલાવ્યા? અમને કીધા વગર તારે જવાની શું જરૂર પડી? તેમ કહી મારાં પિયરવાળાને અપશબ્દો બોલી કાઢી મુકતા હતા. મારી સાથે રોજ સસરા દ્વારા ત્રાસ આપવામાં આવે છે.

## પરીક્ષામાં હાજર વિદ્યાર્થીઓને ગેરહાજર દર્શાવાયા હોવાનો આક્ષેપ

| (એજન્સી) રાજકોટ,તા.૫ |

ગુજરાતની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અવાર-નવાર કોઈને કોઈ કારણોસર સતત વિવાદમાં રહે છે. આ વખતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં યોજાયેલી પરીક્ષામાં હાજર વિદ્યાર્થીઓને ગેરહાજર દર્શાવવામાં આવતાં વિવાદ સર્જાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બીકોમમાં અભ્યાસ કરતાં અભિષેક ચાવડાએ આક્ષેપ કરતાં કહ્યું છે કે ચાલુ વર્ષે એપ્રિલ મહિનામાં બી.કોમની પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષામાં હું હાજર હતો તેમછતાં યુવનિવર્સિટીએ મને ગેરહાજર ગણાવ્યો છે. જેના પુરાવા મારી પાસે છે. આજથી ૧૫ દિવસ પહેલાં મેં યુનિવર્સિટીમાં રજૂઆત કરી હતી પરંતુ હજુ સુધી કોઈ રિસ્પોન્સ મળ્યો નથી. પોલીસ દ્વારા પણ અરજી આપવામાં આવી છે તેમ છતાં યુનિવર્સિટી દ્વારા કોઈ જવાબ આપવામાં આવતો નથી. યુનિવર્સિટી દ્વારા માત્ર એટલું જ કહેવામાં આવે છે કે તમારી ભૂલ સુધારી દેવામાં આવશે પરંતુ કોઈ રિસ્પોન્સ મળતો નથી. જો યુનિવર્સિટી આ પરીક્ષા મને પાસ ન કરે તો મને આગળ તકલીફ પડે એમ છે. મારે આગળ માસ્ટર કરવાનું છે, જેમાં એડમિશન લેવું મને મુશ્કેલ પડીએ જશે. મારું રિઝલ્ટ સુધારવામાં આવે તેવી યુનિવર્સિટીને અપીલ કરું છું. આવા અનેક વિદ્યાર્થીઓ છે જેમની સાથે આ પ્રકારે બન્યું છે. અન્ય એક વિદ્યાર્થીએ બીકોમ સેમેસ્ટર ૬ની પરીક્ષા આપી હતી, તેમછતાં તેને ગેરહજર ગણાવ્યો છે. પરીક્ષા આપનારા અને કાગળ ઉપર ગેરહાજર રહેનારા છાત્રો પણ સામે આવ્યા છે. હોલટિકિટમાં સુપરવાઈઝરની સહી હોવાનું સામે આવ્યું છે. પરીક્ષા વિભાગ દ્વારા વારંવાર છબરડા કરતા હોવાનો NSUIએ આક્ષેપ કર્યો છે. યુનિવર્સિટીની બેદરકારી ભોગ બનતાં અનેક છાત્રોના પરિણામો લટકી ગયા છે.

